કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૪ જૂન, ૨૦૨૬ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૪ ◆વર્ષ : 33 ◆પાના -૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆GUJGUJ/2008/25151 ◆સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧૪ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## વિકસિત ભારત માટે નવી પેઢી બને કટિબદ્ધ

# મોદીજીના નેતૃત્વમાં કચ્છનો બેનમૂન વિકાસ : કાંતિ અમૃતિયા







મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભુજના ખેંગારબાગ ખાતે વિશેષ પ્રદર્શનને પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયા સહિતના મહાનુભાવોના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રદર્શનીમાં વિતેલા ૧૨ વર્ષ દરમિયાન થયેલ વિકાસની ઝાંખીને કચ્છવાસીઓએ નિહાળી હતી.



પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાને કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છના સ્થાનિક સ્વરાજ્યના પ્રભારી ફલજીભાઈ ચૌધરી જિલ્લા ભાજપના મહામંત્રી ધવલભાઇ આચાર્ય, ભીમજીભાઈ જોધાણી, હિતેશભાઈ ખંડોર અને પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ આવકાર આપ્યો તે વેળાની તસ્વીર.

## ભુજની મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું : પ્રભારી મંત્રીશ્રીએ પ્રબુદ્ધ નાગરિકોને રાષ્ટ્રનિર્માણમાં જોડાવા આહવાન કર્યું



મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થયાના અવસરે ભુજમાં આયોજીત શ્રેણીબદ્ધ કાર્યક્રમોના પ્રારંભે પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયા સહિતના મહાનુભાવોએ લેકવ્યું હોટલ પાસે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું.



ભુજના આરોગ્ય પથ ખાતે વોકવેથી પ્રગતિપથ સાઈકલ યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયા સહિતના આગેવાનોએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. કચ્છના સાંસદ સહિત યુવાનો અને નાગરિકો સાઈકલયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા.

ભુજ - કચ્છઉદય : ભુજની મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે આજે પ્રબુદ્ધ નાગરિકનું અંતર્ગત 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શહેરના તબીબો, શિક્ષણવિદો, વકીલો અને અગ્રણી પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ પદેથી સંબોધન કરતા કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષોમાં દેશે વિશ્વાસ અને વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. આજે ભારત વૈશ્વિક પટલ પર એક મજબૂત શક્તિ તરીકે ઉભરી આવ્યું છે અને આ વિકાસયાત્રાને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સરકાર કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતુ કે, વર્ષ ૨૦૪૭

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન -અમેરિકા વચ્ચે ઐતિહાસિક કરારનો તખતો

### હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલશે, ઇરાન સાથે આજે 'Peace deal'પર થશે સાઇન,ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જાહેરાત

નવી દીલ્હી : વર્ષોથી ચાલી રહેલા તણાવ બાદ મધ્ય પૂર્વમાં શાંતિના નવા પવન ફૂંકાઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત મહત્વપૂર્ણ દાવો કરતા જણાવ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે એક ઐતિહાસિક શાંતિ કરાર આજે હસ્તાક્ષર થવા જઈ રહ્યો છે. આ કરારથી માત્ર પ્રાદેશિક સ્થિરતા જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્વની એવી હોર્મુઝની સ્ટ્રેટ પણ તમામ દેશો માટે ફરીથી ખુલી જશે.ટ્રમ્પના મતે, ઈરાન સાથેના વર્તમાન સંબંધો અગાઉની સરકારોની તુલનામાં ખૂબ જ અલગ અને સકારાત્મક છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ સોદામાં ઓબામા વહીવટીતંત્રના JCPOA કરારથી વિપરીત કોઈ પણ પ્રકારનું નાણાકીય લેણદેણ કરવામાં આવશે નહીં. ટ્રમ્પે ભૂતકાળના JCPOA સોદાની ટીકા કરતા તેને પરમાણુ શસ્ત્રો મેળવવાનો "સરળ અને સીધો માર્ગ" ગણાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે જો તે સોદો ચાલુ રહ્યો હોત, તો ઈરાન ક્યારનુંય પરમાણુ સજ્જ થઈ ગયું હોત.આ નવા સોદાની સૌથી મોટી વિશેષતા તે પરમાણુ શસ્ત્રોની ગેરહાજરીની ખાતરી છે.

## રાજ્યમાં લોકરક્ષક ભરતીની લેખિત પરીક્ષાનો પ્રારંભ

### ૮૭૯ કેન્દ્રો પર ૨.૬૩ લાખથી વધુ ઉમેદવારો લેખીત પરીક્ષા આપશે

ગાંધીનગરઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની કુલ ૧૨,૭૩૩ જગ્યાઓ માટે આજે રાજ્યભરના ૮૭૯ પરીક્ષા કેન્દ્રો પર કડક સુરક્ષા અને પારદર્શક વ્યવસ્થાઓ વચ્ચે લેખિત પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ કરવામાં આવ્યો છે. સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થયેલી પરીક્ષા બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાઈ રહી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા અગાઉ લોકરક્ષક ભરતી માટે યોજાયેલી શારીરિક કસોટીમાં ભાગ લેનારા અંદાજે ૬.૩૬ લાખ ઉમેદવારોમાંથી ૨,૬૩,૩૪૫ ઉમેદવારો સફળ જાહેર થયા હતા. આ ઉમેદવારો આજે યોજાયેલી લેખિત પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા.

# ભૂકંપ પછીનું બેઠું થયેલું કચ્છ એક મિશાલ : કાંતિ અમૃતિયા




ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સુશાસનની ઉપલબ્ધિઓને પ્રજા સમક્ષ લાવવા માટે ભુજ ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'મીડિયા સંવાદ' કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ પત્રકારો સાથે ખાસ વાતચીત કરી હતી. આ પ્રસંગે તેમણે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૬ વર્ષના શાસનકાળ (૧૪ વર્ષ રાજ્ય સરકાર અને ૧૨ વર્ષ કેન્દ્ર સરકાર) દરમિયાન કચ્છમાં થયેલા વિકાસ કાર્યોની વિસ્તૃત ચર્ચા કરી હતી.

પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જૂની યાદો તાજી કરતા જણાવ્યું હતું કે, ૧૯૭૯ની મોરબી હોનારત હોય કે ત્યારબાદ આવેલો ભયાનક ભૂકંપ, નરેન્દ્રભાઈ મોદી હંમેશા એક સાચા સેવકની જેમ લોકોની પડખે ઊભા રહ્યા છે. ભૂકંપ સમયે જ્યારે એવી આશંકા હતી કે કચ્છ ફરી ક્યારેય બેઠું નહીં થઈ શકે, લોકો અને પશુધન અહીંથી પલાયન કરી જશે, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છને વૈશ્વિક ફલક પર ચમકાવવાનો સંકલ્પ લીધો હતો. આજે તેમનો એ સંકલ્પ સાકાર થયો છે અને કચ્છ વિશ્વભરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મીડિયાની ભૂમિકાને બિરદાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પત્રકારો કલમના માહિર છે. સાચો પત્રકાર એ છે જે રાજકીય નેતાઓને સતત જાગૃત રાખે છે. હું પોતે વર્ષોથી રાજકારણમાં છું અને અખબારો તેમજ સોશિયલ મીડિયાના કટિંગ્સ અને અહેવાલો જોઈને હંમેશા જનહિતના કાર્યો માટે પ્રેરિત થઉં છું. તેમણે પત્રકારોને અનુરોધ કર્યો હતો કે ૨૫ વર્ષ પહેલાંનું કચ્છ કેવું હતું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે કેવું ભવ્ય કચ્છ બન્યું છે, તેની સાચી દિશા અને વાસ્તવિકતા પ્રજા સમક્ષ લાવવામાં આવે. સરકારે કરેલા સારા ભૌગોલિક અને વિકાસલક્ષી કાર્યોને મીડિયાના પ્લેટફોર્મ દ્વારા લોકો સુધી પહોંચાડવા તેમણે અપીલ કરી હતી.

મીડિયાને સંબોધતા પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ના મંત્રને કારણે આજે દેશ પ્રગતિના

અનુસંધાન પાના નં.૪ પર



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનમાં દેશ સંરક્ષણ અને જનકલ્યાણ ક્ષેત્રે આત્મનિર્ભર બન્યોઃ કચ્છ ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરી**



**ગરીબ-મધ્યમ વર્ગના ઉત્થાન માટે વડાપ્રધાન મોદી કટિબદ્ધ : અનિરુદ્ધભાઈ દવે**




**વડાપ્રધાનના નેતૃત્વમાં દેશ પ્રગતિના પંથે અગ્રેસર : વિનોદભાઈ ચાવડા**



‘સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૪ નમો કપ”

# મેગા ફાઇનલ મેચ બની સ્પોર્ટ્સમેન સ્પિરિટનું ઉન્નત સંવર્ધન









ભુજ - કચ્છ ઉદય : કચ્છ લોકસભા તથા સમાજ નવ નિર્માણ ટ્રસ્ટ - ભુજ દ્વારા ઓપન કચ્છ ડે - નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ “સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૪ નમો કપ” ની “મેગા ફાઈનલ મેચ”શુક્રવારે ભુજ શહેરના જયુબિલી ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. આ ફાઈનલ મેચ સાંજે ૭ વાગ્યે મહાનુભાવો - લોકસભા પરિવાર તેમજ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ - ભુજના ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં યોજાયઈ હતી.

આ પ્રસંગે દરરોજ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા સાથે તેમને બિરદાવવા ઉપસ્થિત રહેલ સર્વેનું આભાર માનતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું કે, સ્પોર્ટ્સ સમાજના યુવાનોમાં એકતા અને ઉત્સાહનો એક પ્રચંડ ભાવ ઉત્પન્ન કરે છે અને પરસ્પરના સદભાવ અને સાહચર્યમાં અભિવૃદ્ધિ કરે છે. આ માત્ર એક ક્રિકેટ મેચ નથી, પરંતુ સામાજિક એકતા સાથે તંદુરસ્ત સ્વાસ્થ્ય અને રમતગમત પ્રત્યે જાગૃતિ લાવતો સરાહનીય પ્રયાસ છે તથા દરેક ખેલાડીમાં મનોબળ, શિસ્ત અને સ્પોર્ટ્સમેન સ્પિરિટનું ઉન્નત સંવર્ધન કરવાનું છે. સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૧, ૨, અને ૩ ની ભવ્ય સફળતા બાદ આ વર્ષે “સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪ – નમો કપ” નું તા.૩/૫/૨૦૨૬ ના પ્રારંભ કરવામાં આવ્યું અને કુલ ૪૨ દિવસની મેચમાં કુલ ૪૩૩ ટિમોમાં કુલ ૬૯૯૫ ખેલાડીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. તદઉપરાંત ૧૩ મહિલા ટિમના ૧૪૫ મહિલા ખેલાડીઓ એ ૩ દિવસમાં ૧૨ જેટલી મેચો રમી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સાંસદે જણાવ્યું હતું કે, આ ક્રિકેટ ટુર્નામેન્ટની તા.૧૨/૦૬/૨૦૨૬ ને શુક્રવારે ‘મેગા ફાઈનલ’ મેચમાં છ.એજી-૧૧ ટીમ અને રોયલ-૧૧ ભુજ ટીમ વચ્ચે યોજાયેલ જે મેચમાં છ.એજી ૧૧ ટીમનો ઐતિહાસિક વિજય થયેલ. તેમજ મહિલાની ફાઈનલ મેચમાં સૂર્યા બિલ્ડર ટીમ અને બ્લાસ્ટર-૧૧ વચ્ચે યોજાયેલ જેમાં બ્લાસ્ટર-૧૧ ટીમનો વિજય થયેલ. આ મેચનું લાઈવ પ્રસારણ ‘વિનોદ ચાવડા’ યુટ્યુબ ચેનલ લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. “સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪ નમો કપ” ના તમામ ખેલાડીઓને પ્રોત્સાહન અને શુભેચ્છા પાઠવવા ભારત અંડર-૧૯ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના પ્લેયર હરવંશસિંઘ પંગાલીયા, સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએસનનાં રણજી ટ્રોફીનાં કોચ મોહનસિંહ જાડેજા, પૂર્વ રણજી ટ્રોફી પ્લેયર સુનિલભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું શાલ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું. તેમજ સર્વે મહાનુભાવોઓએ આ ‘મેગા ફાઈનલ મેચ’ ખુબ ઉત્સાહ અને ઉમંગ સાથે માણી હતી. આ ઉપરાંત મેચ નિહાળવા પધારેલા સૌ ક્રિકેટ રસિકો અને યુવાનોએ હાજર રહી ક્રિકેટનો આનંદ માણ્યો હતો. દરેક ૪૦૦ + ટીમોનાં મેચ દરમ્યાન સમય - સહકાર આપતાં કાર્યકરો - મહાનુભાવોનાં સન્માન અને ‘મેગા ફાઈનલ મેચ’માં ભાગ લેતી બંને ટીમોને પ્રોત્સાહન સ્વરૂપે વિજય કપ અર્પણ કરવામાં આવેલ, સાથે મેન ઓફ ધ સીરીઝ, બેસ્ટ બેસ્ટમેન, બેસ્ટ બોલર, બેસ્ટ કીપર, બેસ્ટ ફિલ્ડર, બેસ્ટ કેચ, સેન્ચ્યુરી કરનાર ખેલાડીઓ, ૫ વિકેટ લેનાર ખેલાડીઓ, વધારે રન કરનાર ખેલાડીઓ (પુરુષ તથા મહિલા ટીમો) ને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા. ‘સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪ - નમો કપ’ અંતર્ગત આજની ‘મેગા ફાઈનલ મેચ’ ખૂબજ ઉત્સાહભરી અને હૃદયસ્પર્શી રહી હતી. આ પ્રસંગે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ રવિભાઈ ગરવા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ હિતેશભાઈ ગોસ્વામી, ઉપપ્રમુખ દિપકભાઈ ડાંગર, જિલ્લા ભાજપ મહામંત્રી ભીમજીભાઈ જોધાણી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રફુલસિંહ જાડેજા અને આશિકાબેન ભટ્ટ, જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ રામભાઈ ગઢવી, મહામંત્રી ભાર્ગવભાઈ શાહ, જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી વિરમભાઈ આહીર, અંગદાનના પ્રણેતા દિલીપભાઈ દેશમુખ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસભાઈ સુંડા, પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષભાઈ બારોટ, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, ઉપપ્રમુખ જયંતભાઈ ઠક્કર, મંત્રી નરેશભાઈ પટેલ, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ બરાડીયા, મહામંત્રી દિનેશભાઈ ઠક્કર, લખપત તાલુકા ભાજપ પ્રમુખ ગણપતભાઈ રાજગોર, નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેશરાણી, માંડવી તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવી, માંડવી શહેર ભાજપ મહામંત્રી કિશનસિંહ જાડેજા, માંડવી શહેર યુવા ભાજપ મહામંત્રી શક્તિસિંહ ઝાલા, ભુજ નગરપાલિકા પ્રમુખ શિતલભાઈ શાહ, ઉપપ્રમુખ બિંદીયાબેન ઠક્કર, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, કાઉન્સિલર મનિષાબેન સોલંકી, પ્રકાશભાઈ મહેશ્વરી, દિલીપભાઈ હડિયા, મયંકભાઈ રૂપારેલ, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, નખત્રાણા નગરપાલિકાના પ્રમુખ વસંતભાઈ વાઘેલા, દંડક જાગૃતિબેન ઠક્કર, મુન્દ્રા-બારોઇ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજભાઈ ગઢવી, કારોબારી ચેરમેન ધર્મેન્દ્રસિંહ ઝાલા, માંડવી તાલુકા પંચાયતના સત્તા પક્ષના નેતા કિર્તીભાઈ ગોર, માંડવી નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન વિશાલભાઈ ઠક્કર, પુર્વ જીલ્લા પંચાયત સદસ્ય કેશવજીભાઈ રોશિયા, સમાજ નવ નિર્માણ ટ્રસ્ટના અરવિંદભાઈ લેઉવા, પ્રકાશભાઈ પટેલ, ગોકુલભાઈ ડાંગર, યોગેશભાઈ ત્રિવેદી, શંકરભાઈ પરમાર, પ્રવિણભાઈ વાણીયા, નિલેશભાઈ દાફડા, નિલયભાઈ ગોસ્વામી, રાજેશભાઈ ગોર, કુલદીપસિંહ જાડેજા, રાજુભાઈ રબારી, મયુરસિંહ જાડેજા, હેમેન્દ્રભાઈ જણસારી, મહેશભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

## સાંસદશ્રીના નમો કપ આયોજનને વધાવતા પૂર્વ ભટ્ટે વરિષ્ઠોનો માન્યો આભાર



ભુજ : તાજેતરમાં કચ્છ જિલ્લામાં રમાઈ ગયેલી ભવ્ય ‘નમો કપ’ ક્રિકેટ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં એક વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં તાજેતરમાં જ કચ્છમાથી એકમાત્ર રાષ્ટ્રીય ક્રીકેટ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદશન કરનાર અને ઊભરતા યુવા ખેલાડી પૂર્વ ભટ્ટે મંચ પરથી પોતાના વિશિષ્ટ સન્માન બદલ ઋણાનુભાવ સાથેવિચારો વ્યક્ત કરી વડીલો અને માર્ગદર્શકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. પૂર્વ એ જણાવ્યું હતું કે, કચ્છના લોકલાડીલા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા દ્વારા યુવાનો માટે આટલી સુંદર ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. રમતગમતના નાનામાં નાના પાસાઓને ધ્યાનમાં રાખીને કરાયેલા આ સરાહનીય કાર્ય બદલ ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી સાંસદશ્રીને વધાવી લીધા હતા. આ તકે યુવા ખેલાડી ભટ્ટે પોતાની ક્રિકેટ સફરમાં યોગદાન આપનાર વડીલો અને સંસ્થાઓને યાદ કરી આભાર પ્રગટ કર્યો હતો. શ્રી રસિકલાલભાઈ ભટ્ટ (દાદા): જેઓ ‘કચ્છ ક્રિકેટ એસોસિએશનમાં સતત ૨૦ વર્ષ સુધી સેક્રેટરી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે, તેમના માર્ગદર્શન અને વારસા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.શ્રી ગંગારામભાઈ ભાનુશાલી: ‘કચ્છ ઉદય’ અખબારના માધ્યમથી તથા તેઓશ્રી તરફથી પણ સતત પ્રોત્સાહન આપવા બદલ તેમનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.ડૉ. નીમાબેન આચાર્ય: પૂર્વ અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભાતરફથી મળેલા આશીર્વાદ અને સહકારને યાદ કર્યા હતા. કચ્છ ડિસ્ટ્રિક્ટ રૂરલ ક્રિકેટ એસોસિએશન: ગ્રામીણ સ્તરેથી ક્રિકેટ રમવાની અને આગળ વધવાની ઉત્કૃષ્ટ તક આપવા બદલ શેખરભાઈ અયાચી-શરદભાઈ શેટ્ટી-રવિન્દ્ર આચાર્ય, સહિતનાઓ પ્રત્યે ઋણ વ્યકત કર્યો હતો. પોતાના સિનિયર અને અંડર-૧૯ (-૧૯) ના વિજેતા ખેલાડી હરવંત સિંહ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે તેઓ અંડર-૧૯ રમતા હતા ત્યારે હું અંડર-૧૪ નો કેડીઆરસીએનો કેપ્ટન હતો. હરવંત સિંહની રમત હંમેશા મારા માટે પ્રેરણારૂપ બની રહી છે. ભવિષ્યમાં પણ કચ્છના યુવાધનને પ્રોત્સાહન આપવા માટે આવા કાર્યક્રમો અને ટૂર્નામેન્ટો સતત યોજાતી રહે તેવી આશા સાથે સૌનો પૂર્વએ આભાર વ્યક્ત કર્યો હતો.

કચ્છના કીકેટક્ષેત્રમાં ઉગતા સીતારા

કચ્છ-બ્રહ્મસમાજ- સ્વ.રસીકલાલ ભટ્ટ પરિવારનું ગૌરવ : ત્રીજી પેઢીનું ક્રીકેટક્ષેત્રમાં નેશનલ કક્ષાએ શ્રેષ્ઠ પદાર્પણ

# પૂર્વ ભટ્ટ રાષ્ટ્રીય ક્રીકેટરનું વિશિષ્ટ બહુમાન






**કચ્છ લોકસભા ઓપન-ડે નાઈટ સાંસદ ક્રીકેટ ટુર્નામેન્ટ(સીઝન-૪)ના ભવ્ય મેગાફાઈનલમાં સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ભારતની અન્ડર-૧૯ની વિશ્વકપ વીજેતા ટીમના ખેલાડી હરવંશસિંહ પંગલીયા, ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અબડાસા ધારાસભ્યશ્રી પ્રદુમનસિંહ જાડેજા, પશ્ચીમ કચ્છ એસપીશ્રી વિકાસ સુંડા, રણજી ટ્રોફીના પૂર્વ પ્લેયર્સ-કોચ સહીતનાઓની ઉપસ્થિતીમાં પૂર્વ ભટ્ટએ સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયાની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતની ટીમમાથી રમીને પ્રિનેશનલની બે મેચોમાં મેન ઓફ ધી મેચ તથા તેલંગાણા મધ્યે દાખવેલ ઉત્કૃષ્ટ પ્રદર્શનની સિદ્ધીઓનીની ઉપસ્થીત આગેવાનો-મોભીઓ દ્વારા કરાઈ સરાહના**



**મારી રાષ્ટ્રીય ટીમ માટેની પસંદગીમાં મારા દાદાશ્રી સ્વ. રસીકલાલ ભટ્ટ, શ્રી ગંગારામ દાદા(કચ્છઉદય પરીવાર), સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ડો.નિમાબેન આચાર્ય, કેડીઆરસીએના પ્રમુખશ્રી શેખરભાઈ, સેક્રેટરી શરદભાઈ શેટ્ટી, ટીમ કેસીએ, મારો સમગ્ર પરીવાર, પ્રશિક્ષકશ્રી મુકેશભાઈનાઓ એ મને તન-મન અને ધનથી આપેલ સહયોગ-સહકાર બદલ આજનું મારૂં સન્માન હું તે બધાયને અર્પણ કરૂં છું અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટની સમગ્ર ટીમનો હદયપૂર્વકનો આભાર માનું છું :**

**સન્માન બદલ પૂર્વ ભટ્ટનો હદયભાવ**

ગાંધીધામ: કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટૂર્નામેન્ટ (સીઝન-૪) અંતર્ગત યોજાયેલ ભવ્ય મેગા ફાઈનલના પાવન અવસરે, ક્રિકેટ ક્ષેત્રે પોતાની અનોખી અને અદભુત પ્રતિભાના જોરે રાષ્ટ્રીય સ્તરે ઝળકેલા કચ્છના લાડલા દીકરા પૂર્વ આનંદકુમાર ભટ્ટ (SGFI - School Games Federation of India - ક્રિકેટ નેશનલ પ્લેયર) મહાનુભાવોની ઉપસ્થિતીમાં કચ્છ-મોરબી લોકસભાના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાના વરદહસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું છે.

ભુજ મધ્યે તાજેતરમાં જ તા. ૧૨/૬/૨૬ના રોજ જયુબલી ગ્રાઉન્ડ મધ્યે કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટૂર્નામેન્ટ સીઝન-૪ (નમો કપ - મેગા ફાઈનલ) જંગ યોજાયો હતો. અગાઉ વિશ્વરેકોર્ડ સ્થાપિત થયેલ આ સ્પર્ધાના મેગાફાઈલનના ઈનામ વિતરણ સમારોહનું આયોજન વિવિધ મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતીમાં યોજવામા આવ્યો હતો. સમાજ નવનિર્માણ ટ્રસ્ટ આયોજીત આ સમોરાહની ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અને રાજ્ય અને સ્થાનિક પ્રશાસનના અનેક વરિષ્ઠ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ૧૨ વર્ષની ઉંમરથી જ દાદા સ્વ.રસીકભાઈ ભટ્ટ પાસેથી પ્રાથમિક મહત્પવૂર્ણ ક્રીકેટનુ પ્રશિક્ષણ મેળવનાર પૂર્વ ભટ્ટ કેડીઆરસી અન્ડર ૧૪માં એક વખત કેપ્ટન પદે યશસ્વી ભુમિકા ભજવી ચુકયો છે, ઉપરાત અન્ડર ૧૬માં પણ ડીસ્ટ્રીકટમાં રમીને શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ છે. ખાનગી લીગ સ્પર્ધા વાયએસસીએલમાં પણ ગુજરાત જેગુઆર્સની રાજયની ટીમમાં પૂર્વ ભટ્ટ પસંદગી પામી ત્રણ મેચો રમી ચુકયો છે. તો વળી તેની રાષ્ટ્રીય સ્તરની સિદ્ધીઓની વાત કરીએ તો પૂર્વ બે વખત એસજીએફઆઈની ગુજરાતની ટીમના ૪૦ સંભવત ખેલાડીઓમાં પસદગી પામ્યા બાદ ચાલુ વર્ષે પૂર્વ અન્ડર ૧૭માં ગુજરાતની ટીમના ૧૧ ખેલાડીઓમાં પસંદગી પામી પ્રથમ પ્રિનેશનલ કેમ્પમાં અને મેચોમાં ઝળહળતું ઓલરાઉન્ડીંગ પર્ફોમન્સ કરીને મેન ઓફ ધી મેચનો ખિતાબ હાંસલ કર્યો હતો. કચ્છમાથી એકમાત્ર પૂર્વ ભટ્ટ આ વખતે નેશનલ ક્રીકેટ સ્પર્ધામાં પસંદગી પામી તેલંગાણા મધ્યે પોતાના કાંડાની કૌવત બોલીંગ ક્ષેત્રે દશાવી કચ્છી હીર ઝળકાવ્યું હતુ. કેસીએના ૨૦ વર્ષ સુધી સેક્રેટરી રહેલા સારા ક્રીકેટર અને અચ્છા રમતવીર દાદા સ્વ. રસીકભાઈ ભટ્ટ, તે બાદ તેમના પુત્ર મુકેશ ભટ્ટ જયારે ભારતમાં હતા ત્યારે રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પસંદગી પામ્યા હતા, તે બાદ ક્રીશ ભટ્ટ અને હવે પૂર્વ ભટ્ટે ભારતના ક્રીકેટ જગતમાં રાષ્ટ્રીય કક્ષાએ ડંકો ગજવવાનું શરૂ કરી દીધું છે. કચ્છના ક્રીકેટ ક્ષેત્રના ઉગતા ખેલાડી પૂર્વ ભટ્ટની આ અનોખી સિદ્ધીઓ બદલ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાના હસ્તે તેમનું વિશિષ્ટ બહુમાન કરવામા આવ્યુ હતુ અને ઉત્તરોત્તર પ્રગતિ સિદ્ધ કરવાની શુભકામના પાઠવાઈ હતી. આ વેળાએ કાર્યક્રમમાં શ્રી હરવંશસિંગ પંગાલીયા( ભારતની અંડર-૧૯ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના સ્ટાર પ્લેયર,શ્રી કેશુભાઈ પટેલ ( ધારાસભ્યશ્રી - ભુજ), શ્રી પ્રદુમનસિંહ જાડેજા (ધારાસભ્યશ્રી - અબડાસા)શ્રી વિકાસ સુંડા (એસ.પી. શ્રી - પશ્ચિમ કચ્છ),શ્રી મનીષ બારોટ (માનનીય હોમગાર્ડ કમાન્ડન્ટશ્રી) તથા રમતજગતની વિશેષ ઉપસ્થિતિમાં મોહનસિંહ જાડેજા, રણજી ટ્રોફી કોચ, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન, સુનિલ શુક્લ: પૂર્વ રણજી ટ્રોફી પ્લેયર સહીતનાઓ પૂર્વને ક્રીકેટ રમતક્ષેત્રે વધુ આગળ વધવાની પ્રેરણા આપવા માટે અનેક દિગ્ગજો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છની પાવન ધરતી પર રમાયેલા આ નમો કપ ના ભવ્ય મહાકુંભમાં, જ્યારે હજારો રમતપ્રેમીઓ, ધારાસભ્યશ્રીઓ, વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને દિગ્ગજ રમતવીરો ઉપસ્થિત હતા. પૂર્વે ક્રિકેટના મેદાન પર પોતાના શાનદાર પ્રદર્શનથી માત્ર પોતાના પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર કચ્છ અને બ્રહ્મસમાજનું નામ દેશભરમાં રોશન કર્યું છે. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યશ્રીઓ, એસ.પી. શ્રી અને ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પૂર્વની આ અનોખી સિદ્ધિને મુક્તકંઠે બિરદાવી હતી અને તેને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ તેમજ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને લઈ કચ્છમાં ઉત્સાહનો માહોલ



ગાંધીધામ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા યોગઋષિ સ્વામી રામદેવજી મહારાજની પ્રેરણાથી ૨૧ જૂનના ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમગ્ર કચ્છ જિલ્લામાં પતંજલિ યોગ સમિતિ દ્વારા ઉત્સાહભેર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લામાં કોમન યોગ પ્રોટોકોલનો નિયમિત અભ્યાસ ચાલી રહ્યો છે અને વધુમાં વધુ લોકોને યોગ સાથે જોડવા માટે પતંજલિ પરિવારના કાર્યકરો તથા યોગ સાધકો તનમનથી કાર્યરત છે. પ્રાચીન ભારતની અમૂલ્ય ભેટ એવા યોગને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવવામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે. તેમના પ્રયાસોથી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દ્વારા ૨૧ જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે માન્યતા આપવામાં આવી હતી. કચ્છ જિલ્લામાં પણ ગામે-ગામ યોગ પ્રશિક્ષણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. નમસ્કાર આસન, વિવિધ યોગાસનો, પ્રાણાયામ વગેરે તેમજ ધ્યાનની પદ્ધતિઓનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. કાર્યક્રમોમાં મહિલાઓ, યુવાનો, વરિષ્ઠ નાગરિકો અને સામાન્ય નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

# ગાંધીધામ એ-ડિવીઝન પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત ગુમ થયેલા ૯ મોબાઈલ પરત કરાયા







ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ અલગ-અલગ કંપનીના કુલ ૦૯ મોબાઈલ ફોન (કુલ કિંમત રૂ. ૨,૦૦,૪૦૦/-) ને CEIR પોર્ટલની મદદથી શોધી કાઢવામાં આવ્યા છે. સરહદી રેન્જ ભુજ-કચ્છના આઈજીપી શ્રી ચિરાગ કોરડીયા, પૂર્વ-કચ્છ ગાંધીધામના એસપી શ્રી સાગર બાગમાર અને અંજાર વિભાગના ડીવાયએસપી શ્રી મુકેશ ચૌધરીની સૂચનાથી ચોરાયેલ કે ગુમ થયેલ મુદ્દામાલ શોધીને મૂળ માલિકને સોંપવા માટે આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ. જે.રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓએ આ તમામ ફોન ટ્રેસ કરીને તેના અસલી માલિકોનો સંપર્ક કરી સુરક્ષિત રીતે પરત સોંપી દીધા છે.

# અંત્યોદયનો વિકાસ સરકારની પ્રાથમિકતા : કાંતિભાઈ અમૃતિયા





**ભુજમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સુશાસનની ઉપલબ્ધિઓ અંતર્ગત જન કલ્યાણ શિબિર યોજાઈ : લાભાર્થીઓને વિવિધ યોજનાઓના ચેક વિતરણ કરાયા**

**કચ્છના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેડીસીસી બેંક હોલ ખાતે યોજાયો કાર્યક્રમ : સરકારી યોજનાઓના સીધા લાભો આપી પ્રજાલક્ષી વહીવટની પ્રતીતિ કરાવાઈ**

ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષના સુશાસનની વિવિધ લોકાભિમુખ ઉપલબ્ધિઓને પ્રજા સમક્ષ લાવવા અને જન-જન સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાના હેતુથી કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે આજે વિવિધ જનજાગૃતિ અને કલ્યાણકારી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમોના ભાગરૂપે ભુજ શહેરના કેડીસીસી બેંક હોલ ખાતે એક વિશાળ જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ પસંદગી પામેલા અસંખ્ય લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સહાયના ચેકનું વિતરણ કરીને તેમને આર્થિક રીતે પગભર કરવાનો પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમના પ્રારંભે કેડીસીસી બેંકના ઉચ્ચ હોદ્દેદારો દ્વારા મંચ પર બિરાજમાન તમામ આમંત્રિત મહાનુભાવોનું કચ્છની પવિત્ર અને ગૌરવશાળી પરંપરા અનુસાર કચ્છી શાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભેર સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના શાસનકાળ દરમિયાન દેશમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ કાર્યો અને ગરીબ કલ્યાણની યોજનાઓની વિગતવાર માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે સરકાર છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવા માટે કટિબદ્ધ છે.

આ પ્રસંગે કચ્છ જિલ્લાના પ્રભારી ફલજીભાઈ ચૌધરી અને કચ્છ સંસદીય મત વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ પ્રજાલક્ષી નીતિઓની સરાહના કરી હતી. કાર્યક્રમમાં વહીવટી તંત્રના વડા જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ પણ ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે પણ પ્રજાના કલ્યાણ માટે સતત કાર્યરત રહેવાની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ, કેડીસીસી બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવી, ઈન્દ્રજીતસિંહ જાડેજા, ભુજ શહેર ભાજપ પ્રમુખ મિત ઠક્કર, ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોળ, કમલ ગઢવી સહિતના આગેવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓએ હાજર રહ્યા હતા.

## પહેલા પાનાથી... મોદીજીના નેતૃત્વમાં





સુધીમાં ભારતને એક સંપૂર્ણ 'વિકસિત ભારત' બનાવવાનો જે સંકલ્પ લેવાયો છે, તેને સાકાર કરવામાં સમાજના પ્રબુદ્ધ નાગરિકો અને બુદ્ધિજીવીઓનો ફાળો સૌથી મહત્વનો રહેશે. આપ સૌના સકારાત્મક વિચારો, સમર્પણ અને સક્રિય ભાગીદારી થકી જ આપણે એક આત્મનિર્ભર અને સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું. કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને કચ્છનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. ૧૯૮૫ અને વર્તમાન સમયની સરખામણી કરતાં તેમણે ઓનલાઈન સબસિડી, પશુપાલન અને શિક્ષણ ક્ષેત્રે થયેલા વ્યાપક સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો, તેમજ ભૂકંપ બાદ કચ્છ બેઠું થયું અને રણોત્સવના માધ્યમથી આજે વૈશ્વિક ફલક પર ચમકી રહ્યું છે તેની ગૌરવભેર નોંધ લીધી હતી. મંત્રીશ્રીએ મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગપતિઓ પણ હવે કચ્છમાં પરત આવી રોકાણ કરવા ઈચ્છુક હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને સાકાર કરવા માટે નવી પેઢીએ કટિબદ્ધ થવું પડશે અને સૌ સાથે મળીને કચ્છના વિકાસને વધુ ઊંચાઈ પર લઈ જશે.

કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે પ્રબુદ્ધ સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ગરીબ કલ્યાણ અને સુશાસનના સફળ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે, જે અંતર્ગત માત્ર સરકારી પ્રશંસા કરવાને બદલે જન-જન સુધી પહોંચીને સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ જેવા રચનાત્મક કાર્યો થકી આ ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૪ પછી દેશમાં આર્થિક, સાંસ્કૃતિક અને સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે, જેના કારણે ભારત આજે વિશ્વની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાં સ્થાન પામી સંરક્ષણ ક્ષેત્રે પણ આત્મનિર્ભર અને નિકાસકાર દેશ બન્યો છે.

પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધતા કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ કાર્યોની વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત લાંબા સમય સુધી વડાપ્રધાન પદે રહીને દેશની સેવા કરવાનો એક ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. ગુજરાતથી શરૂ થયેલી વિકાસની રાજનીતિ આજે સમગ્ર દેશમાં વ્યાપી ગઈ છે. વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમાં ૯૧,૨૮૭ કિલોમીટરના નેશનલ હાઈવે હતા, જે ૧૨ વર્ષના શાસનમાં વધીને ૧,૪૬,૦૦૦ કિલોમીટર થયા છે. તેવી જ રીતે એરપોર્ટની સંખ્યા ૭૪ થી વધીને ૧૬૪ થઈ છે અને દેશના ૧૩૦૦ જેટલા રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરીને તેમને એરપોર્ટ જેવા સુવિધાજનક બનાવવામાં આવી રહ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, મેટ્રો ટ્રેન લાઈન ૨૪૮ કિલોમીટરથી વધારીને ૧,૦૪૫ કિલોમીટર સુધી લંબાવી આજે ૨૬ શહેરોમાં કાર્યરત કરવામાં આવી છે. આ પૂર્વે ભારત જે મોબાઈલની ૯૦ ટકા આયાત કરતો હતો, તે આજે વડાપ્રધાનના નેતૃત્વમાં વિશ્વમાં મોબાઈલ નિકાસ ક્ષેત્રે બીજા ક્રમે પહોંચી ગયો છે, જે દેશની પ્રગતિની આગવી ઓળખ સમાન છે.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષની વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણની અવિરત યાત્રા થકી દેશની લોકશાહી ઉત્તરોત્તર મજબૂત બની રહી છે. આ ઉજવણીનો મુખ્ય મકસદ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ એક 'સંપૂર્ણ વિકસિત ભારત'નું નિર્માણ કરવાનો છે. તેમણે ઉમેર્યું કે, આ રાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપે નાગરિકોમાં જનજાગૃતિ કેળવાય અને રાષ્ટ્રની ઉન્નતિ માટેના કાર્યોમાં દરેક પ્રભાવશાળી નાગરિક સક્રિય ભૂમિકા ભજવે તે અનિવાર્ય છે. ગુજરાત એ દેશનું 'ગ્રોથ એન્જિન' છે ત્યારે ડબલ એન્જિન સરકારના માધ્યમથી રાજ્યમાં વિકાસના અનેક આયામો સર થઈ રહ્યા છે. સુશાસનના આ ૧૨ વર્ષ આગામી સમયમાં ભવ્ય, દિવ્ય અને અખંડ ભારતના નિર્માણની દિશામાં મહત્વનું કદમ સાબિત થશે. મંત્રીશ્રીએ સંમેલનમાં ઉપસ્થિત તમામ બૌદ્ધિકો, આગેવાનો અને કાર્યકર્તાઓને આવતીકાલના ભારત નિર્માણની આ વિકાસ ક્રાંતિમાં સહભાગી બનવા ખાસ આહવાન કર્યું હતું.

પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરાહના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાને જે કહ્યું તે કરીને બતાવ્યું છે, જેના કારણે જનતામાં એક અતુટ વિશ્વાસ ઊભો થયો છે અને આ સાતત્યપૂર્ણ વિશ્વાસને લીધે જ સતત જનકલ્યાણ થઈ રહ્યું છે. અનિરુદ્ધભાઈ દવેએ નવી પેઢી (જેન ઝી) અને યુવાનોને સંબોધતા જણાવ્યું કે, ૨૦૧૪ પહેલાં દેશના ગામડાઓમાં શૌચાલયની મોટી સમસ્યા હતી અને મહિલાઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. વડાપ્રધાને લાલ કિલ્લા પરથી ગરીબો માટે શૌચાલય બનાવવાની જાહેરાત કરી તેને સાકાર કરી બતાવી છે. આ ઉપરાંત, રાંધણગેસ આપીને માતા-બહેનોને ધુમાડાથી મુક્તિ અપાવી છે. ભૂતપૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, એક સમયે સંસદમાં દેશમાં ડિજિટલ પેમેન્ટની મજાક ઉડાવવામાં આવી હતી. પરંતુ આજે વડાપ્રધાન મોદીએ દેશમાં ડિજિટલ યુગનો પ્રારંભ કરાવીને સામાન્ય શાકભાજી વેચનારથી લઈને કૉલેજના યુવાનો સુધી દરેકને ડિજિટલ પેમેન્ટ કરતા કરી દીધા છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ'ના મંત્રને સાર્થક કરતા આયુષ્માન ભારત કાર્ડ દ્વારા મધ્યમ વર્ગને સ્વાસ્થ્ય સુરક્ષા અને ટેક્સમાં ૧૨ લાખ સુધીની રાહત આપીને સરકારે જનકલ્યાણનો ભાવ પ્રગટ કર્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દેશના વિકાસ માટે સામૂહિક સંકલ્પો લેવામાં આવ્યા હતા અને સમગ્ર હોલ 'ભારત માતા કી જય'ના નારાઓથી ગુંજી ઉઠ્યો હતો.

આ પ્રસંગે પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા, ભુજના નગરપતિ શીતલ શાહ, દેવરાજ ગઢવી, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશ ખંડોળ, ધવલ આચાર્ય, ભીમજી જોધાણી, શહેર પ્રમુખ મીત ઠક્કર, કમલ ગઢવી, જયંત ઠક્કર, રાજેન્દ્રસિંહ જાડેજા, ભરત ગોર, નરેન્દ્ર પ્રજાપતિ, આશિકાબેન ઠક્કર વગેરે હાજર રહ્યા હતા.

# સ્વચ્છતાને દરેક કચ્છવાસી પોતાનો જીવનમંત્ર બનાવે : કાંતિભાઈ અમૃતિયા

**પ્રભારી મંત્રીએ શ્રમદાન કરી આપ્યો સ્વચ્છતાનો સંદેશ : રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવા કરી હાકલ**










**ભુજમાં પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન, સાયકલ યાત્રા અને પ્રદર્શન સાથે ત્રિવેણી કાર્યક્રમો યોજાયા**





ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના અવિરત ૧૨ વર્ષના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના ઉપલક્ષમાં કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા અધ્યક્ષસ્થાને ભુજ શહેરમાં વહેલી સવારથી જ ઉત્સાહભેર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ શ્રેણી અંતર્ગત સવારે ૮ વાગ્યે લેકવ્યુ પાસે પ્રભારી મંત્રીશ્રીની આગેવાનીમાં ભવ્ય સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મંત્રી સહિતના આગેવાનોએ ભુજના વોકવે પર મોર્નિંગ વોકનો લાભ લીધો હતો. મંત્રીશ્રી સહિતના મહાનુભાવો અને નગરજનોએ શ્રમદાન કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ આરોગ્ય પથ, વોકવે ખાતેથી 'પ્રગતિ પથ સાયકલ યાત્રા'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ સાયકલ યાત્રામાં યુવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારબાદ ખેંગાર બાગ ખાતે સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાની ભવ્ય સિદ્ધિઓને પ્રદર્શિત કરતી એક વિશેષ પ્રદર્શની ખુલ્લી મૂકવામાં આવી હતી. પ્રભારી મંત્રીશ્રીએ આ પ્રદર્શનની મુલાકાત લઈને સરકારની લોકાભિમુખ યોજનાઓની ઝાંખી નિહાળી હતી અને આ ત્રણેય નિકટના કાર્યક્રમોમાં ભુજની જનતાનો ભારે પ્રતિસાદ જોવા મળ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, પ્રભારી ફલજીભાઈ ચૌધરી, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી વરચંદ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા, ભુજના નગરપતિ શીતલ શાહ, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશ ખંડોળ, ધવલ આચાર્ય, ભીમજી જોધાણી, શહેર પ્રમુખ મીત ઠક્કર, કમલ ગઢવી, જયંત ઠક્કર, રાજેન્દ્રસિંહ જાડેજા, ભરત ગોર, નરેન્દ્ર પ્રજાપતિ વગેરે હાજર રહ્યા હતા.

# ભુજનું સ્મૃતિવન એટલે વિનાશ પર વિકાસની જીવંતગાથા

**કચ્છના પ્રભારી મંત્રીશ્રીએ સ્મૃતિવનની મુલાકાત લીધી : સ્મારક ખાતે ભૂકંપના દિવંગતોને અંજલિ અર્પી વૃક્ષારોપણ કર્યું**

ભુજ - કચ્છઉદય : સરકારના સેવા અને વિકાસના ૧૨ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભુજના ઐતિહાસિક સ્મૃતિવન ખાતે આજે એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ સ્મૃતિવનની મુલાકાત લઈને ભુકંપના દિવંગતોની સ્મૃતિમાં બનેલા આ આધુનિક અને સંવેદનશીલ સ્મારકને નિહાળ્યું હતું અને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ મુલાકાત દરમિયાન 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત પર્યાવરણની જાળવણી અને હરિયાળીના સંદેશ સાથે સ્મૃતિવન પરિસરમાં પ્રભારી મંત્રીશ્રી તથા અન્ય પદાધિકારીઓના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ આ તકે સ્મૃતિવન પ્રોજેક્ટની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ સ્થળ માત્ર એક સ્મારક નથી પરંતુ કચ્છીઓના પુનઃબેઠા થવાના અજોડ આત્મવિશ્વાસનું પ્રતીક છે અને અહીં થઈ રહેલું વૃક્ષારોપણ આવનારી પેઢીને પ્રકૃતિ સાથે જોડાવાની પ્રેરણા આપશે.

# ટ્રમ્પને મોટો ઝટકો! ઈરાને બહેરીન-કુવૈતમાં અમેરિકાના રડાર કર્યા નષ્ટ

નવી દીલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી શાંતિ સમજૂતી (પીસ ડીલ) પહેલાં ઈંમ્એ બહેરીનના માઉન્ટ અલ-દુખાન પર સ્થિત અમેરિકી રડાર સિસ્ટમની સેટેલાઇટ તસવીરો જારી કરીને તણાવ વધારી દીધો છે. આ તસવીરોમાં અમેરિકન રડાર સિસ્ટમ હુમલા બાદ તબાહ થયેલી નજર આવી રહી છે. ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગે સેટેલાઇટ તસવીર જાહેર કરીને જણાવ્યું કે, થોડા દિવસો પહેલાં ઈરાની મિસાઈલોએ બહેરીન સ્થિત અમેરિકી રડાર સિસ્ટમને નિશાન બનાવી હતી. આ હુમલામાં માઉન્ટ અલ-દુખાન પર વ્યૂહાત્મક રીતે તહેનાત અમેરિકન સેનાનું છદ્મ/જી-પ૯ અર્લી વોર્નિંગ રડાર સંપૂર્ણપણે તબાહ થઇ ગયું છે.આ ઉપરાંત કુવૈતના અલી અલ-સાલેમમાં સ્થિત છજીઈ-૧૦૦૦ રડારને પણ પોતાના સચોટ હુમલા દ્વારા સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવીને નષ્ટ કરી દેવામાં આવ્યું છે.ઈરાને સેટેલાઈટ તસવીરો જાહેર કરીને અમેરિકાના એ દાવાઓ પર પણ કટાક્ષ કર્યો છે, જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે, તેઓએ ઈરાનના તમામ હુમલા નિષ્ફળ બનાવી દીધા છે અને દુશ્મનને ધૂળ ચટાડી દીધી છે.

## પહેલા પાનાથી... ભૂકંપ પછીનું બેઠું

આજે દેશ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. અગાઉના શાસનમાં સંરક્ષણ ક્ષેત્રની નાની વસ્તુઓ પણ વિદેશથી આયાત કરવી પડતી હતી, તેની સામે આજે દેશ સંરક્ષણ સાધનોની બાબતમાં આત્મનિર્ભર બન્યો છે એટલું જ નહીં, પરંતુ ભારત સંરક્ષણ ક્ષેત્રે નિકાસકાર (એક્સપોર્ટર) દેશ તરીકે ઉભરી આવ્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સરહદી વિસ્તાર એવા કચ્છ જિલ્લાની સરહદો પર ૪૫ ડિગ્રી જેટલા આકરા તાપમાનમાં દેશની રક્ષા કરતા જવાનો માટે અગાઉ શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવું એક મોટો પડકાર હતો. તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ ખાસ ટેકનોલોજીવાળી પાઈપલાઈનો નાખીને દેશના જવાનો સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું રાષ્ટ્રભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વન નેશન-વન ટેક્સ અને સૈનિકો માટે વન રેન્ક-વન પેન્શન જેવી નીતિઓ અમલી બનાવી વચેટિયાઓ અને ભ્રષ્ટાચારના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા છે. ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી નકલી રેશનકાર્ડ ધારકોને હટાવીને સરકારી યોજનાઓનો સીધો લાભ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધો જ સાચા લાભાર્થીઓ અને ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી રહ્યો છે, જેનાથી દેશની તિજોરીના અબજો રૂપિયાની બચત થઈ છે. દેશભરમાં રાષ્ટ્રીય રાજમાર્ગો, રેલ કોરિડોર, રેલવે ડબલ ટ્રેક અને વિદ્યુતીકરણની કામગીરી ખૂબ જ ઝડપી ગતિએ થઈ રહી છે જે બદલાતા ભારતની તસવીર રજૂ કરે છે.

પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેએ કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ અને જનકલ્યાણની નીતિઓ પર વિગતે પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૨ વર્ષમાં દેશના સમતોલ અને સર્વગ્રાહી વિકાસ માટે અનેક ઐતિહાસિક તેમજ સરાહનીય પગલાંઓ લેવામાં આવ્યા છે. વર્તમાન સરકારે હંમેશાં સામાન્ય અને વંચિત માણસને કેન્દ્રમાં રાખીને શાસન કર્યું છે, જેના પરિણામે ગરીબોના કલ્યાણ માટેની અનેક યોજનાઓ આજે ધરાતલ પર સફળતાપૂર્વક અમલી બની છે. આ લોકાભિમુખ નીતિઓનો જ પ્રભાવ છે કે દેશના આશરે ૨૫ કરોડથી વધુ લોકો ગરીબી રેખામાંથી બહાર આવીને આર્થિક રીતે સક્ષમ બન્યા છે. ગરીબ કલ્યાણની સાથે-સાથે મધ્યમ વર્ગને પણ સરકારે મોટી રાહત આપી હોવાનું રેખાંકિત કરતા તેમણે ઉમેર્યું કે, આવકવેરાની મુક્તિ મર્યાદામાં નોંધપાત્ર વધારો કરીને મધ્યમ વર્ગીય પરિવારોને આર્થિક ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત, 'હર ઘર કો પક્કા મકાન'ના સંકલ્પ સાથે દેશના ચાર કરોડ જેટલા પરિવારોને પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરી આપીને સરકારે પાયાની સુવિધા સુનિશ્ચિત કરી છે. અનિરુદ્ધભાઈ દવેએ ભારપૂર્વક જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ દરેક નીતિમાં સામાન્ય નાગરિકની સુખાકારીની ચિંતા કરી છે. તેમણે ઉપસ્થિત મીડિયા સમક્ષ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની આંકડાકીય અને વિસ્તારપૂર્વકની માહિતી રજૂ કરીને સરકારની વિકાસયાત્રાનો ચિતાર આપ્યો હતો.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થયા છે અને દેશ સતત પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. સાંસદે ઉમેર્યું હતું કે વડાપ્રધાનના મજબૂત નેતૃત્વને કારણે જ આજે ભારત વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. દેશના ગરીબો, ખેડૂતો અને વંચિતો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના, કિસાન સન્માન નિધિ અને આયુષ્માન ભારત જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચી છે. કચ્છ જિલ્લાના વિકાસનો ઉલ્લેખ કરતા વિનોદભાઈ ચાવડાએ ભુજ, ગાંધીધામ, ભચાઉ અને સામખિયાળી રેલવે સ્ટેશનોના આધુનિકીકરણ તેમજ ધોળાવીરા અને ધોરડો જેવા પ્રવાસન સ્થળોના વૈશ્વિક સ્તરે થયેલા વિકાસ કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. અંતમાં તેમણે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણપણે વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવા માટે કચ્છની જનતાને પણ સક્રિય સહયોગ આપવા માટે આહવાન કર્યું હતું.

જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે છેલ્લા ૧૨ વર્ષથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના જીવન ધોરણમાં સુધાર થાય તે માટે સતત ચિંતા સેવી છે. ગરીબોના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં આવેલી અનેકવિધ જન કલ્યાણકારી યોજનાઓના કારણે ગરીબોના જીવનધોરણ સુધરા છે સાથે જ દેશના કરોડો લોકો ગરીબીથી બહાર આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું આવન કર્યું છે. ગરીબોના કલ્યાણ અને છેવાડાના અંતિમ વ્યક્તિ સુધી વિકાસના લાભ પહોંચાડી વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર થશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પ્રદેશ મહામંત્રી અને ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, સાંસદ વિનોદભાઈ ચાવડા તેમજ સ્થાનિક ધારાસભ્યો પ્રદ્યુમનસિંહ જાડેજા અને કેશુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દરેક વ્યક્તિએ નિયમિત કસરત અને સાયકલિંગને જીવનનો ભાગ બનાવવો જોઈએ : સાગર બાગમાર (એસપી)







ગાંધીધામ - કચ્છઉદય : : ફીટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત આજે રવિવારના રોજ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા “Sunday on Cycle” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સવારે ૬:૦૦ વાગ્યે એસપી કચેરીથી પોલીસ હેડક્વાર્ટર સુધી સાયકલ રેલી યોજાઈ હતી.

આ સાયકલ રેલીમાં પૂર્વ કચ્છ એસપી શ્રી સાગર બાગમાર, ડીવાયએસપી શ્રી મુકેશ ચૌધરી સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં અંજાર ડિવિઝન, ભચાઉ ડિવિઝન તેમજ પૂર્વ કચ્છ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોના પીઆઇ, પીએસઆઇ, એલસીબી, એસઓજી સહિતના પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે એસપી સાગર બાગમારે જણાવ્યું હતું કે, “આધુનિક જીવનશૈલીમાં સ્વાસ્થ્ય જાળવવું ખૂબ જરૂરી બન્યું છે. નિયમિત સાયકલિંગ અને અન્ય શારીરિક પ્રવૃત્તિઓ દ્વારા શરીર તંદુરસ્ત રહે છે તેમજ માનસિક સ્વાસ્થ્યમાં પણ સકારાત્મક અસર થાય છે. લોકો વધુમાં વધુ ફિઝિકલ એક્ટિવિટી સાથે જોડાય અને સ્વસ્થ જીવનશૈલી અપનાવે તેવા ઉદેશ્યથી ‘જીહ્વ્નઙ્કઅ ૅહ ઝઅષ્ઠઙ્મી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.”



સાયકલ રેલી દરમિયાન પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ફિટનેસ અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું અને પોલીસ કર્મચારીઓએ નિયમિત કસરત તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# ગાંધીધામમાં સગીરાની છેડતી કરનાર નરાધમ સામે પોક્સો હેઠળ ગુનો દાખલ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ "એ" ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સગીર વયની બાળકી સાથે શારીરિક છેડછાડ અને જાતીય સતામણીની આઘાતજનક ઘટના સામે આવી છે. શાળાએથી છૂટીને પોતાના ઘરે પરત ફરી રહેલી એક ૮ વર્ષની માસૂમ બાળકીને રસ્તામાં આંતરીને એક અજાણ્યા ઈસમે બદઈરાદાથી શારીરિક છેડછાડ કરી હતી. એટલું જ નહીં, આરોપીએ બાળકીને ધમકાવતા જણાવ્યું હતું કે જો આ બાબતે તે ઘરે કોઈને પણ જાણ કરશે તો તેને જાનથી મારી નાખવામાં આવશે. આ ગંભીર ઘટના અંગે બાળકીના પરિવાર વતી ગાંધીધામ "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભોગ બનનાર બાળકીની ઓળખ સુરક્ષિત રાખવાના કાયદાકીય નિયમોને આધીન ફરિયાદી પક્ષની વિગતો ગુપ્ત રાખવામાં આવી છે.

પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૭૫(૧)(૧), ૩૫૧(૩) તથા પોક્સો (POCSO) એક્ટની કલમ ૮ અને ૧૨ હેઠળ ગુના રજિસ્ટર નં. ૧૧૯૯૩ ૦૦૬૨૬૦ ૨૫/૨૦૨૬ થી અજાણ્યા પુરુષ સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટના નવી સુંદરપુરી ઈમામ ચોક, ખોડીયાર માતાના મંદિરની સામેના વિસ્તારમાં બની હોવાનું સામે આવ્યું છે. આરોપી હાલ અજાણ્યો હોવાથી અને તેનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ રેકોર્ડ પર ન હોવાથી, ગાંધીધામ "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા આરોપીને ઝડપી પાડવા માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવા સહિતની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાત વિદ્યાપીઠ દ્વારા તહેઝીબ નોડેને પીએચડીની પદવી એનાયત કરાઈ



ગાંધીધામ - કચ્છઉદય : અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કુમારી ડૉ. તહેઝીબ અબ્દુર રશીદ નોડેને ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા અંતર્ગત અંગ્રેજી વિષયમાં પીએચ.ડી.ની પદવી સફળતાપૂર્વક એનાયત કરવામાં આવી છે. તેમણે અંગ્રેજી વિભાગના સહ-પ્રાધ્યાપક ડૉ. અતુલકુમાર પરમારના માર્ગદર્શન હેઠળ એ પોસ્ટ-કોલોનિયલ સ્ટડી ઓફ ધ સિલેક્ટેડ ફિક્શન ઓફ અરવિંદ અડિગા એન્ડ ચિમામંડા એનગોઝી અડીચી વિષય પર પોતાનો શોધનિબંધ રજૂ કર્યો હતો. કુમારી ડૉ. તહેઝીબ નોડે હાલમાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા ખાતે અંગ્રેજી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ સર્વત્રથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

# “પ્રગતિ પથ યાત્રા” અંતર્ગત ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ એસડીએચ રાપરની મુલાકાત લીધી

**ટીબી મુક્ત ભારત અભિયાનને વધુ મજબૂત બનાવવા દાતાના સહયોગથી ટીબીના દર્દીઓને રાશન કીટનું વિતરણ**




રાપર - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણની ઉજવણી અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે “પ્રગતિ પથ યાત્રા” હેઠળ એસડીએચ રાપર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાપર વિધાનસભાના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા દ્વારા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન નવ નિયુક્ત ડોક્ટર્સ તથા આરોગ્ય કર્મચારીઓની ટીમ સાથે ચર્ચા કરવામાં આવી અને આરોગ્ય સેવાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ડોક્ટરોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય કમલસિંહ સોઢા, આગેવાનો ડોલરરાય ગોર, શકેશુભા વાઘેલા, મધુભા વાઘેલા, પરબતભાઈ ચાવડા, કાર્યકર્તાઓ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ટીબી મુક્ત ભારત અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે દાતાના સહયોગથી એક ટીબી દર્દીને પોષણ સહાયરૂપ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાશન કીટ સુપ્રિન્ટેન્ડન્ટ, એસડીએચ રાપરના હસ્તે દર્દીને અર્પણ કરવામાં આવી હતી. આ સહયોગ બદલ દાતાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સેવાઓને વધુ અસરકારક અને જનકેન્દ્રિત બનાવવા માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો અને સમાજના તમામ વર્ગોને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# નરેન્દ્રભાઈ મોદી સરકારને ૧૨ વર્ષ પૂર્ણ થતાં ગઢડા રાસાજી ખાતે ૨૦ હજાર વૃક્ષો વવાશે




**રાપર ધારાસભ્યના હસ્તે વૃક્ષારોપણ કરાયું**

રાપર - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમોમાં રાપર તાલુકાના રાસાજી ગઢડા ભાંટણીયા માતાજી મંદિર ખાતે વન વિભાગ દ્વારા વન કવચમાં ૨૦ હજાર વૃક્ષોનું વાવેતરની શરૂઆત ધારાસભ્ય વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજાના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. માતાજીના દર્શન કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસ કાર્યોનું વર્ણન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્યનું વિશેષ સન્માન ઢીલા આહીર સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેળાએ વિનુભાઈ થાનકી, આરએફઓ વિજય ભાઈ ચૌધરી, આરએફઓ અરવિંદભાઈ ભાટીયા, રાપર તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા, રાપર તાલુકા ભાજપ પ્રમુખ નસાભાઈ દયા, વેલજીભાઈ આહીર, નામેરીભાઈ આહીર, હમીરાભાઈ આહીર, વેલજીભાઈ આહીર, હમીરજી સોઢા, મહામંત્રી મહેન્દ્રસિંહ વાઘેલા, મહાદેવભાઈ ભૂષણ, ડોલરરાય ગોર, કેશુભા વાઘેલા, કમલસિંહ સોઢા, માયાભાઈ ધેડા, ભચાઉ પરબતભાઈ ચાવડા સહિત સરપંચો, ઉપ સરપંચો, સદસ્યો, રાજકીય અને સામાજિક આગેવાનો, કાર્યકર્તા અને વન વિભાગ ના અધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ નજીક ૫૦૦ કિલો એલ્યુમિનિયમ ચોરીના વાયરો સાથે ત્રણ શખ્સ ઝડપાયા

**એલસીબીએ રૂ.૩.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : બે આરોપી ફરાર, મુખ્ય આરોપી સામે અગાઉ પણ ચોરીના ગુનાઓ નોંધાયેલા : દેવપર-વિથોણ માર્ગ પર વીજ લાઇનમાંથી મહિના પહેલાં વાયરો ચોરી કર્યા હોવાની કબૂલાત**

ભુજ - કચ્છઉદય : ચોરીના બનાવો અને શંકાસ્પદ માલસામાનની હેરફેર અટકાવવા માટે હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત ભુજ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લખુરાઈ ચાર રસ્તા પાસે આધાર-પુરાવા વિના લઈ જવાતા ૫૦૦ કિલો એલ્યુમિનિયમના વાયરો સાથે એલસીબીએ ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ.૭૫ હજારના એલ્યુમિનિયમ વાયરો તથા રૂ.૩ લાખ કિંમતનું મહિન્દ્રા બોલેરો પીકઅપ મળી કુલ રૂ.૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ખાનગી બાતમીના આધારે એલસીબીની ટીમે ભુજ તરફ આવી રહેલા જી.જે. ૧૨ સીટી ૧૫૭૮ નંબરના પીકઅપને અટકાવી તપાસ કરતા તેમાં એલ્યુમિનિયમના વાયરોના ગુચ્છા મળી આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન આરોપીઓ વાયરો અંગે કોઈ બિલ કે આધાર પુરાવા રજૂ કરી શક્યા ન હતા. વધુ પૂછપરછમાં આરોપીઓએ દેવપર-વિથોણ માર્ગ પર આવેલી વીજ લાઇનમાંથી એક મહિના પહેલાં વાયરો કાપી ચોરી કર્યા હોવાની કબૂલાત આપી હતી. પોલીસે દાઉદ અબ્દુલ્લા કુંભાર (ભુજ), ઈબ્રાહીમ ઈશા અબડા (નાના વરનોરા) અને વસીમ અબ્દુલ બાવા (મોટા વરનોરા)ની અટકાયત કરી છે. જ્યારે રફીક સુલેમાન મમણ અને સમીર ઉર્ફે અનડીક અબ્દુલ મમણ ફરાર હોવાનું સામે આવ્યું છે, જેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા કેટલાક આરોપીઓ સામે અગાઉ પણ ચોરી સહિતના ગુનાઓ નોંધાયેલા છે. સમગ્ર કાર્યવાહી એલસીબીના પીએસઆઈ એમ.એચ. શીણોલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# ભચાઉ એપીએમસીના ડાયરેકટર તરીકે પિન્ટુભાઈ ગઢવીની નિમણુક



ભચાઉ - કચ્છઉદય : નગરપાલિકાના કાઉન્સીલર પિન્ટુભાઈ ગઢવીની એપીએમસીના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરાઈ છે.

ભચાઉ નગર પાલિકાના બીજી વખત કાઉન્સિલર યુવા અને સેવાભાવિ પ્રવીણદાન (પિન્ટુભાઈ ગઢવી)ની રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભચાઉ શહેરના એપીએમસીના ડાયરેકટર તરીકે નિમણુક કરાઈ હતી. ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ભચાઉ નગરપાલિકાના ઉપપ્રમુખ ચંપાબેન ગોઠી, એપીએમસીના ડાયરેક્ટર વાઘુભા જાડેજાએ અભિનંદન આપ્યા હતા. ભચાઉના પૂર્વ નગરપતિ કુલદિપસિંહ જાડેજાએ આ વરણીને વધાવી અને શહેરના પ્રશ્નોને વાચા આપી અને આ વરણીને આવકારી હતી.

# ગાંધીધામમાં કન્ટેનર ચાલકને છરીના ઘા ઝીંકાયા

**ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસે લૂંટ અને જાહેરનામા ભંગનો ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્વિસ રોડ પર અંબિકા કાંટા નજીક એકસેલ ગોડાઉન પાસે મોટરસાયકલ પર આવેલા ત્રણ અજાણ્યા બદમાશોએ એક ટ્રક કન્ટેનરના ચાલક અને તેના સાથીદારને છરી વડે ગંભીર ઈજાઓ પહોંચાડી, મોબાઈલ ફોન તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૨,૦૦૦/- ની બળજબરીપૂર્વક લૂંટ ચલાવી નાસી છૂટ્યા હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગાંધીધામ પોલીસે આ અંગે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના જહાજપુર તાલુકાના મંડાયર ગામના વતની અને વ્યવસાએ ડ્રાઈવિંગ કરતા ૨૯ વર્ષીય દિનેશકુમાર જગદીશચંદ્ર ધાકડે આ મામલે ફરિયાદ નોંધાવી છે. ઘટનાની વિગત એવી છે કે, ગત તારીખ ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે ૦૩:૧૦ વાગ્યાના અરસામાં ફરિયાદી દિનેશકુમાર તથા તેમના સાહેદ (સાથીદાર) પોતાના કબજાનું ટ્રક કન્ટેનર (નંબર: HR-37-E-2274) લઈને ગાંધીધામ ઝોન ગોળાઈથી ગુડ સાઈડ પુલીયા તરફ આવતા સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અંબિકા કાંટાની બાજુમાં, એકસેલ ગોડાઉન પાસે તેમણે પોતાની ગાડી ઉભી રાખી હતી અને બંને જણા નીચે ઉતરીને ગાડી ચેક કરી રહ્યા હતા.

આ સમયે એક સ્પ્લેન્ડર મોટરસાયકલ પર ત્રણ અજાણ્યા ઈસમો ત્યાં ધસી આવ્યા હતા અને ફરિયાદીની નજીક બાઈક ઉભી રાખી ત્રણેય જણા નીચે ઉતર્યા હતા. આરોપીઓએ ફરિયાદી તથા તેમના સાથીદારને ધમકાવીને જણાવ્યું હતું કે, “તમારી પાસે જે પણ મોબાઈલ ફોન કે રોકડા રૂપિયા હોય તે કાઢી આપો.” ફરિયાદી અને સાહેદે રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા લૂંટારુઓ પૈકીના એક જણાએ ફરિયાદીને મજબૂત રીતે પકડી રાખ્યો હતો, જ્યારે અન્ય બે ઈસમોએ પોતાના હાથમાં રહેલી તીક્ષ્ણ છરી વડે ફરિયાદી અને તેના સાથીદાર પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં બંનેના શરીરે ટાંકા આવે તેવી ગંભીર પ્રકારની નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બંનેને લોહીલુહાણ કરી આરોપીઓએ ફરિયાદીના ખિસ્સામાંથી આશરે રૂ. ૫,૦૦૦/- ની કિંમતનો ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન તથા સાહેદના ખિસ્સામાંથી રૂ. ૫,૦૦૦/- ની કિંમતનો વીવો કંપનીનો મોબાઈલ ફોન તેમજ રોકડા રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂ. ૧૨,૦૦૦/- ની મતા બળજબરીપૂર્વક લૂંટી લીધી હતી. લૂંટ આચર્યા બાદ ત્રણેય આરોપીઓ પોતાની મોટરસાયકલ પર બેસીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ ઘટનાની જાણ પોલીસને તારીખ ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૧૫:૩૦ કલાકે કરવામાં આવી હતી. ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસે આ અંગે ફરિયાદીની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ચકચારી લૂંટના ગુન્હાની વધુ તપાસ ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. હેમરાજભાઈ એસ. સોનવણે ચલાવી રહ્યા છે, જ્યારે સમગ્ર તપાસનું સુપરવિઝન ગાંધીધામ “બી” ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ. વી. ગોજીયા તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક શ્રી એમ. પી. ચૌધરી કરી રહ્યા છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશાઓમાં ચક્રો ગતિમાન કર્યા છે.

# ભચાઉની જૈન બોર્ડિંગ સંચાલિત શાળામાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ

ભચાઉ - કચ્છઉદય : શહેરની ૮૨ વર્ષ જૂની અને જાણીતી સંસ્થા શ્રી રવજી લાલજી છાડવા વિસા ઓશવાળ જૈન બોર્ડિંગ સંચાલિત પ્રાથમિક શાળામાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૬માં ધોરણ ૬થી ૮માં અને માધ્યમિક વિભાગમાં સાર્વજનિક હાઈસ્કુલમાં ધોરણ ૯ અને ૧૦માં પ્રવેશ ચાલુ છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં ફ્રી વ્યવસ્થા કરવામાં આવેલ છે. શાળામાં તમામ વિષયોના શિક્ષકો અને પૂરતો સ્ટાફ અને સાધન સુવિધા સાથે કોમ્પુટર રૂમ, પ્રાર્થનાખંડ, પ્રયોગશાળા, લાયબ્રેરી, હવા ઉજાશ વાળા વર્ગ ખંડો સાથે વિશાળ રમતગમતનુ મેદાન સાથે વિશાળ કેમ્પસ છે. ભચાઉ શહેરના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં શાળામાં પ્રવેશ માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સંસ્થાના અધિકારીઓ લાલજીભાઈ કરશનભાઈ કારિયા તથા અમરશીભાઈ ગુણશીભાઈ સત્રા અને આચાર્ય હરેશભાઈ દરજી અને સ્ટાફમિત્રો જહેમત ઉઠાવી રહ્યા છે. શાળામાં પ્રવેશ માટે મોબાઈલ નંબર ૮૪૬૦૩૪૧૦૮૫ પર સંપર્ક કરી શકાશે.

# ગાંધીધામમાં જાહેર જગ્યાએ જુગાર રમતા ચાર ઇસમો ઝડપાયા

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ગુના નિવારણની કામગીરી હેઠળ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તારીખ ૧૩/૬ના બપોરે આશરે ૧૩:૧૫ કલાકે બાતમીના આધારે ગાંધીધામના નવી સુંદરપુરી વિસ્તારમાં પાણીના ટાંકા પાસે આવેલ શાકભાજી માર્કેટની ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ પોલીસ રેડ દરમિયાન જાહેર જગ્યા પર હાર-જીતનો જુગાર રમી રહેલા ચાર આરોપીઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પકડાયેલા શખ્સોમાં નવી સુંદરપુરીના રહેવાસી પ્રિતેશ જયંતીલાલ સાધુ (ઉં.વ. ૩૭) અને મહાદેવ રવજીભાઈ રાણા (ઉં.વ. ૩૮), મહેશ્વરીનગર ઝુંપડપટ્ટીના રહેવાસી વિનોદ ખેંગારભાઈ બારોટ (ઉં.વ. ૪૧) તેમજ લીલાશાહનગરના રહેવાસી સુરેશ તલાજી રાણા (ઉં.વ. ૩૨) નો સમાવેશ થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી જુગારના સાધન તરીકે ઉપયોગમાં લેવાતા બે નંગ ધાણી પાસા અને રોકડા રૂપિયા ૪,૯૫૦/- મળીને કુલ રૂપિયા ૪,૯૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધીને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરી ગાંધીધામ ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ ગાંડુભાઈ ચૌધરી, એ.એસ.આઈ. હિતેન્દ્રકુમાર મણિલાલ પ્રજાપતિ તેમજ એ.એસ.આઈ. ધીરજભાઈ પરમાર દ્વારા પાર પાડવામાં આવી છે.

# દેશલપર-હાજીપીર માર્ગ પર મીઠાના ભારે વાહનોને પ્રવેશબંધી, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

**કલેક્ટરના જાહેરનામાનું ઉલ્લંઘન થતાં હાજીપીર પોલીસે બેરિકેડ, માટીના પાળા અને ખાઈ ખોદી માર્ગ બંધ કર્યો : પ્રવાસન અને નવા માર્ગના સંરક્ષણને પ્રાથમિકતા**




ભુજ - કચ્છઉદય : હાજીપીર નજીક આવેલી મીઠા ઉત્પાદન કરતી કંપનીઓના ભારે વાહનો દ્વારા દેશલપર - હાજીપીર માર્ગનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી નવા નિર્માણાધીન માર્ગને નુકસાન થવાની શક્યતા ઊભી થઈ હતી. કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવા છતાં મીઠાના વાહનો રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થતા હોવાનું સામે આવતા પોલીસ અને વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. રૂ. ૯૬.૬૦ કરોડના ખર્ચે નિર્માણાધીન દેશલપર - હાજીપીર માર્ગનો આશરે ૧૮ કિમી ભાગ પૂર્ણતાના આરે છે. માર્ગના નિર્માણ દરમિયાન ૨૧ દિવસ સુધી પાણી આપવાની પ્રક્રિયા ચાલતી હોવાથી ભારે વાહનોના અવરજવરથી માર્ગને નુકસાન થતું હતું. ઉપરાંત હાજીપીર હોટલ નજીકના કાચા અને સિંગલ પટ્ટી માર્ગ પરથી વાહનો પસાર થતાં ગ્રામજનોમાં પણ રોષ જોવા મળ્યો હતો. અગાઉ હાજીપીર પોલીસ સ્ટેશન દ્વારા જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલકોને મેમો, નોટિસ અને દંડ ફટકારવામાં આવ્યા હતા. તેમ છતાં નિયમભંગ ચાલુ રહેતા હાજીપીર પોલીસ સ્ટેશનના પીઆઈ વી.ડી. ગોહિલે કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર માર્ગ પર બેરિકેડ, માટીના પાળા અને ખાઈ બનાવી ભારે વાહનો માટે માર્ગ બંધ કરવામાં આવ્યો છે.

હાલ આ માર્ગ પરથી માત્ર એસટી બસ, નાના ચારચકી વાહનો અને જરૂરી સેવાઓના પાણીના ટેંકરોને જ અવરજવર કરવાની મંજૂરી આપવામાં આવી છે. ભારે મીઠાના વાહનોને હાજીપીર - લુણા - ભીટારા - ભીરડિયારા - લોરીયા ફાટક માર્ગ મારફતે કંડલા, મુન્દ્રા, જખૌ અને અન્ય વિસ્તારો તરફ જવા સૂચના આપવામાં આવી છે. આ માર્ગ પશ્ચિમ કચ્છને જોડતો મહત્વનો માર્ગ બનશે તેમજ હાજીપીર દરગાહે આવતા પ્રવાસીઓ માટે પણ સુવિધાજનક સાબિત થશે. માર્ગ પૂર્ણ થયા બાદ કચ્છના પ્રવાસનને વેગ મળશે. આ અંગે સંકલન સમિતિની બેઠકમાં પણ આર એન્ડ બી વિભાગના અધિકારીઓએ મુદ્દો ઉઠાવ્યો હતો. દેશલપર - હાજીપીર માર્ગ ભારે મીઠાના વાહનો માટે બંધ રાખવાનો નિર્ણય યથાવત હોવાનું ઉમેશ આચાર્યએ જણાવ્યું હતું.

**નામ બદલાવેલ છે**

હું સંગીતા રાહુલ ભાનુશાલી રહેઠાણ : પ્લોટ નં. ૪૦૪, વોર્ડ નં. ૩/એ, આદિપુર, ગાંધીધામ-કચ્છ, ગુજરાત હું પહેલા સંગિતા રાહુલ ભાનુશાલી ના નામે ઓળખાતી હતી, હવે થી હું સંગીતા રાહુલ ભાનુશાલી ના નામે ઓળખાઈશ.

તા. ૧૨/૦૬/૨૦૨૬
સ્થળ: આદિપુર-કચ્છ.
અનિલ એસ. નાથાણી
એડવોકેટ & નોટરી,
DAZ-29, વોર્ડ નં. ૨-એ, આદિપુર-કચ્છ.

# ખારીરોહર પાસે સરકારી જમીન પર ગેરકાયદેસર ખનન સામે તંત્રવાહકોના આંખ આડા કાન

### ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવા કલેક્ટરને રજૂઆત : તંત્રની મિલીભગત સામે ઉઠ્યા સવાલ





ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ગામ ખારીરોહર પાસે આવેલી સરકારી જમીન પર લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિઓ સામે સખ્ત અને કડક કાર્યવાહી કરવા બાબતે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ નિતેશ લાલણ દ્વારા કચ્છ કલેક્ટરને એક લેખિત પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આ વિસ્તારમાં ખનન માફિયાઓ દ્વારા ખુલ્લેઆમ રેતી અને અન્ય ખનીજોનું ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. આ અંગે અગાઉ તારીખ ૭ જૂન ૨૦૨૫ના રોજ સ્થાનિક નાગરિક દ્વારા સ્થળની વિગતો અને પુરાવા સાથે ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ તારીખ ૯ જુલાઈના રોજ સ્ટેટ ઈલીગલ માઈનિંગ કમ્પ્લેઈન્ટ નંબર પર ફરીથી ફરિયાદ નોંધાવવામાં આવતા ગાંધીધામ મામલતદારે સ્થળની મુલાકાત લઈને જેસીબી અને ડમ્પરો કબ્જે કર્યા હતા. જો કે, જપ્ત કરાયેલા આ સાધનોને યોગ્ય રીતે અટકાયતમાં લેવાયા છે કે નહીં અને માફિયાઓ વિરુદ્ધ કોઈ એફઆઈઆર નોંધાઈ છે કે નહીં તે અંગે સ્થાનિકો પાસે કોઈ માહિતી નથી.કચ્છ જિલ્લામાં ખનીજ વિભાગ, આરટીઓ અને પોલીસ વિભાગની અક્ષમતાના કારણે મહેસૂલ વિભાગે આ કાર્યવાહી કરવી પડી રહી છે, જે અત્યંત ગંભીર બાબત છે. આ વિસ્તારમાં સરકારી તંત્રના જવાબદારોની મિલીભગત હોવાના કારણે વર્ષોથી સરકારી સંપત્તિની ચોરી થઈ રહી છે અને માફિયા તત્વો સરળતાથી છટકી જાય છે.

આ વિસ્તાર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવતો હોવા છતાં, પોલીસ તંત્ર બધું જાણવા છતાં મશીનો દ્વારા થતું ખનન અને નંબર પ્લેટ વગરના ભારે વાહનો દ્વારા થતી ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવામાં નિષ્ફળ રહ્યું છે, જેનાથી પોલીસ વિભાગની ભૂમિકા પર પણ મોટા સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર મામલે કલેક્ટર કક્ષાએથી તાત્કાલિક અને પારદર્શક તપાસ થાય તેવી માંગ કરવામાં આવી છે. પૂર્વ-કચ્છના ખનીજ વિભાગ, આરટીઓ અને પોલીસ વિભાગ સામે તાત્કાલિક ખાતાકીય તપાસ શરૂ કરીને આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા માફિયાઓ તેમજ અધિકારીઓની ભૂમિકાની વિગતવાર તપાસ થવી જરૂરી છે. આ ઉપરાંત ખનન માફિયાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, સરકારની તિજોરીને થયેલા આર્થિક નુકસાનની વસુલાત ભારે દંડ અને વ્યાજ સહિત કરવામાં આવે તેવી પણ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

# ભચાઉ નગરપાલિકાના કાઉન્સીલર પિન્ટુભાઈ ગઢવીની એપીએમસીના ડાયરેક્ટર તરીકે નિમણૂક

ભચાઉ : શહેરના નગરપાલિકાના બીજી વખતના યુવા અને સેવાભાવિ પ્રવીણદાન ( પિન્ટુ ભાઈ ગઢવી )ની રાપર વિસ્તારના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભચાઉ નગરપાલિકાના પ્રમુખ પેથા ભાઈ રાઠોડ દ્વારા નિમણૂક કરાઈ હતી તેવો દ્વારા ભચાઉ શહેરના એપીએમસીના પ્રશ્નો ને વાચા આપવા હંમેશા અગ્રતા આપસે તેવું જણાવ્યું હતું આ વરણી ને ગાંધીધામ ના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ભચાઉ નગરપાલિકાના ઉપપ્રમુખ



ચંપાબેન ગોઠી, એપીએમસી ના ડાયરેક્ટર વાઘુભા જાડેજા એ અભિનંદન આપેલા હતા ભચાઉ ના પૂર્વ નગરપતિ કુલદિપસિંહ જાડેજાએ આ વરણીને વધાવી અને શહેરના પ્રશ્નોને વાચા આપી અને આ વરણીને આવકારી હતી.





ગાંધીધામ સંધ્યાગિરી સંસ્કૃત વેદ વિધાલયના સ્થાપક સામખિયાળી ના પરમ પૂજ્ય તપોનિષ્ઠ ભગવતી ગીરીબાપુ ઝઘડિયા તાલુકાના વેણુ ગામે, તારીખ ૧૭/૦૫/૨૦૨૬ થી ૧૫/૦૬/૨૦૨૬ સુધી અધિક જેઠ મહિનામાં અખંડ રામધૂન તથા નિત્ય સવાર સાંજ નર્મદા સ્નાન ત્યારબાદ તારીખ ૧૫/૦૬/૨૦૨૬ થી ૭ મહિના સુધી અદર્શન મૌન દિવ્ય અનુષ્ઠાન પ્રારંભ કરશે તથા સાત મહિના પછી નિત્ય અમુક દિવસ સુધી યજ્ઞ,બ્રહ્મ ભોજન ,માર્જન તર્પણ,દાન દક્ષિણા વગેરે કાર્યો થશે પૂજ્ય ભગવતી ગીરીબાપુ અમુક વર્ષોથી અન્ન અને ફ્રુટ લીધા વગર માત્ર ને માત્ર સવાર અને સાંજ ગાયનો દૂધનું સેવન કરી અને આ અલગ અલગ સ્થાનો પર દિવ્ય અનુષ્ઠાન કરી રહ્યા છે જેમાં આ વખતનું અનુષ્ઠાન માં નર્મદા ના કિનારે આવેલ ઝઘડિયા તાલુકામાં વેલુ ગામ જે છે ત્યાં કરી રહ્યા છે તો આવો સૌ સાથે મળી આ દિવ્ય અનુષ્ઠાન અને માં નર્મદા ના દર્શન ધન્યતા અનુભવી અને ધર્મ લાભ લઈએ.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | 9 | | |
| | 2 | 7 | 6 | 9 | | | 8 | |
| 4 | | | | | | | 6 | |
| | 1 | | | 8 | 4 | 7 | | |
| 2 | | | 5 | | 1 | | | 8 |
| | | 8 | 9 | 6 | | | 2 | |
| | 6 | | | | | | | 2 |
| | 7 | | | 1 | 8 | 5 | 9 | |
| | | 4 | | | | 8 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | 2 |
| 5 | 2 | 1 | 4 | 7 | 8 | 9 | 3 | 6 |
| 6 | 4 | 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 |
| 7 | 3 | 2 | 9 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 6 | 9 | 4 |
| 9 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 2 | 3 |
| 3 | 9 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 5 |
| 2 | 1 | 8 | 6 | 5 | 3 | 4 | 7 | 9 |
| 4 | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | 8 |

# અવસાન નોંધ

**આદિપુર** : સંજુ હેમનાની (ઉ.વ. ૪૦) તે કનૈયાલાલ (આર. ઘનશ્યામદાસ)ના પુત્ર, ભરત, ધીરજના ભાઇ તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. પઘડી (ભાઇઓ તથા બહેનો માટે) / પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના રવિવારે સાંજે ૬થી ૬:૩૦ ઝૂલેલાલ મંદિર, સીસીએક્સ નવવાળી, આદિપુર ખાતે.

**ભુજ** : ભરતભાઇ બાબુલાલ ચારણ (પડાયા) (ઉ.વ. ૩૦) તે રવિ, દિલીપ, રમેશ, નરેન, સામજી, જવેરબેન, રામા, ભાવના, દક્ષાના ભાઇ, લાખુભાઇ, પૂંજાલાલના ભત્રીજા, દીપકભાઇ સામજીભાઇના ભાણેજ, મૂરજીભાઇ દેવજી ફાફણાના સાળા તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૧૪-૬ના સાંજે આગરી અને તા. ૧૫-૬ના સવારે ઘડાઢોળ (પાણીઆરું) નિવાસસ્થાન ચારણવાસ, ભુજ ખાતે.

**માનકૂવા (તા. ભુજ)** : મૂળ ગઢશીશાના લક્ષ્મીબેન રવજીભાઈ ઉકાણી (ઉ.વ. ૯૩) તે સ્વ. ડો. રવજીભાઈ ગંગદાસભાઈ ઉકાણીના પત્ની, સ્વ. પેથાભાઈ કચરાભાઈ સાંખલા (ગઢશીશા)ના પુત્રી, ડો. રમેશભાઈ (માનકૂવા), જયાબેન (ઘાટકોપર), સરસ્વતીબેન (અંધેરી), કંચનબેન (વડોદરા), નિર્મળાબેન (પનવેલ), સ્વ. જશુબેન (ભુજ)ના માતા, મંજુલાબેન (માનકૂવા), ભગવાનદાસ (ઘાટકોપર), પ્રભુદાસ (અંધેરી), સ્વ. પરસોત્તમદાસ (વડોદરા), મોહનલાલ (પનવેલ)ના સાસુ, આનંદ, મનીષા (ભુજ)ના દાદી, નમ્રતા, ઉદય વેલાણી (ભુજ)ના દાદીસાસુ, ઈરા, ઈનેનના પરદાદી, સ્વ. ડો. લધારામભાઈ (ખોંભડી), સ્વ. ડો. પ્રેમજીભાઈ (નેત્રા)ના નાના ભાઈના પત્ની, સ્વ. ડો. પરસોત્તમભાઈ (નખત્રાણા), ભચીબેન વાલજીભાઈ પાંચાણી (હાલે જબલપુર - એમ.પી.)ના ભાભી, ડો. મનસુખભાઈ (નખત્રાણા), હરિભાઈ (પનવેલ-મુંબઈ), નરેન્દ્રભાઈ (પૂના), કિશોરભાઈ (નખત્રાણા), રાજેશભાઈ (ખોંભડી)ના કાકી, નવીનભાઇ (સુરત)ના મોટીબા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના રવિવારે સાંજે ૪થી ૫ લક્ષ્મીનારાયણ સમાજવાડી, માનકૂવા ખાતે.

**કોટડા (ચકાર) (તા. ભુજ)** : નારણ વેલા બડિયા (ઉ.વ. ૬૮) તે સ્વ. વેલા રત્નાના પુત્ર, સ્વ. હમીરભાઇ, સ્વ. ભાણજીભાઇ, મેગભાઇના ભાઇ, સ્વ. ગાભાભાઇ દેવજીભાઇ માતંગ (માનકૂવા)ના જમાઇ, સ્વ. કેસરબેનના પતિ, મનજીભાઇ, જશોદાબેન (ગાંધીધામ)ના પિતા, ઉમેશના દાદા, મેઘજીભાઇ, લાલજીભાઇ (માનકૂવા)ના બનેવી તા. ૧૩-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા (આગરી) તા. ૧૪-૬ના રવિવારે અને પાણી તા. ૧૫-૬ના સોમવારે નિવાસસ્થાન મહેશ્વરીવાસ, કોટડા (આ.) ખાતે.

**ભોજાય (તા. માંડવી)** : સંગાર પરબતભાઇ બબાભાઇ (ઉ.વ. ૬૩) તે સ્વ. જુમાબાઇ બબાભાઇના પુત્ર, સોનબાઇના પતિ, સ્વ. બાવાળા ગલુભાઇ (બિદડા)ના જમાઇ, હરેશ, વનીતાના પિતા તા. ૧૩-૬ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૧૫-૬ સુધી નિવાસસ્થાન ખાતે.

**ત્રગડી (તા. માંડવી)** : રવુભા કાનજીભા જાડેજા (ઉ.વ. ૮૨) તે કિરીટસિંહ, નરેન્દ્રસિંહના પિતા, સંજયસિંહ, સંદીપસિંહના દાદા, સ્વ. વેશુભા, લખુભા, બટુકસિંહ, સ્વ. કલુભા, સ્વ. પ્રભુભા, હઠુભા, નટુભા, વજુભા, દીપુભાના ભાઇ, ખેતુભા, નવુભાના કાકાઇ ભાઇ, ભરતસિંહ, મહિપતસિંહના કાકા, મહેન્દ્રસિંહ, મહાવીરસિંહ, વનરાજસિંહ, જિતેન્દ્રસિંહ, શક્તિસિંહ, હરપાલસિંહ, કુલદીપસિંહ, બળદેવસિંહ, પ્રતાપસિંહ, જગદીશસિંહના મોટાબાપુ તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૧થી ૧૫-૬ સુધી સવારે ૮થી ૧૨, બપોરે ૨થી ૫ ક્ષત્રિય સમાજવાડી ખાતે.

**કોટડા જડોદર (તા. નખત્રાણા)** : પ.ક.મ. ક.સ.સુ. જ્ઞાતિ દરજી રતનબેન મોહનલાલ સોલંકી (ઉ.વ. ૮૫) તે સ્વ. મોહનલાલ મૂળજીના પત્ની, ખીમજીભાઈ, અરવિંદભાઈ, ચમનભાઈ, કમલેશભાઈ, વિનોદભાઈ (કોટડા-જ.), પુષ્પાબેન (જામનગર)ના માતા, સ્વ. નિર્મળાબેન, દેવમણીબેન, પ્રવીણાબેન, રસીલાબેન, વંદનાબેન, નાનાલાલ (જામનગર)ના સાસુ, ગં.સ્વ. ઝવેરબેન પરસોત્તમના દેરાણી, ગં.સ્વ. વસંતાબેન કરસનભાઈના જેઠાણી, સ્વ. સુંદરબેન વેલજી પરમાર (ગુજરાત), ગં.સ્વ. નાનુબેન વાલજી સોલંકી (દયાપર), ગં.સ્વ. મંજુલાબેન ભીખાભાઈ (રતનાલ), વાલજીભાઈ દામજીભાઈ (નારણપર), જેરામભાઈ દામજીભાઈ (કોટડા જ.)ના ભાભી, અમિત, બાદલ, દિપુલ, નયન, પ્રિન્સ, ઓમ, વૈશાલી, ભાવિની, કોમલ, રેખા, શીતલ, આરતી, રોશની, નંદીની, ડોલીના દાદી, ઈન્દુબેન અમિત, કાજલબેન દિપુલ, કાજલબેન પ્રિન્સના દાદીસાસુ, શોર્ય, માન્યાના પરદાદી, વિપુલ, સુનીલ, સોનુના નાની, સ્વ. દેવકાબેન વેલજી મોઢ (રવાપર)ના પુત્રી, સ્વ. ગંગાબેન કુંવરજી સોલંકી (ડુમરા), સ્વ. પરસોત્તમ, સ્વ. ગાવિંદજી, સ્વ. નાનજી (રવાપર)ના બહેન તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના રવિવારે સાંજે ૪થી ૫ પાટીદાર સમાજવાડી, બસ સ્ટેશનની બાજુમાં, કોટડા જડોદર ખાતે.

**મોટી વિરાણી (તા. નખત્રાણા)** : પીર હાજી અબ્દુલ અજીજશા હાજી આમદશા (ઉ.વ. ૭૦) તે મ. પીર અબ્દુલ કરિમશા, પીર હાજી ઈબ્રાહિમશાના ભાઈ, પીર ઈમ્તિયાઝશા, પીર મુસ્તફાશાના પિતા, પીર આશિફશા (ભુજ), પીર ગુલઝારશા, પીર જુસબશાના કાકા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૪-૬ના રવિવારે સાંજે અસર નમાજ બાદ મુસ્લિમ જમાતખાના, મોટી વિરાણી ખાતે.

**મોથાળા (તા. અબડાસા)** : હાલે ભુજ સમેજા અલ્તાફ (ઉ.વ. ૩૪) તે અભુભખર સિદિક સમેજાના પુત્ર, ઇબ્રાહીમ (મુંબઇ), મ. હસણ (બાપલા), અબ્રેમાન, આમદના ભત્રીજા, સુલેમાન જાગોરા (રસલિયા)ના જમાઇ, આમદ સમાના સાળાના પુત્ર, મહોમદ, અહેમદના પિતા, સુલતાનભાઇ, મહેબૂબ વર્યાના સાળા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૫-૬ સોમવારે સવારે ૧૦થી ૧૧ મુસ્તફા જમાતખાના, સંજોગનગર, ભુજ ખાતે.

**માતાનામઢ (તા. લખપત)** : નોતિયાર જેનાબાઇ અલીમામદ (ઉ.વ. ૮૫) તે હુસેન, અબ્દુલ, ઈસ્માઈલના માતા તા. ૧૩-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧૫-૬ સોમવારે સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાને.



યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીની સરકારના આવીરત ૧૨' વરસ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના કાર્યક્રમો અંતર્ગત ભચાઉ શહેર લઘુમતી મોરચા ભાજપ દ્વારા કચ્છ જીલ્લા લઘુમતી મોરચા ભાજપના પ્રમુખ આકીબભાઈ બાયડની હાજરીમાં ભચાઉ શહેર લઘુમતી મોરચાના પ્રમુખ આશિફભાઈ અબ્દુલકરીમ નારેજા તથા કચ્છ જિલ્લા લઘુમતી મોરચાના ઉપપ્રમુખ મુસ્તાકભાઈ સંઘાર તેમજ મહામંત્રી મામદભાઈ ધાચી/કાસમ ભાઈ કુંભાર તેમજ લઘુમતી મોરચા ની ટીમ દ્વારા નવા કબ્રસ્તાનમાં વૃક્ષરોપણ નો કાર્યકમ કરેલ.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ફરાદીના સુશીલા રમણીકલાલ ગાલા (ઉં. વ. ૮૧) તા. ૧૨-૬ના અવસાન પામેલ છે. પુરબાઈ ખીમજી ગાલાના પુત્રવધુ. રમણીકલાલના પત્ની. ફાલ્ગુની, નિકીતા, ધીરેન, વિશાલના માતા. નાની ખાખરના ભાણબાઈ કેશવજી વીરાના પુત્રી. ફરાદીના વસંતબાળા ભવાનજી, બિદડાના રસિકબાળા વિનચચંદ, કોડાયના જયાબેન સૂર્યકાંત, નાના આસંબિયાના અરૂણા ચંદ્રકાંત, દેશલપરના સરલા અરવિંદ, ગોધરાના કુસુમ, ચંદ્રેશના બેન. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ શ્રી. સં. કરશન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪થી ૫:૩૦.

નવાવાસના કસ્તુરબેન નાગજી વીરા (ઉં. વ. ૮૫) તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. ભાણબાઈ વીરજી ટોકરશીના પુત્રવધુ. નાગજી વીરજીના પત્ની. દિલેશ, ભાવના, ચેતનાના માતા. નાના ભાડીયા પાનબાઈ પોપટલાલ ચાંપશીના પુત્રી. ટોકરશી, રામાણીયા જવેરબેન ગાંગજી, કાંડાગરા નાનબાઈ કાનજી, વાંઢ ખેતબાઈ (સુશીલા) શામજી, કાંડાગરા કમળા વસનજીના બેન. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી, ટા. ૪થી ૫:૩૦).

# ફેડરેશન ઓફ આયુષ ડોક્ટર રાજકોટના પ્રમુખ પદે સેવાભાવી પ્રોક્ટોલોજિસ્ટ ડોક્ટર એમ. વી. વેકરીયાની સર્વાનુમતે વરણી



પ્રમુખ શ્રી ડોક્ટર એમ.વી વેકરીયા | સેક્રેટરી શ્રી ડોક્ટર કિશોર દેવલીયા | ચેરમેન શ્રી ડોક્ટર નરેન્દ્ર વિસાણી | વાઈસ પ્રેસિડન્ટશ્રી ડોક્ટર મહેશ શિંગાળા | વાઈસ પ્રેસિડન્ટ કોર્પોરેટર શ્રી ડોક્ટર શૈલેષ વસાણી

રાજકોટ : ફેડરેશન ઓફ આયુષ ડૉક્ટર્સ રાજકોટના પ્રમુખ પદે સેવાભાવી પ્રોક્ટોલોજિસ્ટ ડૉ. એમ.વી વેકરીયાની સર્વાનુમતે વરણી, સેક્રેટરી તરીકે ડૉ. કિશોર દેવલીયા અને ચેરપર્સન ડૉ. નરેન્દ્ર વીસાણીની નિયુકિત ૧૪૦૦ ડૉક્ટરોના સકારાત્મક સંગઠનની શક્તિ ધરાવતા ફેડરેશનને વધુ સબળ-વધુ કાર્યશીલ બનાવવાની નવા પદાધિકારીની નેમ ફેડરેશન ઓફ આયુષ ડૉક્ટર્સ રાજકોટના- ૨૦૨૬-૨૦૨૭ ના નવા હોદેદારોને સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવેલ જેમાં ફેડરેશન પ્રમુખ પદે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ પ્રોક્ટોલોજિસ્ટ ડૉ. એમ.વી વેકરીયા- સેક્રેટરી-ડૉ. કિશોર દેવલીયા- ચેરપર્સન-ડૉ. નરેન્દ્ર વીસાણી- વાઈસ પ્રેસીડન્ટ-ડૉ. મહેશ શિંગાળા સેકેન્ડ વાઈસ પ્રેસીડન્ટ- કોર્પોરેટર શ્રી ડૉ. શૈલેષ વસાણી ટ્રેઝરર ડૉ. સમીર ખૂંટ સહિતના સર્વે હોદેદારોની સર્વાનુમતે વરણી થયેલ છે. ફેડરેશનના ૧૫ માં વર્ષના નવનિયુક્ત હોદેદારો તેમની યાદીમાં જણાવે છે કે આ ફેડરેશન વિવિધ પ્રકારની સેવાકીય પ્રવુતિ સાથે સંકળાયેલ છે. જેમ કે સમાજ માટે મફત આરોગ્ય કેમ્પ, સેવાકિય મેડીકલ કેમ્પ, સરકાર સાથે રહીને સરકાની ગાઇડલાઈન પ્રમાણે કુપોષિત બાળકોને પોષિત કરવા. તંદુરસ્ત રહેવા માટે ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, વિવિધ રોગોના નિદાન અને સારવાર તેમજ યોગ્ય સલાહ માટે સતત કેમ્પ કરતા રહે છે.

તેમજ આયુષ ડૉકટરોની વિવિધ પ્રકારના રોગો માટેની નવી આધુનિક પદ્ધતિઓ દ્વારા નિદાન તેમજ તેની સારવાર માટે ફેડરેશન દ્વારા સુપર સ્પેશિયાલિસ્ટ તબીબો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી દર વર્ષે ગ્રાન્ડ ઝ. સ. ઈ. ના પ્રોગ્રામ કરવામાં આવે છે. ફેડરેશન ઑફ આયુષ ડૉક્ટર રાજકોટના અલગ અલગ ઝોન વાઇઝ (વિસ્તાર) પ્રમાણે નવ એસોસિએશનથી બનેલ છે. જેમાં ૧૪૦૦ જેટલા ડૉક્ટરો મેમ્બરની સ્ટ્રેન્થ ધરાવે છે, આ ફેડરેશનની સૌથી મોટી વિશેષતા એ છે કે છેલ્લા ૧૫ વર્ષથી અવિરત કાર્યરત છે. તેમજ આ ફેડરેશનમાં હોદેદારોની વરણી માટે ઈલેકશન કદી થતું નથી માત્ર સિલેકશન દ્વારા હોદેદારોની વરણી થાય છે. ડૉ. વેકરીયા સાહેબની પ્રમુખ પદે આ બીજી વાર વરણી થઇ રહી છે. સાથો સાથ તબીબો માટે તબીબો કાયમી તંદુરસ્ત રહે તે માટે અન્ય પ્રવૃતિઓ જેવી કે ક્રિકેટ મેચ, ઈનડોર ગેમ, વોકાથોન મેરેથોનનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ સાથે ફેટરેશનના અન્ય હોદેદારો જોઈન્ટ સેક્રેટરી ડૉ. દેવેશ દોશી સેકન્ડ જોઈન્ટ સેક્રેટરી ડૉ. ભાવેશ પરમાર અને કારોબારી કમિટિમાં ડૉ. અરવિંદ ભટ્ટ, ડૉ. જયેશ રાજયગુરૂ, ડૉ. વિશાલ ભીમજીયાણી, ડૉ. દિલીપ મારકણા, ડૉ. હેમાંશુ પરમાર, ડૉ. દેવધર રામોલીયા ની વરણી કરવામાં આવેલ છે. ફેડરેશનનો મુખ્ય હેતુ 'સર્વે ભવન્તુ સુખીનઃ અને સર્વે સંતુ નિરામયા' જે આપણા વેદ પુરાણમાં પણ દર્શાવેલ છે. 'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર' ને સાર્થક કરવા, સતત ફેડરેશન પ્રયત્નશીલ રહે છે, તેના દ્વારા આપના માનનીય દીર્ઘ દૃષ્ટા વડાપ્રધાન શ્રી મોદી સાહેબનું સ્વપ્ન સ્વચ્છ ભારત- સ્વસ્થ ભારત- સશક્ત ભારત સ્વપ્નને સાકાર કરવાનો ફેડરેશનનો હેતુ છે. અને ડૉક્ટરોને ઉદભવતા નાના નાના પ્રોબ્લેમ તેમજ ગમે તેવી મુશ્કેલીઓમાં સાથે રહીને તેનું સોલ્યુશન કરવું તે જ તેનો મુખ્ય હેતુ છે.

# શ્રી રામ સોલ્ટ સહીત થયેલ કારખાનામાં મીઠા (નમક) ચોરી કેસમાં ભચાઉ પોલીસે વધુ 3 આરોપીઓને ઝડપી પાડ્યા




ગાંધીધામ : ભચાઉ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મીઠા (નમક) ચોરીના ગુનામાં પોલીસે ખાનગી બાતમીના આધારે કાર્યવાહી કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે શામજી ઉર્ફે કિશન રવાભાઈ કોલી (રહે. ભચાઉ), સુલતાન હાસમ કુંભાર (રહે. માનસરોવર વિસ્તાર, ભચાઉ) અને ભરત બચુભાઈ ખટારીયા (રહે. નાની ચીરઈ, તા. ભચાઉ)ની ધરપકડ કરી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર તથા ડીવાયએસપી સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસ સ્ટાફે આ સફળ કામગીરી પાર પાડી હતી.

# ગાંધીધામમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ મારવાડી દ્વારા કાઉન્સિલિંગ મીટિંગનું આયોજન

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ મારવાડી દ્વારા આગામી મંગળવાર, ૧૬ જૂનના રોજ એક મહત્વપૂર્ણ મલ્ટી યુનિટ કાઉન્સિલિંગ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટિંગ સાંજે ૬ વાગ્યે સ્થાનિક મારવાડી ભવન ખાતે યોજાશે. સંસ્થાના તમામ સન્માનિત સભ્યોને આ બેઠકમાં અચૂક હાજર રહેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. મીટિંગની પૂર્ણાહુતિ બાદ તમામ સભ્યો માટે સમૂહ ભોજનનું પણ આયોજન રાખવામાં આવ્યું છે.



સમસ્ત કિડાણા ક્ષત્રિય સમાજ દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા માં ભારતીય જનતા પાર્ટીના ના યુવા મોરચા ના પુર્વ મંત્રી ધનજી માલશીભાઈ હુંબલનું શાસ્ત્રી શ્રી વિશાલકૃષ્ણજી જોષી ના આશીર્વાદ અને સન્માન કરવામાં આવ્યું.

## કચ્છ નોંધ

**અંજાર મુસ્લિમ કુંભાર જમાત**

● મોહેમના કુંભાર ચોકના નિશાન તા. ૧૫/૦૬/૨૦૨૬ સોમવાર સાંજે ૪:૦૦ કલાકે રાખેલ છે. માતામી કુંભાર અબ્દુલ દાઉદ મો. ૯૭૨૬૮ ૪૩૭૯૭

**ભુજ નાગર જ્ઞાતિની સામાન્ય સભા**

● ભુજ વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૪/ ૬ રવિવારના સાંજે ૫.૩૦ કલાકે હાટકેશ કોમ્પલેક્ષ ખાતે યોજાશે.

## રત્નકણિકા

**સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે કદાપી વેર ન બાંધો..- ઇમર્સન**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. બહમન-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૧૪ દર્શ અમાવસ્યા તા.૧૪ જૂન ૨૦૨૬, રવિવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨૮, રોહિણી નક્ષત્ર, ધૃતિ યોગ, શકુની કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.

**વૃષભ** : માનસિક ચિંતા રહે. નાણાં ભીડ અનુભવાય.

**મિથુન** : ભાઈ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજનો કરી શકશો.

**કર્ક** : જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.

**સિંહ** : સ્નેહ-મિલન, સંતાનોથી લાભ, મનમાં પ્રફુલિતતા રહે.

**કન્યા** : ચિંતાનો યોગ્ય ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.

**તુલા** : ભાગીદારીથી લાભ થાય. પ્રિયપાત્રનો સહકાર મળે.

**વૃશ્ચિક** : નાણાં ભીડ તીવ્ર બને. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.

**ધન** : કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.

**મકર** : પુરૂષાર્થથી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.

**કુંભ** : મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ, પડોશીથી સંઘર્ષ ટાળવો હિતાવહ.

**મીન** : વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.

**સમયસર મેઘરાજાની પધરામણીની આશા સાથે**

# નખત્રાણા પંથકના ખેડૂતોએ વાવણીના મંડાણ કર્યા



**હવામાનની અલગ - અલગ આગાહી, ડીઝલનો ડોળો, મજૂરોની અછતમાં અટવાયેલા ધરતીપુત્રોએ મગફળી, કપાસ, ગુવાર, બાજરી સહિતના પાકોનું વાવેતર માટે જમીનમાં કોરવાણ શરૂ કરી**

નખત્રાણા - કચ્છ ઉદય : વિધિવત ચોમાસાના મંડાણને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે હરિયાળા નખત્રાણા પંથકમાં હાલે ધરતીપુત્રોની હાલ 'દુવિધા' ના વમળમાં ફસાયેલી હોય તેવું લાગી રહ્યું છે. ભલે ખેતી એટલે અનિશ્ચિતતા કહેવાતું હોય પરંતુ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી તો જાણે મોટા ભાગના ખેડૂતો હવામાનની અનિયમિતતાના કારણે પરેશાન થયા છે.

જૂન મહિનામાં કપાસ, મગફળી વાવેતરનો સમય (પિયત વિસ્તારમાં) ખેડૂતો કોરવાણના શ્રીગણેશ કર્યા છે. છેલ્લા ઘણા સમયથી પડતી ગરમી - લૂએ ખેડૂત વર્ગના કામ પર બ્રેક લગાડી છે. સખત કાળઝાળ ગરમી ઓછી થવાનું નામ જ લેતી નથી. જેના કારણે પંથકમાં વાવેતર અટવાયા છે. પ્રગતિ શીલ ખેડૂત વેણીલાલભાઈ રૈયાણી સહિતના ધરતીપુત્રોએ 'કચ્છ ઉદય' સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, વરસાદ એટલે કાયદેસરનું ચોમાસુ ક્યારે આવશે એ પણ નકી થતું નથી.

હવામાન ખાતાની આગાહી હોય કે ભલે અંબાલાલ પટેલની આગાહી હોય. ૭થી ૮ તારીખના ગુજરાત સહિત કચ્છમાં ચોમાસા પહેલા ભારે વરસાદ થશે તે આગાહી ઠગારી નીવડે છે. એવા સંજોગોમાં ખેડૂતને કયા પાકનું કેટલું અને ક્યારે વાવેતર કરવું એ દરેક ખેડૂત વર્ગ માટે અઘરૂ બન્યું છે.

ચોમાસાના વિધિવત આગામન પૂર્વે જ પંથકમાં ખેડૂતો પોતાના ખેતરમાં વાવેતર માટેની તડામાર તૈયારી આરંભી દીધી છે. વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો પોતાની વાડી - ખેતરમાં ખેડાણ કરીને જમીનને સંપૂર્ણ પણે તૈયારી કરી દીધી છે. હવે માત્ર આકાશમાંથી અમૃત વર્ષાના શ્રીગણેશ થાય તેની જ આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે.

તાલુકામાં રોકડિયા પાક તરીકે મગફળી અને કપાસ ઉપરાંત ઓછા પાણીમાં થતા ગુવાર, બાજરી, જુવાર, એરંડા તેમજ જમીનને ફળદ્રુપતા વધારતા ટુંકા ગાળાના કઠોળ પાકો જેવા કે મગ, મઠ, અડદનું વાવેતર વિપુલ પ્રમાણમાં થશે. નખત્રાણા અને ગ્રામીણ વિસ્તારોના મુખ્ય મથક ગામડામાં રોનક જોવા મળે છે. ડેપો અને ખાનગી દુકાનો પણ ગુણવતા યુક્ત બિયારણ જંતુનાશક દવાઓ અને રાસાયણીક ખાતરોની ખરીદી ખેડૂતોએ શરૂ કરી છે. ખેડૂતોની મુંઝવણમાં વધુ એક ડીઝલનો ડોળો ઉમેરાયો છે. આસમાને પહોંચેલા ભાવ અને અછત ખેડૂતો માથે 'ડામ' દઈ રહ્યા છે તો મજૂરોની અછત પણ મુશ્કેલી ઊભી કરી રહી છે. ટુંકમાં ખેડૂતોની આર્થિક તેમજ અન્ય સમસ્યા જોતા જ નખત્રાણા પંથકમાં 'સફેદ સોના' કપાસની ચમક અને મગફળી - એરંડાની આવક કેટલી રહેશે તે દિવાળીની આસપાસ જ ખબર પડશે.

# ભુજ-માધાપર માર્ગ પર નર્મદાની મુખ્ય પાઇપલાઇનમાં મોટું ભંગાણ

**૨૦ ફૂટ ઊંચા ફુવારાઉડ્યા : લાખો લીટર પાણીનો વેડફાટ : ભૂલકાઓએ ન્હાવાની મજા માણી : સોશિયલ મીડિયામાં ઘટનાના વિડિઓ થયા વાયરલ**



ભુજ - કચ્છઉદય : ભુજ - માધાપર માર્ગ પર સ્મૃતિવન નજીક આવેલી શાન એ પંજાબ હોટલ પાસે નર્મદાની મુખ્ય પાણીની પાઈપલાઈનમાં ગઈકાલે અચાનક મોટું ભંગાણ સર્જાવાની ઘટના સામે આવી હતી. પાઈપલાઈનનો વાલ્વ નબળો હોવાના કારણે અચાનક મોટું લીકેજ થતાં હજારો અને લાખો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હતો. લીકેજના કારણે રસ્તા પર ૨૦ ફૂટથી પણ વધુ ઊંચા પાણીના ફુવારા ઉડ્યા હતા, જેના કારણે સમગ્ર આસપાસના વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા અને અડધા કિલોમીટર સુધી પાણી ફેલાઈ ગયું હતું.

ભીષણ ઉનાળાની ગરમી વચ્ચે એક તરફ ભુજના અનેક વિસ્તારોમાં પાણીની તીવ્ર તંગી અને દૂષિત પાણી આવવાની ફરિયાદો ઉઠી રહી છે, ત્યારે બીજી તરફ નર્મદાના શુદ્ધ પાણીનો આટલો મોટો બગાડ થતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જોકે, આ આફતની વચ્ચે કેટલાક સ્થાનિક લોકો માટે આ એક અવસર બની ગયો હતો. રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો આ ઉડતા પાણીના ફુવારા નીચે પોતાના વાહનો ધોતા નજરે પડ્યા હતા, તો બીજી તરફ નાના બાળકોએ રસ્તા પર ભરાયેલા પાણીના ખાબોચિયામાં મન મૂકીને ન્હાવાની મજા માણી હતી. આ ઘટનાના વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. એમ્બ્યુલન્સ સહિતના કેટલાક વાહનો પણ આ પાણીથી ધોવાયા હોવાના દ્રશ્યો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયા છે અને લોકોમાં ચર્ચાનો વિષય બન્યા છે.

ઘટનાની જાણ થતાં જ સંબંધિત વિભાગની ટેકનિકલ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લીકેજ બંધ કરી સમારકામની કામગીરી હાથ ધરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં ભુજના વિવિધ વિસ્તારોમાં લોકોને ચાર-પાંચ દિવસે પાણી મળી રહ્યું છે અને જ્યાં પાણી આવે છે ત્યાં પણ લો-પ્રેશર તેમજ ગટર લાઈન મિક્સ થવાના કારણે દૂષિત પાણી આવવાની ફરિયાદો છે. માધાપર ગામમાં પણ પાણીની ભારે અછત પ્રવર્તી રહી છે. એક તરફ જનતા પાણી માટે વલખાં મારી રહી છે અને બીજી તરફ તંત્રની બેદરકારીને કારણે લાખો લીટર પાણીનો બગાડ થતાં સોશિયલ મીડિયા પર લોકો દ્વારા તંત્રની કામગીરીની આકરી ટીકા કરવામાં આવી રહી છે, તેમજ પાઈપલાઈનની નિયમિત દેખરેખ અને જાળવણી રાખવા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

# કચ્છમાં અસહ્ય ઉકળાટ અને ગરમીથી જનજીવન ત્રસ્ત

**મેઘરાજાના આગમનની આતુરતાપૂર્વક જોવાતી રાહ : અલ નીનોની અસરથી મોસમ મોડી પડવાની ભીતિ : ભુજ સહિત વિવિધ વિસ્તારોમાં પારો ૪૦ ડિગ્રીને પાર : આગામી એક સપ્તાહ સુધી રાહત મળવાની સંભાવના નહિવત**

ભુજ - કચ્છઉદય : સમગ્ર ગુજરાતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પણ લોકો ચોમાસાના મંગલ પ્રારંભની ચાતક નયને પ્રતીક્ષા કરી રહ્યા છે. જોકે, ચાલુ વર્ષે અલ નીનોના પ્રભાવને કારણે વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, આ અસરોને લીધે ચોમાસું તેના નિર્ધારિત સમય કરતાં થોડું મોડું શરૂ થાય અને સરેરાશ કરતાં ઓછો વરસાદ પડે તેવી સંભાવનાએ જગતાત સહિત સામાન્ય નાગરિકોમાં ચિંતા વધારી દીધી છે. આ તરફ જિલ્લામાં સૂર્યદેવનો પ્રકોપ યથાવત રહેતાં મહત્તમ તાપમાન ફરી એકવાર ૪૦ ડિગ્રીની સપાટીએ પહોંચી ગયું છે, જેના કારણે પ્રજાજનો ભારે અકળામણ અનુભવી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિ જોતાં આગામી દિવસોમાં પણ આ આકરા તાપ અને બફારામાંથી મુક્તિ મળે તેવા કોઈ ચિહ્નો દેખાતા નથી. અંજાર અને ગાંધીધામ પંથકમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ નોંધાતાં બપોરના સમયે આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેવો અહેસાસ થયો હતો, જેના લીધે રસ્તાઓ સુમસામ ભાસતા હતા. બીજી તરફ, જિલ્લા મુખ્યમથક ભુજ તેમજ કંડલા બંદર ખાતે તાપમાનનો પારો ભલે ૩૭ ડિગ્રી રહ્યો હોય, પરંતુ હવામાં ભેજનું ઊંચું પ્રમાણ હોવાને કારણે અસહ્ય બફારાએ લોકોને પરસેવે રેબઝેબ કરી દીધા હતા. રાત્રિના સમયે પણ લઘુતમ તાપમાન ૨૮ થી ૨૯ ડિગ્રી જેટલું ઊંચું રહેતાં રાત્રે પણ ગરમીથી રાહત મળતી નથી. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આગામી સાત દિવસના પૂર્વાનુમાન અનુસાર, કચ્છમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮ થી ૩૦ ડિગ્રીની આસપાસ જળવાઈ રહેશે. ચાલુ સપ્તાહ દરમિયાન પ્રિ-મોન્સૂન એક્ટિવિટી એટલે કે ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ શરૂ થવાના અણસાર ખૂબ જ નહિવત છે, જેના કારણે ગરમી અને ઉકળાટનો આ આકરો મિજાજ હજુ યથાવત રહેશે તેમ હવામાન નિષ્ણાતોનું માનવું છે. અગાઉ એવો અંદાજ હતો કે જૂન મહિનાના છેલ્લા અઠવાડિયામાં કચ્છમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ જશે, પરંતુ બદલાયેલા સમીકરણો જોતાં હવે જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી મેઘરાજાનું આગમન લંબાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે.

**અંજાર-સતાપર રોડ પર આવેલ**

# ગોવર્ધન બ્રિજ પર ડ્રેનેજ લાઈનની બેદરકારી મુદ્દે તાત્કાલિક મરામતની કોંગ્રેસની માંગ

અંજાર - કચ્છઉદય : કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નેશનલ હાઈવે-૩૪૧ પર અંજાર-સતાપર વચ્ચે આવેલા ગોવર્ધન બ્રિજ ખાતે ડ્રેનેજ લાઈનની ગંભીર ખામી અને માર્ગની બગડેલી હાલત અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. આ અંગે સમિતિએ નેશનલ હાઈવે પ્રોજેક્ટ મેનેજરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સુધારણા કામગીરી શરૂ કરવા અનુરોધ કર્યો છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ઓવરબ્રિજ પર વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે બનાવવામાં આવેલી ડ્રેનેજ લાઈન હાલ અત્યંત ખરાબ સ્થિતિમાં છે. અનેક જગ્યાએ લાઈન તૂટી જવાથી તથા યોગ્ય જાળવણીના અભાવે બ્રિજ પર પાણી ભરાવાની અને માર્ગ જોખમજનક બનવાની સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો સતત વધી રહ્યો છે. કોંગ્રેસ સમિતિના આક્ષેપ મુજબ આ બેદરકારીના કારણે અગાઉ બે લોકોના મૃત્યુ અને આઠ જેટલા લોકો ઘાયલ થયા હોવાના ગંભીર બનાવો સામે આવ્યા છે. સતત અકસ્માતોની શક્યતા હોવા છતાં સંબંધિત વિભાગ દ્વારા યોગ્ય મરામત કે સુધારણા કામગીરી હાથ ધરવામાં ન આવતાં સ્થાનિકોમાં રોષ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સમિતિએ વધુમાં જણાવ્યું છે કે આ મુદ્દે અગાઉ પણ સંબંધિત અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને વિભાગને જાણ કરવામાં આવી હતી, છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. આ સાથે ચેતવણી આપવામાં આવી છે કે જો સાત દિવસની અંદર ડ્રેનેજ લાઈનની મરામત, શિફ્ટિંગ તેમજ બ્રિજની જરૂરી સુધારણા કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો જાહેર ધરણા, આંદોલન તેમજ જરૂર પડે તો રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે. કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી નેશનલ હાઈવે વિભાગ અને સંબંધિત કોન્ટ્રાક્ટર એજન્સી પર રહેશે.

# ભચાઉમાં બંધ પડેલી કંપનીમાં ભીષણ આગ

**યુરો મલ્ટિવિઝન કંપનીમાં રાખેલો પ્લાયવુડ અને ડીવીડી કેસેટનો જથ્થો બળીને ખાખ : બ્લાસ્ટના ધડાકા વચ્ચે ફાયર ટીમે ૩ કલાકની ભારે જહેમત બાદ આગ પર મેળવ્યો કાબૂ**




ભચાઉ - કચ્છઉદય : ભચાઉ-દુધઈ હાઈવે પર આવેલી અને હાલમાં બંધ હાલતમાં રહેલી યુરો મલ્ટિવિઝન કંપનીમાં ગઈકાલે સાંજે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

આ કંપનીમાં મોટા પ્રમાણમાં પ્લાયવુડ અને ડીવીડી કેસેટોનો જથ્થો સંગ્રહિત હોવાના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ ભચાઉ નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

સાંજે આશરે સાડા પાંચ વાગ્યાની આસપાસ લાગેલી આ આગ એટલી ભયંકર હતી કે ફાયર વિભાગની એક ટીમ માટે તેના પર કાબૂ મેળવવો અશક્ય જણાતો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બાજુમાં જ આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝના સંસાધનો અને સ્ટાફની તાકીદે મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટિંગની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન કંપનીની અંદર રાખેલા ફાયર સેફ્ટીના જૂના સિલિન્ડરો એક પછી એક એમ ધડાકાભેર ફાટવાનું શરૂ થયું હતું. આગના કારણે અંદાજે ૬ થી વધુ હાઈ-ઈન્ટેન્સિટી બ્લાસ્ટ થતાં બચાવ કામગીરીમાં ભારે અવરોધ ઊભો થયો હતો અને વાતાવરણ ભયભીત બની ગયું હતું. જોકે, આવી વિપરીત અને જોખમી પરિસ્થિતિમાં પણ ફાયરના જવાનોએ હિંમત હાર્યા વગર સતત ૩ કલાક સુધી પાણીનો મારો ચલાવીને આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

આ સફળ ઓપરેશનમાં ભચાઉ ફાયર ટીમ તરફથી પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ સોઢા અને મયુરભાઈએ જીવના જોખમે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. આ સાથે જ પડોશમાં આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝના બળદેવ પ્રજાપતિ અને રામસીંગ ઝાલાએ પણ સક્રિય સહયોગ આપીને આગને વધુ ફેલાતી અટકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ કંપનીમાં રાખેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો છે.

# મખણા ગામે શિવ કથામાં દેવી પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો






મખણા - કચ્છઉદય : મખણા રબારી સમાજ આયોજિત શિવ કથામાં દેવી પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. કથા વક્તા યુવા આંતરરાષ્ટ્રીય કથાકાર ધ્રુવકુમાર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે માતાજી ધર્મના રક્ષણ માટે નવા-નવા રૂપમાં અવતાર ધારણ કરે છે. તેમણે કથા દરમ્યાન સતીનું પ્રાગટ્ય, બિલી, ભસ્મ, રૂદ્રાક્ષનું વર્ણન કર્યું હતું.

કથા દરમ્યાન રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન રબારી, હરિભાઈ જાટિયા, મશરૂભાઈ રબારી, અખિલ કચ્છ રબારી સમાજ પ્રમુખ હિરા (બાપા), દેવા રબારી, ભુવાજી જેશા બાપા (ગુડુવાદાદા), બોચાના ભુવાજી દુલા બાપા ઉપસ્થિત રહ્યા હતા. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૫.૩૦નો રખાયો છે. તા.૧૭-૬ના કથા વિરામ પામશે.

# ગાંધીનગરથી ગંગટોકની સેલ્ફડ્રાઈવ રોડ ટ્રીપ સફળતાપૂર્વક ૧૪ દિવસમાં પૂર્ણ

**૫૦ વર્ષથી ઉપરની ઉમરના સાહસિકોના ચહેરા પર ઉત્સાહનું સ્મિત જોવા મળ્યો**





ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીનગરથી ગંગટોકની સેલ્ફડ્રાઈવ રોડ ટ્રિપ સફળતાપૂર્વક ૪૮૨૯ કિલોમીટરની ૧૪ દિવસની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી ૫ જૂનનાં ગાંધીનગર પરત આવી હતી ત્યારે તમામ ૫૦ વર્ષથી ઉપરની ઉમરના સાહસિકોના ચહેરા પર ઉત્સાહનું સ્મિત દશ્યમાન થતું હતું. ઘરે પરત ફર્યા ત્યારે સંબંધીઓ અને શુભેચ્છકો માટે ઉત્સવ નો માહોલ સર્જાયો હતો. તમામ આઠેય વરિષ્ઠ સાહસિકો ઉદય અંતાણી -ગાંધીનગર, વિરલ વોરા -ભુજ, દિવ્યાંશુ ધોળકિયા -ભાવનગર, ભરત ઠક્કર -ગોવિંદ દનિચા પંકજ ઠક્કર બળવંત ઠક્કર આદિપુર, ગાંધીધામ તથા રાજેન્દ્ર જાધવ ને તિલક કરી પુષ્પથી વધામણાં કરવામાં આવ્યાં હતાં અને દરેકને સ્મૃતિચિહ્ન તરીકે સફરની ટીમનો ગ્રુપ ફોટો આપ વામાં આવ્યો હતો. આ સફળ આયોજન માટે સફર ના સભ્યો દ્વારા મુખ્ય આયોજકો ઉદય અંતાણી અને વિરલભાઈ વોરા નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સાહસ સફરનું તારીખ ૨૩ મે ના રોજ ગાંધીનગરથી ઉદય અંતાણીના ૮૮ વર્ષીય માતા દક્ષાબેન અંતાણી દ્વારા ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. અનેક શુભચિંતકો આગળ વધતાં ટ્રપીની સમય સારણી મુજબ ઉજ્જૈન, જબલપુર, વારાણસી, પૂર્ણીયા, ગંગટોક, દાર્જિલિંગ, મુઝ્ઝફરપૂર, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને કોટા થઈ તારીખ ૫ જૂનનાં ગાંધીનગર પરત થઈ હતી.

આ ટ્રીપ દરમ્યાન ઉજ્જૈનના મહાકાલ તથા વારાણસીના વિશ્વનાથ જ્યોતિર્લિંગના દર્શન ઉપરાંત માર્ગમાં આવતાં અનેક પ્રાચીન સ્થળો જેવાંકે કુબેરેશ્વર ધામ મહાદેવ મંદિર, સિહોર, ભેડાઘાટ, ધુંઆધાર ધોધ જબલપુર, માં શારદા ટેમ્પલ, મૈહર, માં વિન્ધ્યવાસિની ધામ, વિંધ્યાચલ, સેવોકેશ્વરી કાલી ટેમ્પલ, કોરોનશન બ્રીજ, સેવોક, તિસ્તા રિવર વ્યૂ પોઈન્ટ, તિસ્તા અને રંગીત નદી સંગમસ્થળ, બટાસીઆ લૂપ, ટાઈગર હિલ સૂર્યોદય, હિમાલયન માઉંટેઈનરીન્ગ ઈન્સ્ટિટ્યૂટ, ઝૂલોજિકલ પાર્ક, ટી ગાર્ડન્સ, રામકૃષ્ણ મિશન, ઘૂમ રેલ્વે સ્ટેશન- દાર્જિલિંગ, હનુમાન પ્રતિમા - કૂરસેઓન્ગ, અહિલ્યા સ્થાન-બિહાર, તખત હરિમંદિર જી પટના સાહિબ ગુરુદ્વારા પટના, સીતા સમાહિત સ્થળ સીતામઢી લેટે હનુમાન મંદિર તથા ત્રિવેણી સંગમ -પ્રયાગરાજ, કામદગિરી પર્વત પ્રદક્ષિણા, રામઘાટ -ચિત્રકૂટ, ચંબલ રિવર ફ્રન્ટ -કોટા તથા સ્ટેચ્યુ ઓફ બિલીફ, નાથદ્વારાની મુલાકાત લીધી હતી

આ ટ્રીપના નિયમ મુજબ તમામ સભ્યો દ્વારા સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમ્યાન રોડ સલામતીના નિયમ અનુસાર ડ્રાઈવીંગ કરવામાં આવ્યું હતું. જ્યારે ખડા ચઢાણ અને ઉંડા ઉતરાણ પર પોતાની બાહોશી અને કુશળતાથી બળવંત ઠકકર તથા રાજેન્દ્ર જાધવ દ્વારા ખંતપૂર્વક કરવામાં આવ્યું હતું.

તેમનો ખાસ આભાર વ્યક્ત કરવો જ રહ્યો ! ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર બંગાળ , સિક્કિમ અને રાજસ્થાન રાજ્યો પસાર કરી આ રોડ ટ્રીપ દ્વારા અંતર કાપવામાં આવ્યું હતું, જ્યારે માર્ગમાં સાબરમતી ક્ષીપ્રા નર્મદા, ગંગા, યમુના, ગંડક તિસ્તા, સેવોક વગેરે જેવી મુખ્ય નદીઓ આવી હતી. હવે પછીની રોડ ટ્રીપ માટે કૈલાશ દર્શનનો વિચાર વ્યક્ત કર્યો છે જે ૨૦૨૭-૨૮ દરમ્યાન થશે એનું આયોજન કરવામાં આવશે.

# ભુજમાં સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગો માટે કેમ્પ યોજાયો





**ઝાયડસ હોસ્પિટલ દ્વારા આયોજિત કેમ્પનો મોટી સંખ્યામાં દર્દીઓએ લીધો લાભ**

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે ઝાયડસ હોસ્પિટલ અમદાવાદ દ્વારા ગત શુક્રવારના રોજ સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોના નિદાન તથા સારવાર માટે એક વિશેષ ઓપીડી કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય તબીબી કેમ્પમાં પંથકના અનેક દર્દીઓએ ઉપસ્થિત રહીને નિષ્ણાંત તબીબની સેવાનો બહોળો લાભ લીધો હતો.

ભુજ શહેરના રાવલવાડી રીલોકેશન સાઈટ પર રઘુવંશી ચોકડી પાસે આવેલા એલએનએમ ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે આ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં અમદાવાદની ખ્યાતનામ ઝાયડસ હોસ્પિટલના જાણીતા સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોના નિષ્ણાંત તબીબ ડૉ. અજય ચોક્સીએ પોતાની સેવાઓ આપી હતી. તેમણે કેમ્પમાં આવેલા દર્દીઓની ઝીણવટભરી તપાસ કરીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઓપીડી કેમ્પ દરમિયાન ખાસ કરીને કમળો, લીવરના વિવિધ રોગો, લીવર સીરોસીસ, પેટમાં પાણી ભરાવું, પેટમાં સતત દુખાવો રહેવો તેમજ સ્વાદુપિંડમાં સોજો અથવા ઈન્ફેક્શન એટલે કે પેક્રિયાટાઈટિસ જેવી ગંભીર સમસ્યાઓ ધરાવતા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત ઝાડામાં અથવા ઉલ્ટીમાં લોહી પડવું, લાંબા સમયથી ઝાડાની તકલીફ હોવી, આંતરડા અને જઠરમાં ચાંદા, અલ્સરેટિવ કોલાઈટિસ તેમજ આંતરડાના ટીબી જેવા રોગોના લક્ષણો ધરાવતા અસંખ્ય દર્દીઓ આ કેમ્પમાં સહભાગી થયા હતા. મોટી સંખ્યામાં દર્દીઓએ આ સુવિધાનો લાભ લીધો હતો અને સ્થાનિક સ્તરે જ અમદાવાદના નિષ્ણાંત ડૉક્ટરની સેવાઓ મળી રહેતા લોકોએ ભારે રાહત અનુભવી હતી.

# રાપર પોલીસ સ્ટેશનમાં મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ગુનો દાખલ

રાપર - કચ્છઉદય :રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુગરીધાર, પાંજરાપોળની પાછળ આવેલ પટેલ ટ્રસ્ટની વાડીમાં મારામારીનો બનાવ સામે આવ્યો છે. આ અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં- ૧૧૯૯૩૦ ૧૦૨૬૦ ૩૩૭/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ- ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૨૯૬(ખ), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ- ૧૩૫ મુજબ ગુનો નોંધાયો છે. આ ઘટના તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૬:૧૪ વાગ્યાના અરસામાં બની હતી. આ કેસની વિગત એવી છે કે, વાડીમાં કેમ આવેલ છે તેમ કહી આરોપી નંબર-૦૧ જગદીશ ડાયાભાઈ નટ અને આરોપી નંબર-૦૨ રોહિત ડાયાભાઈ નટ (બંને રહે. ગુગરીધાર, પાંજરાપોળની પાછળ, રાપર) એ ફરિયાદી દેવાભાઈ મેમાભાઈ ગોહિલ (ઉ.વ. ૨૫, ધંધો ખેતી) ને બિભત્સ ગાળો આપી હતી. ત્યારબાદ આરોપી નંબર-૦૨ એ ફરિયાદીને ધક્કા-બુશટનો માર માર્યો હતો અને આરોપી નંબર-૦૧ એ પોતાના હાથમાં રહેલ લાકડી ફરિયાદીની જમણી આંખની બાજુમાં મારી દીધી હતી, જેના કારણે ફરિયાદીને બે ટાંકા આવ્યા છે. બંને આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી તેમજ મહેરબાન ડી.એમ. સાહેબ કચ્છ ભુજના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને આ ગુનો આચર્યો છે. આ મામલે રાપર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ચંદનભાઈ ઈશ્વરભાઈ દ્વારા ગુનો નોંધીને આગળની તપાસ એ.એસ.આઈ. નીલમબેન લગધીરતેજા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# રાપરમાં જૂની અદાવતમાં યુવક પર છરી વડે જાનલેવા હુમલો

રાપર - કચ્છઉદય : રાપરના પાંજરાપોળ પાછળ વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષીય શ્રમિક યુવક જગદીશભાઈ ડાયાભાઈ નટ પર જૂની અદાવતનું મનદુ:ખ રાખી બે ઈસમોએ જાનલેવા હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી યુવક પોતાના ઘર આગળ બેઠો હતો, ત્યારે પાડોશમાં રહેતા અશોક જેસીંગભાઈ નટ અને શ્રવણ જેસીંગભાઈ નટે આવીને ગાળાગાળી કરી હતી. તે દરમિયાન આરોપી અશોકે ઉશ્કેરાઈ જઈ ફરિયાદીના ગળાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે યુવકને ગંભીર ઈજા થતાં ગળાના ભાગે ૯ ટાંકા આવ્યા હતા. બીજા આરોપી શ્રવણે ફરિયાદીને ધકબુસટનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યો હોવાથી રાપર પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ ચંદનભાઈ અને એએસ.આઈ. નીલમબેન દ્વારા આગળની તપાસ હાથ કરાઈ છે.

**જાહેર હરાજી**

કચ્છ જિલ્લાની રાપર તાલુકાની શ્રી ફતેહગઢ કુમાર પ્રાથમિક ગ્રુપ શાળા ના શેડની હરાજી અને જર્જરિત ૨ (બે) ઓરડા તોડી તેનો કાટમાળ દૂર કરી જમીન સમતલ બનાવી આપવાની જાહેર હરાજી તારીખ ૨૦/૦૬/૨૦૨૬ વાર શનિવાર સવારે ૧૧:૦૦ કલાકે જાહેર હરાજી કરવાની હોઈ રસ ધરાવતા લોકોએ નીચેના સ્થળે સમયસર હાજર રહેવું નિયમો અને શરતો સ્થળ પર વાંચી સંભળાવવા માં આવશે.


સ્થળ શ્રી ફતેહગઢ કુમાર પ્રા. શાળા
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
સમય : ૧૧:૦૦ કલાકે

SMC તથા આચાર્ય શ્રી ફતેહગઢ કૂ. પ્રા. શાળા
મોબાઈલ નં -૯૨૬૫૮૮૩૯૯૮
નં- ૯૯૨૪૫૧૧૭૦૫

શાળા વ્યવસ્થાપન સમિતિ [SMC]
શ્રી ફતેહગઢ કુ. પ્રા. ગૃપ શાળા
તા-રાપર જિ-કચ્છ

આચાર્ય
શ્રી ફતેહગઢ કુમાર પ્રા.ગૃપ શાળા
ફતેહગઢ તા -રાપર જિ -કચ્છ

ભુજમાં મળી શકશે
શનિવાર તા. ૨૦-૬-૨૦૨૬
ડો. ફહીમ લાલા
સીટી આઈ હોસ્પીટલ
M. 9510561563



ત્રાંસી આંખના સ્પેશ્યાલીસ્ટ
બાળકોની આંખની બિમારી
ડો. જીતેન્દ્ર જેઠાણી
ઓપરેશનવાળા દર્દીઓએ ૨-૪ દિવસ પહેલા આવીને મળી જવું.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ - ટેન્ડર નં.: 47-2026-27 થી 48-2026-27 & 50-2026-27 થી 51-2026-27

| નં. | ઈ -ટેન્ડર નં | કાર્ય નું નામ | ટેન્ડર કિંમત રુ. | ઈએમડી રુ. |
|---|---|---|---|---|
| 1 | 47-2026-27 | ભાવનગર મંડળના મંજૂર કામ અંતર્ગત જોરાવરનગર અને ચૂડા રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ, 03 સ્ટેશનનો પુનર્વિકાસના (જોરાવરનગર, પાનેલી મોટી અને ચૂડા) | 48992837.33 | 979900.00 |
| 2 | 48-2026-27 | ભાવનગર મંડળના મંજૂર કામ અંતર્ગત 8 NSG-6 શ્રેણીના સ્ટેશનો પર હાલના સ્તરથી ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મ બનાવવા માટે ખોડિયાર મંદિર, કુંડલી અને જાળિયા સ્ટેશનો પર પ્લેટફોર્મ ઊંચું કરવાની કામગીરી. | 35422558.80 | 708500.00 |
| 3 | 50-2026-27 | PRCL વિભાગના ઢસા–પીપાવાવ સેકશનમાં વરિષ્ઠ વિભાગીય ઈજનેર (C) ના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલા 27 લેવલ ક્રોસિંગ પર પોર્ટા કેબિનના સ્થાને ડ્યુટી બંકની વ્યવસ્થા. | 40005615.93 | 800100.00 |
| 4 | 51-2026-27 | ભાવનગર મંડળ : ગોંડલ રેલવે સ્ટેશન ખાતે ગુડ્સ શેડ સંબંધિત સુવિધાઓની વ્યવસ્થા. | 72809912.22 | 1456200.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 19/06/2026 બિડિંગ બંધ થવાની તારીખ: 03/07/2026 NIT ને રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ - 11/06/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. BVP 056

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# પાટણમાં રૂ. ૩૯૮ કરોડના સાયબર કૌભાંડનો ભાંડાફોડ

## 'ઓપરેશન મ્યુલ હંટ ૨.૦' અંતર્ગત દેશવ્યાપી ઠગ નેટવર્કનો પર્દાફાશ : ૨૨૮ ફરિયાદો સાથે જોડાણ, ૧૪ આરોપીઓ ઝડપાયા

ભુજ - કચ્છઉદય : ગુજરાતમાં સાયબર ગુનાઓ સામે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન પાટણ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. 'ઓપરેશન મ્યુલ હંટ ૨.૦' અંતર્ગત પોલીસે દેશભરમાં ફેલાયેલા એક એવા સંગઠિત સાયબર ઠગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જે ભાડે લેવામાં આવેલા બેંક ખાતાઓ મારફતે કરોડો રૂપિયાના ગેરકાયદે નાણાંકીય વ્યવહારો ચલાવતું હતું. તપાસમાં રૂ. ૩૯૮.૪૩ કરોડના આર્થિક વ્યવહારો સામે આવ્યા છે, જેને રાજ્યના તાજેતરના સમયના સૌથી મોટા સાયબર કૌભાંડોમાંથી એક માનવામાં આવી રહ્યું છે.

બનાસકાંઠા રેન્જના આઈજી પરિક્ષીતા રાઠોડ અને પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક વી.કે. નાયીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ તપાસ દરમિયાન કેન્દ્ર સરકારના નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ વિશ્લેષણ દરમિયાન હારીજ નાગરિક સહકારી બેંક લિમિટેડ, હારીજ ખાતે ખોલાયેલા કેટલાક શંકાસ્પદ ખાતાઓ સામે આવ્યા હતા. જેના આધારે પોલીસે વધુ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી.

તપાસમાં બહાર આવ્યું કે સાયબર ગુનેગારો સીધા પોતાના નામે ખાતા ખોલાવવાને બદલે વચેટિયાઓ મારફતે સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોનો સંપર્ક કરતા હતા. તેમને માસિક કમિશન, રોકડ રકમ અથવા અન્ય આર્થિક લાભોની લાલચ આપી તેમના નામે કરંટ એકાઉન્ટ ખોલાવવામાં આવતા હતા. ત્યારબાદ તે ખાતાઓના એટીએમ કાર્ડ, પાસબુક, ચેકબુક, મોબાઈલ નંબર અને ઈન્ટરનેટ બેંકિંગની સંપૂર્ણ માહિતી ગુનેગારો પોતાના કબજામાં લઈ લેતા હતા.

આવા ખાતાઓને સાયબર જગતમાં 'મ્યુલ એકાઉન્ટ્સ' તરીકે ઓળખવામાં આવે છે. આ ખાતાઓનો ઉપયોગ વિવિધ પ્રકારની સાયબર છેતરપિંડીમાંથી મેળવેલી રકમને એક ખાતાથી બીજા ખાતામાં ફેરવવા અને તેના મૂળ સ્ત્રોતને છુપાવવા માટે કરવામાં આવે છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ખાતાઓ મારફતે ડિજિટલ અરેસ્ટ, સેક્સટોર્શન, ઓનલાઈન સટ્ટાબાજી, ફેક ટ્રેડિંગ એપ્લિકેશન, રોકાણના નામે છેતરપિંડી, લોન ફ્રોડ, ઓટીપી ફ્રોડ તથા અન્ય અનેક પ્રકારના સાયબર ગુનાઓમાંથી મળેલી રકમની હેરફેર કરવામાં આવતી હતી.

સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં કુલ ૧૩ બેંક ખાતાઓ મારફતે રૂ. ૩૯૮.૪૩ કરોડ જેટલી વિશાળ રકમના વ્યવહારો થયાનું સામે આવ્યું છે. આ ખાતાઓ સાથે દેશના વિવિધ રાજ્યોમાંથી નોંધાયેલી કુલ ૨૨૮ સાયબર ફરિયાદો જોડાયેલી હોવાનું પણ ખુલ્યું છે. ફરિયાદોની સંખ્યા અને નાણાંકીય વ્યવહારોનું પ્રમાણ જોતા આ નેટવર્ક કેટલું વ્યાપક અને સુનિયોજિત હતું તેનો અંદાજ લગાવી શકાય છે. પોલીસના જણાવ્યા મુજબ બેંક ખાતાઓમાં ખૂબ જ ટૂંકા ગાળામાં કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન થતા હતા. સામાન્ય આવક ધરાવતા ખાતાધારકોના ખાતાઓમાં અચાનક કરોડો રૂપિયાની આવક અને જાવક નોંધાતા સાયબર ક્રાઈમ વિભાગ સતર્ક બન્યો હતો. ત્યારબાદ ટેક્નિકલ સર્વેલન્સ, ડેટા એનાલિસિસ અને બેંકિંગ ટ્રેલના આધારે સમગ્ર નેટવર્ક સુધી પહોંચવામાં સફળતા મળી હતી.

આ કેસમાં અત્યાર સુધી ૧૩ ખાતાધારકો અને ૭ વચેટિયાઓ સહિત કુલ ૨૦ વ્યક્તિઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે રોહન ઠાકોર, વિષ્ણુ પ્રજાપતિ સહિત કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે અમદાવાદના જયદીપ ઉર્ફે જે.ડી. ઠક્કર સહિતના ૬ આરોપીઓ હજુ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. તેમની શોધખોળ માટે વિવિધ ટીમો કાર્યરત કરવામાં આવી છે. તપાસ દરમિયાન એવી પણ વિગતો સામે આવી છે કે આરોપીઓ માત્ર ગુજરાત પૂરતા મર્યાદિત નહોતા, પરંતુ દેશના વિવિધ રાજ્યોમાં ફેલાયેલા સાયબર ઠગો સાથે સંકળાયેલા હતા. ગેરકાયદે નાણાંને ઝડપથી એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરીને તેના મૂળ સ્ત્રોતને છુપાવવાની પદ્ધતિ અપનાવવામાં આવતી હતી. જેના કારણે છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને પોતાની રકમ પાછી મેળવવામાં ભારે મુશ્કેલી પડતી હતી.

પીઆઈ આર.જી. ઉનાગર અને તેમની ટીમે સમગ્ર ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ હજુ તપાસ ચાલુ છે અને કૌભાંડનો વ્યાપ વધુ મોટો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. બેંકિંગ વ્યવહારો, મોબાઈલ કનેક્શન, ડિજિટલ પેમેન્ટ ટ્રેલ અને અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવાઓના આધારે વધુ આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વ્યક્તિએ કમિશન કે રોકડની લાલચમાં આવી પોતાનું બેંક ખાતું, એટીએમ કાર્ડ, સિમકાર્ડ અથવા ઈન્ટરનેટ બેંકિંગની વિગતો અન્ય વ્યક્તિને સોંપવી નહીં. કારણ કે આવા ખાતાઓનો ઉપયોગ ગુનાહિત પ્રવૃત્તિઓમાં થતો હોય છે અને ખાતાધારક પણ કાયદાકીય કાર્યવાહીમાં સપડાઈ શકે છે. પાટણમાં બહાર આવેલું આ રૂ. ૩૯૮ કરોડનું કૌભાંડ સાયબર ગુનેગારો દ્વારા અપનાવવામાં આવતી નવી પદ્ધતિઓ સામે ચેતવણીરૂપ બની રહ્યું છે અને સાયબર સુરક્ષા અંગે વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત પણ ઉજાગર કરે છે.

# કચ્છમાં દોડતાં ભારે વાહનોમાં ક્લીનર રાખવાનો નિયમ ફરજિયાત કરવા ગૃહમંત્રીને રજૂઆત

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં તાજેતરમાં ડ્રાઈવરની બેદરકારીના કારણે સર્જાયેલા એક દર્દનાક અકસ્માતમાં વિધિ જગદીશભાઈ વાઘેલા નામની ૧૯ વર્ષની આશાસ્પદ યુવતીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અકસ્માત બાદ યુવતીનો મૃતદેહ અડધાથી એક કિલોમીટર સુધી ટ્રક સાથે ઘસડાયો હોવાની કાળજું કંપાવી દેનારી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે ભુજના મદનપુર (સુખપર) ગામના અગ્રણી રામજીભાઈ વેલાણી દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને વાહનવ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખીને એક મહત્વની રજૂઆત કરવામાં આવી છે.

આ રજુઆતમાં જણાવાયું છે કે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં વાહનવ્યવહાર ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. આવા સમયે હાઈવે પર ડ્રાઈવરની સહાયતા માટે ક્લીનર વગર દોડતા અસંખ્ય ભારે વાહનો અને મહાકાય ટ્રેલરો જોખમી સાબિત થઈ રહ્યા છે. અગાઉ સામાન્ય ટ્રકોમાં પણ ડ્રાઈવરની બાજુની સીટ પર સહાયક તરીકે ક્લીનર જોવા મળતા હતા, પરંતુ હાલમાં ૯૯ ટકા કિસ્સાઓમાં ભારે વાહનો ક્લીનર વગર જ દોડી રહ્યા છે. ટ્રાફિકમાં દિશાસૂચન કરવું, રસ્તાની સ્થિતિ પર નજર રાખવી, ટાયર અને દસ્તાવેજોની સંભાળ રાખવી તેમજ લાંબી મુસાફરી દરમિયાન ડ્રાઈવરને થાક કે ઊંઘ આવે ત્યારે સચેત કરવા જેવી બાબતોમાં ક્લીનરની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. ક્લીનરના અભાવે બધી જવાબદારી માત્ર ડ્રાઈવર પર આવી જતાં માનસિક દબાણ અને શારીરિક થાકને કારણે અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ ઉપરાંત કચ્છમાં અતિ મોટી ગોળાઈ ધરાવતા લોખંડના પાઈપો, લાંબા સળિયા અને વીજ થાંભલા જેવા જોખમી માલસામાનને પૂરતી સુરક્ષા વગર જ લાંબા અંતર સુધી હેરફેર કરવામાં આવી રહી છે. આરટીઓ અને પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટ જેવા નિયમોનું કડક પાલન કરાવવામાં આવે છે તે પ્રશંસનીય છે, પરંતુ અકસ્માતો માટે નિમિત્ત બનતા આવા મોટા વાહનોના નિયમો પ્રત્યે દુર્લક્ષ સેવાય છે તે ગંભીર બાબત છે. હેલ્મેટ પહેરેલું હોય તો પણ ભારે વાહનની અડફેટે આવતા દ્વિચક્રી વાહનચાલક બચી શકતો નથી. આથી પ્રજાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દરેક ભારે વાહનોમાં ક્લીનર રાખવાનો નિયમ તાકીદે ફરજિયાત કરવામાં આવે તેવી સંવેદનશીલ અને કાયમી નિર્ણયની અપેક્ષા પત્રમાં વ્યક્ત કરવામાં આવી છે.

# નમો ભારત ટ્રેનમાં બેઠક સંખ્યા વધારવા કચ્છમાંથી રજૂઆત

## ભુજ-અમદાવાદ રૂટ પર વધતી મુસાફરીને ધ્યાનમાં રાખી વધારાના એસી કોચ જોડવાની માંગ

ગાંધીધામ - કચ્છ ઉદય : ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી નમો ભારત રેપિડ ટ્રેનને મુસાફરોનો મળતો જંગી પ્રતિસાદ હવે તેની ક્ષમતા વધારવાની જરૂરિયાત તરફ ઈશારો કરી રહ્યો છે. કચ્છના મુસાફરોને વધુ સુવિધા મળે અને વધતી માંગને પહોંચી વળાય તે હેતુથી ટ્રેનમાં ત્રણથી ચાર વધારાના એસી કોચ જોડવાની માંગ સાથે કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીધામના નાગરિક સુરેશભાઈ ગુપ્તાએ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે નમો ભારત ટ્રેન શરૂ થયા બાદ કચ્છ અને અમદાવાદ વચ્ચે મુસાફરી વધુ સરળ, ઝડપી અને આરામદાયક બની છે. દરરોજ મોટી સંખ્યામાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તેમજ વિવિધ કામકાજ માટે આવતા-જતા મુસાફરો આ ટ્રેનનો ઉપયોગ કરે છે. પરિણામે ખાસ કરીને એસી કોચમાં બેઠકો માટે ભારે માંગ રહેતી હોવાથી ઘણી વખત મુસાફરોને આરક્ષણ મેળવવામાં મુશ્કેલી પડે છે.

તેમણે જણાવ્યું છે કે ટ્રેનમાં વધારાના ત્રણથી ચાર એસી કોચ ઉમેરવામાં આવે અને એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો મુસાફરોને વધુ રાહત મળશે. વધારાની બેઠકો ઉપલબ્ધ થતાં મુસાફરોને છેલ્લી ઘડીએ મુસાફરીનું આયોજન કરવામાં પણ સરળતા રહેશે.

રજૂઆતમાં એ પણ ઉલ્લેખ કરાયો છે કે રેલવેની ક્ષમતા વધવાથી ખાનગી વાહનો અને માર્ગ પરિવહન પરનો ભાર ઘટશે. વધુ લોકો ટ્રેન મુસાફરી તરફ વળતા ઈંધણની બચત થશે, ટ્રાફિકનું દબાણ ઓછું થશે અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્રદૂષણમાં પણ ઘટાડો નોંધાશે. રેલવે પરિવહનને વધુ પ્રોત્સાહન મળવાથી મુસાફરોને સલામત અને સસ્તો વિકલ્પ પણ ઉપલબ્ધ થશે.

ભુજ-અમદાવાદ વચ્ચેનો આ રૂટ કચ્છ માટે જીવનરેખા સમાન ગણાય છે. વેપાર, શિક્ષણ, આરોગ્ય અને અન્ય જરૂરી કામો માટે હજારો લોકો નિયમિત મુસાફરી કરતા હોવાથી નમો ભારત ટ્રેનમાં વધારાના એસી કોચ જોડવાની માંગને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. હવે રેલવે મંત્રાલય આ માંગણીને કેટલું મહત્વ આપે છે તેના પર કચ્છના મુસાફરોની આશાભરી નજર છે.

# સુમરાસર ગામે ભાગવત સપ્તાહમાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી









## સુમરાસર મહિલા મંડળ અને રાધા કૃષ્ણ મંદિર સમિતિના સંયુક્ત ઉપક્રમે આયોજિત જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી પપ્પુ મહારાજે વહાવી અમૃતવાણી : કથા શ્રવણ માટે ઉમટ્યો કૃષ્ણ ભક્તોનો મહેરામણ

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના સુમરાસર ગામે હાલ ધર્મભક્તિનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. સુમરાસર મહિલા મંડળ દ્વારા આયોજિત અને શ્રી રાધા કૃષ્ણ મંદિર સમિતિના સહ આયોજનથી ગામમાં ભવ્ય 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કથા શ્રવણનો દિવ્ય લહાવો લેવા માટે સમગ્ર ગ્રામજનો સહિત આજુબાજુના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી રહ્યા છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે ઉમંગ, ઉત્સાહ અને પવિત્ર ધાર્મિક વાતાવરણ વ્યાપી ગયું છે.

આ પવિત્ર જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પર બિરાજીને પ્રખર વક્તા જયેશ હરેશભાઈ જોષી (પપ્પુ મહારાજ) પોતાની આગવી અને મધુર શૈલીમાં શ્રોતાઓને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. વ્યાસપીઠ પરથી ભગવાનનું મહાત્મ્ય સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે, શ્રી હરિ સર્વની અંદર વ્યાપક છે અને ખાસ કરીને અધિક માસમાં ભગવાનની ભક્તિનું વિશેષ મહત્વ રહેલું હોય છે. ભવ્ય પોથીયાત્રાથી શરૂ થયેલી આ કથા અંતર્ગત જુદા જુદા ધાર્મિક પ્રસંગો અત્યંત ભાવપૂર્વક ઉજવવામાં આવી રહ્યા છે.

કથાના ચોથા દિવસ દરમિયાન વક્તાશ્રીએ ભગવાનના વિવિધ અવતારોની કથાનું સુંદર વર્ણન કરી, શ્રીકૃષ્ણ જન્મ પાછળ રહેલું આધ્યાત્મિક ગૂઢ રહસ્ય સમજાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, જ્યારે જ્યારે પૃથ્વી પર પાપ અને અનાચાર વધે છે, ત્યારે ત્યારે ભક્તોના રક્ષણ અને કલ્યાણ માટે ભગવાન સ્વયં અવતાર ધારણ કરે છે.

કથા દરમિયાન જ્યારે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવાયો ત્યારે વાતાવરણ નંદઘેર આનંદ ભયોના નારાથી ગુંજી ઉઠ્યું હતું. બાલકૃષ્ણને અત્યંત ઉમંગભેર ટોપલીમાં બેસાડીને જ્યારે ગામની કૃષ્ણભક્ત મહિલાઓએ કથા મંડપમાં પ્રવેશ કર્યો, ત્યારે સમગ્ર પાંખડ ગોકુળિયું બની ગયું હોય તેવો આબેહૂબ માહોલ સર્જાયો હતો. ગત ૯મી તારીખથી શરૂ થયેલી આ ભાવવાહી ભાગવત કથાની આગામી ૧૫મી જૂના રોજ ભક્તિસભર માહોલમાં પૂર્ણાહુતિ થશે.

# સામખિયાળી અકસ્માત કેસમાં વારસદારોને રૂ. ૨.૫૪ કરોડથી વધુ વળતર ચુકવવા આદશે

ભુજ - કચ્છ ઉદય : કચ્છના માર્ગ અકસ્માત સંબંધિત કેસોમાં એક મહત્વપૂર્ણ અને નોંધપાત્ર ગણાય તેવો ચુકાદો ભુજ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવ્યો છે. સામખિયાળી ધોરીમાર્ગ પર સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત નિપજ્યા બાદ તેમના વારસદારો દ્વારા દાખલ કરાયેલી વળતર અરજીઓ પર સુનાવણી પૂર્ણ કરીને ટ્રિબ્યુનલે કુલ રૂ. ૨,૫૪,૮૧,૦૦૦ની રકમ અરજીની તારીખથી ૯ ટકા વ્યાજ સહિત ચૂકવવાનો હુકમ કર્યો છે. આ રકમ બંને વાહનોની વીમા કંપનીઓ દ્વારા ચૂકવવાની રહેશે.

મળતી વિગતો મુજબ, તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ અમૃતલાલ કુંવરજી ઠક્કર, ભુદરલાલ કુંવરજી ઠક્કર અને પાર્વતીબેન ભુદરલાલ ઠક્કર કાર નં. જીજે-૧૨-ડીજી-૯૩૫૩માં મુસાફરી કરીને કચ્છ તરફ પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન સામખિયાળી નજીક ધોરીમાર્ગ પર ટ્રેઈલર નં. જીજે-૧૨-બીડબલ્યુ-૫૮૪૧ સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ત્રણેયના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટનાએ સમગ્ર પરિવારને આઘાતમાં મૂકી દીધો હતો.

મૃતકોના વારસદારો દ્વારા ભુજ ટ્રિબ્યુનલ સમક્ષ અલગ-અલગ વળતરની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. કેસની લાંબી સુનાવણી દરમિયાન અકસ્માતની પરિસ્થિતિ, વાહનોની જવાબદારી, આવકના પુરાવા, કાયદાકીય મુદ્દાઓ તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓનો અભ્યાસ કરીને ટ્રિબ્યુનલે અંતિમ નિર્ણય આપ્યો હતો.

ચુકાદા મુજબ સ્વર્ગસ્થ અમૃતલાલ કુંવરજી ઠક્કરના વારસદારોને રૂ. ૧,૫૭,૬૧,૦૦૦, સ્વર્ગસ્થ ભુદરલાલ કુંવરજી ઠક્કરના વારસદારોને રૂ. ૫૮,૭૭,૦૦૦ અને સ્વર્ગસ્થ પાર્વતીબેન ભુદરલાલ ઠક્કરના વારસદારોને રૂ. ૩૮,૪૩,૦૦૦ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત અરજીઓ દાખલ થયાની તારીખથી વળતરની રકમ પર ૯ ટકા વાર્ષિક વ્યાજ પણ ચૂકવવાનું રહેશે.

ટ્રિબ્યુનલે પોતાના વિસ્તૃત ચુકાદામાં નોંધ્યું હતું કે અકસ્માત પાછળ રસ્તાની વચ્ચે પાર્ક કરાયેલા વાહન સંબંધિત સુરક્ષા નિયમોનું પાલન ન થવું એક મહત્વપૂર્ણ કારણ હતું. ટ્રેઈલર યોગ્ય ચેતવણી ચિહ્નો વિના પાર્ક કરાયું હોવાનું તથા તેની દેખરેખ માટે કોઈ વ્યક્તિ હાજર રાખવામાં આવી ન હોવાનું પણ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. માર્ગ સલામતીના નિયમોની અવગણના અને બેદરકારીને ગંભીર ગણાવી ટ્રિબ્યુનલે જવાબદારી નિશ્ચિત કરી હતી.

કેસ દરમિયાન મૃતક અમૃતલાલભાઈ તથા ભુદરલાલભાઈની વ્યક્તિગત આવક ઉપરાંત હિન્દુ અવિભક્ત કુટુંબની આવકના મુદ્દાની પણ વિગતવાર ચર્ચા થઈ હતી. ટ્રિબ્યુનલે સુપ્રીમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટોના પૂર્વ ચુકાદાઓમાં નિર્ધારિત સિદ્ધાંતોને આધારે આવકની ગણતરી કરીને વારસદારોને યોગ્ય અને ન્યાયસંગત વળતર આપવાનો નિર્ણય કર્યો હતો. કાનૂની વર્તુળોમાં આ ચુકાદાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, કારણ કે તેમાં આવકના મૂલ્યાંકન અને જવાબદારીના મુદ્દાઓ પર વિસ્તૃત કાયદાકીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ કેસમાં અરજદાર પક્ષ તરફથી એડવોકેટ રાજેશ પ્રેમજીભાઈ ઠક્કર અને હાર્દિક એન. જોબનપુત્રાએ દલીલો રજૂ કરી હતી.

# ભુજ-મુંદરા એસ.ટી. રૂટની અવ્યવસ્થાથી મુસાફરો પરેશાન

## બસ ફેઈલ થતાં કલાકો સુધી રાહ જોવાનો વારો, વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે રોષ

ભુજ - કચ્છ ઉદય : કચ્છના વ્યસ્ત ગણાતા ભુજ-મુંદરા એસ.ટી. રૂટ પર જાહેર પરિવહન સેવાની અવ્યવસ્થા ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. બસોની અનિયમિતતા, ટેકનિકલ ખામીઓ અને વૈકલ્પિક વ્યવસ્થાના અભાવને કારણે રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં ભુજથી મુંદરા જતી એક બસ ટેકનિકલ ખામીના કારણે ફેઈલ થઈ જતાં મોટી સંખ્યામાં મુસાફરો કલાકો સુધી બસ સ્ટેન્ડ પર અટવાઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ ભુજથી સવારે ૬:૧૫ વાગ્યે નીકળેલી બસસેવા બાદ આગામી સીધી બસ સવારે ૮ વાગ્યે ઉપલબ્ધ હતી. વચ્ચેની બસ અચાનક ફેઈલ થઈ જતાં મુસાફરો માટે કોઈ વૈકલ્પિક બસની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. પરિણામે વિદ્યાર્થીઓ, નોકરીયાત કર્મચારીઓ, વેપારીઓ, મહિલાઓ તેમજ વરિષ્ઠ નાગરિકોને લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી હતી. મુસાફરોના જણાવ્યા અનુસાર ભુજ-મુંદરા રૂટ પર આવી ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ છે. બસો સમયસર ન આવવી, ટ્રિપ રદ થવી, રસ્તામાં ટેકનિકલ ખામી સર્જાવવી તેમજ તાત્કાલિક બીજી બસ ઉપલબ્ધ ન થવી જેવી સમસ્યાઓ સતત વધી રહી છે. એટલું જ નહીં, કેટલાક મુસાફરોએ બસોમાં અસામાજિક તત્ત્વો દ્વારા અભદ્ર વર્તન થતું હોવાની પણ ફરિયાદ કરી છે, જેના કારણે મુસાફરોની સુરક્ષા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

ખાસ કરીને સવારે ઓફિસ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોમાં પહોંચતા કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ માટે સમયનું વિશેષ મહત્ત્વ હોય છે. બસ ફેઈલ થવા જેવી ઘટનાઓને કારણે અનેક લોકોને સમયસર ગંતવ્ય સ્થાને પહોંચવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે આર્થિક અને વ્યાવસાયિક નુકસાન પણ ભોગવવું પડે છે.

મુસાફરોમાં એવો સવાલ પણ ઉઠી રહ્યો છે કે ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો તાત્કાલિક વૈકલ્પિક વાહનની વ્યવસ્થા કરી શકે છે, તો રાજ્યની જાહેર પરિવહન સેવા પાસે આવી પરિસ્થિતિ માટે અસરકારક ઈમરજન્સી પ્લાન કેમ નથી? મુસાફરોનું કહેવું છે કે વારંવાર રજૂઆતો અને ફરિયાદો છતાં સમસ્યાના સ્થાયી ઉકેલ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. ભુજ-મુંદરા રૂટ પર દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો અવરજવર કરતા હોવાથી એસ.ટી. તંત્ર દ્વારા બસોની નિયમિત જાળવણી, પૂરતી સંખ્યામાં વાહનોની ઉપલબ્ધતા તથા ઈમરજન્સી બેકઅપ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. જાહેર પરિવહન સેવા પ્રત્યે મુસાફરોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## કચ્છમાં ઉચ્ચ શિક્ષણનો સુવર્ણકાળ

# એક જ વર્ષમાં ચાર નવી સરકારી કોલેજોથી સર્જાયો ઐતિહાસિક માઈલસ્ટોન

અંજાર - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે એક નવી શરૂઆત થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયો અને મંજૂર કરાયેલી નવી શૈક્ષણિક સંસ્થાઓના કારણે કચ્છના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસની તકોમાં નોંધપાત્ર વધારો થવાનો છે. ખાસ કરીને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન જિલ્લામાં એકસાથે ચાર નવી સરકારી કોલેજોની શરૂઆત થવાથી શિક્ષણ ક્ષેત્રે એક નવા યુગનો પ્રારંભ થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રાજ્યના શિક્ષણમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે કચ્છના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે અન્ય શહેરોમાં જવાની ફરજ ન પડે અને સ્થાનિક સ્તરે જ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં અંજાર ખાતે નવી સરકારી પોલિટેકનિક કોલેજ શરૂ કરવાની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. નવી ઈમારતનું નિર્માણ પૂર્ણ ન થાય ત્યાં સુધી અંજારની સરકારી શાળામાંથી કોલેજનું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે.

અંજારની નવી સરકારી પોલિટેકનિક કોલેજમાં મિકેનિકલ, કેમિકલ, ઈલેક્ટ્રિકલ, સિવિલ એન્જિનિયરિંગ અને માહિતી પ્રૌદ્યોગિકી (આઈટી) જેવી પાંચ મહત્વપૂર્ણ શાખાઓ શરૂ કરવામાં આવશે. દરેક શાખામાં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે, જેના કારણે કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ મેળવવાની તક મળશે. ખાસ કરીને પૂર્વ કચ્છના વિદ્યાર્થીઓ માટે આ કોલેજ આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે અત્યાર સુધી સરકારી પોલિટેકનિકની સુવિધા માત્ર ભુજ સુધી મર્યાદિત હતી.

કચ્છના ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખીને કેમિકલ એન્જિનિયરિંગની શાખાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. કંડલા, ગાંધીધામ, અંજાર અને મુન્દ્રા સહિતના વિસ્તારોમાં કાર્યરત મોટા ઉદ્યોગો માટે કુશળ ટેકનિકલ માનવબળ તૈયાર કરવામાં આ શાખા મહત્વની ભૂમિકા ભજવશે. બીજી તરફ ડિજિટલ યુગમાં માહિતી પ્રૌદ્યોગિકી ક્ષેત્રે વધી રહેલી માંગને ધ્યાનમાં રાખીને આઈટી શાખાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે વિદ્યાર્થીઓને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે.

શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે એક જ શૈક્ષણિક વર્ષ દરમિયાન કચ્છને ચાર નવી સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ મળવી એ સમગ્ર જિલ્લાની દૃષ્ટિએ ગૌરવની બાબત છે. અંજારની પોલિટેકનિક કોલેજ ઉપરાંત સિનોગ્રા ખાતે કૃષિ કોલેજ, ભુજ ખાતે પશુચિકિત્સા કોલેજ અને માંડવી તાલુકાના ગઢશીશા ખાતે આર્ટસ, કોમર્સ અને સાયન્સ ત્રણેય પ્રવાહ ધરાવતી સરકારી કોલેજ શરૂ કરવામાં આવી છે. વિવિધ ક્ષેત્રોની આ સંસ્થાઓના કારણે કચ્છના વિદ્યાર્થીઓને તેમની પસંદગીના અભ્યાસક્રમો માટે હવે જિલ્લાની બહાર જવાની જરૂરિયાત ઘટશે.

માંડવી તાલુકાના ગઢશીશા ખાતે શરૂ કરાયેલી નવી સરકારી કોલેજ પણ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. અગાઉ અહીં કચ્છ યુનિવર્સિટીનું એક્સટેન્શન સેન્ટર કાર્યરત હતું, પરંતુ સ્થાનિક લોકો અને ખાસ કરીને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા અહીં સંપૂર્ણ સરકારી કોલેજ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ચાલુ શૈક્ષણિક સત્રમાં જ આ કોલેજમાં આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો છે.

ગઢશીશાની કોલેજમાં સ્ટાફની નિમણૂક અંગે શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે કોલેજના પ્રિન્સિપાલની નિમણૂક માટેના આદેશો જારી થઈ ચૂક્યા છે અને શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કચ્છમાં એકસાથે ટેકનિકલ, કૃષિ, પશુચિકિત્સા અને પરંપરાગત ઉચ્ચ શિક્ષણની નવી સંસ્થાઓ શરૂ થવાથી જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. ઉચ્ચ શિક્ષણની વધતી તકોના કારણે કચ્છના યુવાનોને પોતાના જિલ્લામાં જ ગુણવત્તાયુક્ત અભ્યાસની સુવિધા મળશે, જ્યારે સ્થાનિક સ્તરે કુશળ માનવબળ ઉપલબ્ધ થતાં ઉદ્યોગ, કૃષિ અને સેવા ક્ષેત્રને પણ તેનો સીધો લાભ મળશે. શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા આ વ્યાપક વિસ્તરણને કારણે કચ્છ હવે ઉચ્ચ શિક્ષણના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે પોતાની નવી ઓળખ ઉભી કરી રહ્યું છે.

# અબડાસા તાલુકાના ગરડા પંથકના ૩૨ ગામોમાં પીવાના પાણી માટે લોકોને વલખા

**સરપંચો અને આગેવાનો દ્વારા તંત્રને અનેક વખત રજૂઆતો છતાં કોઈ દાદ ન આપતા આક્રોશ : લોકો અને પશુઓને પીવા માટે પાણીના પૈસા ખર્ચીને ટેન્કર મંગાવવા મજબૂર : લાખોના ખર્ચે સરકારે ટાંકા અને અવાડા તો બનાવ્યા પણ પાણી માટે રાહ જોતા લોકો : કંપની દ્વારા અપાતો ક્યાં જાય છે...? પાણી પુરવઠા દ્વારા પીવાના પાણી માટે મોટા ટાકાં અને પાણીની લાઈન સહિત કરોડો રૂપીયા ખર્ચા છતાં પાણી માટે વલખા**






નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકાના હાલમાં કેટલાક ગામોમાં પાણીની અનિયમિતતા કારણે તકલીફ વેઠવી રહ્યા છે. તાલુકાના ગરડા પંથકના વાયોર સહિતના ૩૨ ગામો આવેલા છે. જ્યાં હાલ ગરમીમાં પાણી સપ્લાય ખોટવાતા લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે. વાયોર ગામે આવેલા પાણી પુરવઠા સપ્લાયમા આશરે ૩૨ ગામો આવે છે જેમાં નર્મદાનું પાણી બંધ છે અને મીઠીડેમનુ પાણી મળે છે પણ અનિયમિતા છે. છેલ્લા દોઢેક માસથી ગરડા પંથકમાં પીવાનું પાણી પંદર દિવસે માંડ એક વખત પાણી આવી રહ્યું છે.

વાયોર જુથ ગ્રામ પંચાયતના સરપંચ પ્રભાતસિંહ જાડેજાએ નલીયા કાર્યપાલક ઈજનેરને, પાણી પુરવઠા અધિકારીને વારંવાર લેખિત જાણ કરેલ છે તેમ છતાં નિરાકરણ આવેલ નથી. ફુલાય સરપંચે જણાવ્યું હતું કે, ફુલાય, વાગાપદ્ધર, ભોવા સારગવાડામા જંગડીયા ડેમનું પાણી મળે છે, જે પીવા લાયક નથી. ભોવાના યુવા આગેવાન ખેતુભા ચૌહાણએ જણાવ્યું હતું કે, નર્મદાનું પાણી આવતું નથી, જેના કારણે લોકોએ પીવાનું પાણી ૨૦ લીટર બોટલ જેની ૩૦ રૂપિયા કિંમત વેચાતું લઈ રહ્યા છે. ફુલાય યુવા પ્રતિનિધિ પ્રતાપસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, જંગડીયા ડેમનું પાણી એકદમ ગંદુ પાણી આવે છે જે પીવાથી સ્વાથય માટે ગંભીર હાનિકારક છે. ઉકીર સરપંચ કેર અલી હાજી હસણએ જણાવ્યું હતું કે, ઉકીર ગામે છેલ્લા છ માસથી પાણી આવ્યું નથી, જેના કારણે ગામના કુવામાંથી પીવાનું પાણી અને ન્હાવા ધોવા, કપડાં પશુધન માટે એક જ કુવામાંથી ભરે છે. ચરોપડી મોટીના સરપંચએ મોહાડી ગામમાં પાણીની વિકટ પરિસ્થિતિ છે, જે તાત્કાલિક ધોરણે નિરાકરણ થાય એવી વ્યથા રજુ કરી હતી. અકરીમોટીના સરપંચ રાજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, અકરી મોટી, થુમડી, વાલાવારીવાંઢમા પાણીની સમસ્યા છે. આ વિસ્તાર માલધારીઓ વધુ હોવાથી પશુધનને પાણી પીવાનું મળતું નથી. આ કારણે માલીધારીઓને પશુધનની ચિંતા રહે છે. સરકાર લાખો રૂપિયા ખર્ચીને અહીં લોકો અને પશુઓને પાણી મળી રહે તે માટે ટાંકા અને અવાડા બનાવ્યા છે, પરંતુ આ પાણીના ટાંકા અને અવાડા ખાલીખમ જોવા મળી રહ્યા છે, જયાં પશુઓ પાણી પીવા માટે જાય ત્યારે નિશાસા નાખીને પરત ફરી રહ્યા છે.

મોટી બેર જુથ ગ્રામ પંચાયત હેઠળ બેરનાની, નવાવાસ રામવાડા, ભગોડીવાંઢ, ગોલાય, રોહારો, હોથિયાય જેવા ગામોમાં પાણી મહીનામાં બે વાર તો કયારેય બીલકુલ આવતું નથી. પાણી પુરવઠા અધિકારીને લેખિત જાણ કરી છે. તો ઠેકેદારો તો ગામના આગેવાનો કે લોકોના ફોન ઉપાડતા જ નથી તેવી ફરિયાદ લોકો દ્વારા કરવામાં આવી છે. પાણી પુરવઠા સપ્લાય બોર્ડ દ્વારા જે ઠેકેદારને પાણી સહિતને જવાબદારી દેવામાં આવી છે તે બેદરકારી દાખવતો હોવાની ગામજનો ફરીયાદ કરી રહ્યા છે. વાયોર, ઉકીર, ફુલાય, અકરીમોટી, બેર મોટીના સરપંચોઓનુ કહેવું છે કે, પાણી અનિયમતતાની તપાસ કરવામાં આવે અને જેની બેદારકારી હોય તેના ઉપર કડક પગલા લેવામાં આવે તેવી માંગ કરી હતી.

વાયોર પાણી પુરવઠા તંત્ર હેઠળ આવતા ૩૨ ગામોમાં પાણીના ટાંકા ખાલીખમ થઈ ગયા છે. હાલ આ પરિસ્થિત છેલ્લા બે મહિનાથી થઈ રહી છે, જેથી લોકોને ન છુટકે ખાનગી ટેન્કરોથી વેચાતું પાણી લેવા માટે મજબૂર બન્યા છે. આ અંગે આ ગામોના સરપંચો, આગેવાનોએ પંચાયતના સભ્યો, ધારાસભ્ય, સાંસદ સભ્ય સહિતને અનેક વખત રજૂઆતો કરવા છતાં અને ચૂંટણીના સભ્ય સત્તાધિશો દ્વારા મોટા મોટા વાયદા કરવામાં આવ્યા હતા કે, આ વિસ્તારમાં પ્રાથમિક જરૂરિયાતો પ્રાધાન્ય આપવામાં આવે છે. પરંતુ હવે આ વિસ્તારમાં દોઢથી બે મહિને માત્ર એક વખત પાણી આવી રહ્યું છે, ત્યારે કોઈ જ પુછા કરવામાં આવી રહ્યું નથી તેમ જણાવ્યું હતું.

# મુંદરા તાલુકામાં જનકલ્યાણ શિબિરોનો પ્રારંભ

**ચાર જિલ્લા પંચાયત બેઠકના ગામોમાં ૧૫થી ૧૮ જૂન દરમિયાન યોજાશે લાભાર્થી કેન્દ્રિત કાર્યક્રમો**

મુંદરા - કચ્છઉદય : કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તેમજ વિકસિત ભારતના સંકલ્પને સાકાર બનાવવા રાજ્યભરમાં જનકલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મુંદરા તાલુકાની ચાર જિલ્લા પંચાયત બેઠક હેઠળના ગામોમાં તા. ૧૫ જૂનથી ૧૮ જૂન સુધી વિશેષ જનકલ્યાણ શિબિરો યોજાનાર છે.

શિબિરો દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા નાગરિકોને સરકારની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. લાભાર્થીઓને યોજનાઓની માહિતી, અરજી પ્રક્રિયા, પ્રશ્નોના નિરાકરણ અને જરૂરી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી સેવાઓને વધુ સુલભ બનાવવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ મુજબ તા. ૧૫ જૂને મોટી ભુજપુર જિલ્લા પંચાયત બેઠક હેઠળના ગામો માટે ભોપાવાંઢ ખાતે સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી જનકલ્યાણ શિબિર યોજાશે. આ શિબિરના નોડલ અધિકારી તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કામગીરી સંભાળશે.

તા. ૧૬ જૂને નાના કપાયા જિલ્લા પંચાયત બેઠકના ગામોના નાગરિકો માટે ઝરપરા ગ્રામ પંચાયતના કમ્પાઉન્ડમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં તાલુકા વિકાસ અધિકારી નોડલ અધિકારી તરીકે જવાબદારી નિભાવશે. તા. ૧૭ જૂને ભદ્રેશ્વર જિલ્લા પંચાયત બેઠક વિસ્તાર માટે વડાલા ગામની વિષ્ણુ સમાજવાડી ખાતે જનકલ્યાણ શિબિર યોજાશે, જેમાં મુંદરાના મામલતદાર નોડલ અધિકારી તરીકે કામગીરી સંભાળશે.

જ્યારે તા. ૧૮ જૂને સમાઘોઘા જિલ્લા પંચાયત બેઠક હેઠળના ગામો માટે કારાઘોઘા ગામે શિબિર યોજાશે. આ શિબિર માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બાગાયતી નિષ્ણાત અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરકારી યોજનાઓનો વ્યાપક લાભ લોકો સુધી પહોંચે અને લાભાર્થીઓને જરૂરી સહાય સરળતાથી મળી રહે તે માટે આયોજિત આ જનકલ્યાણ શિબિરોમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# કચ્છના દિનેશભાઈ ત્રિવેદી બન્યા બાંગલાદેશમાં ભારતના હાઇકમિશનર

**કોલકાતાથી ઢાકા સુધી સડક માર્ગે પહોંચીને સંભાળ્યો કાર્યભાર : ભારત-બાંગલાદેશ મિત્રતા વધુ મજબૂત બનશે તેવી વ્યક્ત કરી આશા**

ભુજ - કચ્છઉદય : કચ્છ માટે ગૌરવની ક્ષણરૂપ ઘટનામાં મૂળ કચ્છ સાથે નાતો ધરાવતા વરિષ્ઠ રાજદ્વારી દિનેશભાઈ ત્રિવેદીએ બાંગલાદેશમાં ભારતના હાઈકમિશનર તરીકે કાર્યભાર સંભાળ્યો છે. ઢાકા જવા પૂર્વે કોલકાતાના ઐતિહાસિક 'નેતાજી ભવન' ખાતે પહોંચીને તેમણે રાષ્ટ્રનાયક સુભાષચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને ભારત-બાંગલાદેશ વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને લોકશાહી સંબંધોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો.

ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં દિનેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભારત અને બાંગલાદેશ વચ્ચે માત્ર ભૌગોલિક સરહદોનું જ નહીં, પરંતુ સંસ્કૃતિ, ભાષા, પરંપરા, લોકશાહી મૂલ્યો અને માનવીય સંબંધોનું પણ ગાઢ જોડાણ છે. બંને દેશો પરસ્પર વિશ્વાસ, સહકાર અને સકારાત્મક અભિગમ દ્વારા વિકાસ અને સમૃદ્ધિના નવા માર્ગો સર કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે કોલકાતાના 'નેતાજી ભવન'ની નજીક બાળપણ વિતાવવાના કારણે સુભાષચંદ્ર બોઝના રાષ્ટ્રપ્રેમ, સમર્પણ અને લોકકલ્યાણના વિચારોનો તેમના જીવન પર વિશેષ પ્રભાવ રહ્યો છે. નેતાજીના સ્વપ્નનું ભારત લોકશાહી અને માનવમૂલ્યોના આદર્શો પર આગળ વધી રહ્યું છે અને પડોશી દેશો સાથેના સંબંધોમાં પણ આ મૂલ્યો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શ્રી ત્રિવેદીએ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ભારતના ૧૪૦ કરોડ અને બાંગલાદેશના ૨૦ કરોડ લોકો વચ્ચેનો સ્નેહ અને સહકાર બંને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવશે. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર સમસ્યાઓના મૂળ સુધી પહોંચી ઉકેલ લાવવાની ક્ષમતા ધરાવે છે તેમ પણ જણાવ્યું હતું.

બાંગલાદેશમાં કાર્યભાર સંભાળવા માટે દિનેશભાઈ ત્રિવેદીએ કોલકાતાથી ઢાકા સુધીની આશરે ૩૫૦ કિલોમીટરની યાત્રા કાર દ્વારા સડક માર્ગે પૂર્ણ કરી હતી. તેઓ પેટ્રાપોલ - બેનાપોલ લેન્ડ પોર્ટ મારફતે બાંગલાદેશમાં પ્રવેશ્યા હતા. રાજદ્વારી વર્તુળોમાં આ યાત્રાને વિશેષ પ્રતીકાત્મક મહત્ત્વ ધરાવતી ગણાવવામાં આવી રહી છે, કારણ કે તે બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને લોકો વચ્ચેના આત્મીય જોડાણને ઉજાગર કરે છે. કોલકાતા-જસોર-ઢાકા માર્ગે થયેલી આ યાત્રા ભારત અને બાંગલાદેશ વચ્ચેના પરસ્પર વિશ્વાસ, સહયોગ અને મિત્રતાના નવા અધ્યાયનું પ્રતિબિંબ બની છે. કચ્છના દિનેશભાઈ ત્રિવેદીની આ મહત્વપૂર્ણ નિમણૂકથી સમગ્ર કચ્છમાં ગૌરવની લાગણી પ્રસરી છે અને દેશની વિદેશ નીતિમાં કચ્છનું નામ વધુ ઉજ્જવળ બન્યું છે.

# સૌર ઊર્જાથી ચાલતી 'કચરો ખાનારી' બોટ: નદીના મુખે પ્લાસ્ટિકને જડબાતોડ જવાબ



ભુજ - કચ્છઉદય : સમુદ્રમાં તરતા પ્લાસ્ટિકના કચરા સામેની લડાઈમાં હવે ટેકનોલોજીએ મોટી છલાંગ લગાવી છે. પર્યાવરણ સંસ્થા 'ઓશન ક્લીનઅપ' દ્વારા વિકસાવવામાં આવેલી સૌર ઊર્જાથી સંપૂર્ણપણે ચાલતી 'ઇન્ટરસેપ્ટર' બોટ હવે નદીના મુખે તરતા કચરાને જ સમુદ્રમાં જતા રોકી રહી છે. ગાર્ડિયનના તાજેતરના અહેવાલ મુજબ, લોસ એન્જલસના બાલોના ક્રીક અને સાન્ટા મોનિકા બેના સંગમ પર આ બોટ સફળતાપૂર્વક કાર્યરત છે.

આ બોટ કેટામારન ડિઝાઇન પર આધારિત છે. તેની છત પર લગાવેલી સોલાર પેનલ જ સમગ્ર સિસ્ટમને વીજળી પૂરી પાડે છે. નદીની પહોળાઈને આવરી લેતો તરતો બૂમ કચરાને બોટના મોઢા તરફ ધકેલે છે. ત્યાં લગાવેલો પારગમ્ય કન્વેયર બેલ્ટ પાણીમાંથી પ્લાસ્ટિકની બોટલો, થર્મોકોલના ડબ્બા, નૂડલ્સના કપ, બોટલના ઢાંકણા જેવો કચરો ઉપાડી લે છે અને પાણીને પાછું નદીમાં છોડી દે છે. એકત્રિત કચરો ઓટોમેટિક શટલ દ્વારા બોટ પર રાખેલા ૬ મોટા ડમ્પસ્ટરમાં સમાન રીતે ભરાય છે. ડમ્પસ્ટર ૯૦% ભરાતા જ સ્થાનિક ક્રૂને મોબાઇલ પર ઓટોમેટિક એલર્ટ મળી જાય છે. એક બોટ એક સાથે લગભગ ૯,૦૭૦ કિલોગ્રામ એટલે કે એક સંપૂર્ણ ભરેલો ટ્રક જેટલો કચરો સંગ્રહ કરી શકે છે. કચરો એકત્ર કર્યા બાદ તેની વૈજ્ઞાનિક ઢબે સોર્ટિંગ કરીને જવાબદારીપૂર્વક નિકાલ માટે મોકલવામાં આવે છે.

ઓશન ક્લીનઅપના ઓપરેશન્સ મેનેજર જેમ્સ પેટરસનના જણાવ્યા મુજબ, "સમુદ્રમાં જતા ૮૦% પ્લાસ્ટિક કચરાનો સ્ત્રોત વિશ્વભરની માત્ર ૧,૦૦૦ નદીઓ છે." તેથી સમુદ્રના મધ્યમાં તરતા ગાર્બેજ પેચને સાફ કરવાને બદલે નદીના મુખે જ કચરો અટકાવવો એ વધુ વૈજ્ઞાનિક અને ખર્ચ-અસરકારક ઉપાય છે. બાલોના ક્રીક પરની બોટ ડ્રાય સીઝનમાં પણ રોજિંદા રેસ્ટોરન્ટ કચરા, પેકેજિંગ અને માઈક્રોપ્લાસ્ટિકથી ભરાયેલા પામના પાંદડા જેવો કચરો પકડી રહી છે.

ઓશન ક્લીનઅપે ૨૦૧૯થી આ પ્રકારની સિસ્ટમ વિશ્વભરની નદીઓમાં તૈનાત કરવાનું શરૂ કર્યું છે. ૨૦૨૩માં લોન્ચ કરાયેલ 'ઇન્ટરસેપ્ટર બેરિકેડ' એ ઉચ્ચ પ્રવાહવાળી નદીઓ માટે બનાવવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૪માં ભારે વરસાદ બાદ માત્ર થોડા કલાકોમાં આ સિસ્ટમે ૧૪ લાખ કિલોગ્રામથી વધુ કચરો પકડીને રેકોર્ડ બનાવ્યો હતો. ફ્રાન્સની સંસ્થા સીક્લીનર્સ પણ 'માંટા' નામની ૫૬ મીટર લાંબી કેટામારન બોટ વિકસાવી રહી છે. આ બોટ એકત્રિત પ્લાસ્ટિકને બાળીને ગેસ બનાવશે અને તેનાથી ટર્બાઇન ચલાવીને પોતાની ૭૦% વીજળી જાતે જ ઉત્પન્ન કરશે. સોલાર સેલ અને પવનચક્કી તેને વધુ સ્વ-નિર્ભર બનાવશે.

સાબરમતી, નર્મદા અને તાપી જેવી ગુજરાતની નદીઓ પણ અરબી સમુદ્રમાં મળે છે. દરિયાકાંઠાના કચ્છ સહિત સમગ્ર રાજ્ય માટે આવી સૌર ઊર્જાથી ચાલતી બોટ નદી અને દરિયાના સ્વાસ્થ્ય માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે કચરાને 'સોર્સ પર' રોકવાથી દરિયાઈ જીવસૃષ્ટિ અને દરિયાકાંઠાના ગામોને મોટી રાહત મળશે. ઓશન ક્લીનઅપનો આ પ્રોજેક્ટ બતાવે છે કે સ્વચ્છ ઊર્જા અને સ્માર્ટ એન્જિનિયરિંગથી પર્યાવરણની સૌથી મોટી સમસ્યાઓનો પણ ઉકેલ લાવી શકાય છે.

# અભય ભોગીલાલ શાહને લાયન્સ ઇન્ટરનેશનલ દ્વારા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદ

**લાયન્સ ઇન્ટરનેશનલના પ્રતિષ્ઠિત એવોર્ડ માટે વિશ્વના ૨૫ શ્રેષ્ઠ ગવર્નરોમાં પસંદગી**

ભુજ - કચ્છ ઉદય : કચ્છના જાણીતા સમાજસેવક અને લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભય ભોગીલાલ શાહને લાયન્સ ઇન્ટરનેશનલ દ્વારા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદ કરવામાં આવતા સમગ્ર કચ્છમાં ખુશીની લાગણી વ્યાપી છે. વિશ્વના ૨૦૦થી વધુ દેશોમાં કાર્યરત લાયન્સ સંગઠનના ગવર્નરોમાંથી માત્ર ૨૫ ગવર્નરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં અભય શાહનું નામ સ્થાન પામતા કચ્છને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ મળ્યું છે.

લાયન્સ ચળવળ સાથે છેલ્લા ૩૭ વર્ષથી જોડાયેલા અભય શાહે સેવાકીય કાર્યો દ્વારા આગવી ઓળખ ઊભી કરી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કચ્છ-સૌરાષ્ટ્ર વિસ્તારની ૬૮ લાયન્સ ક્લબો, ૧૩ લિયો ક્લબો અને ૨ ક્લબ ક્લબોના સફળ સંચાલન, સભ્યવૃદ્ધિ, આરોગ્યલક્ષી કાર્યક્રમો અને માનવતાવાદી પ્રવૃત્તિઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશેષ પ્રશંસા મળી હતી. લાયન્સ હોસ્પિટલના સંચાલનથી લઈને ડાયાલિસિસ દર્દીઓની સેવા, નેત્ર નિદાન કેમ્પો તથા વિવિધ સામાજિક પહેલોના અહેવાલોને આધારે આ પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

લાયન્સ ઇન્ટરનેશનલના પ્રમુખ એ.પી. સિંઘ દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત અનુસાર હોંગકોંગ ખાતે યોજાનારી વૈશ્વિક લાયન્સ કોન્ફરન્સ દરમિયાન અભય શાહને આ એવોર્ડ અર્પણ કરવામાં આવશે. આ સમાચાર જાહેર થતાં લાયન્સ હોસ્પિટલના ચેરમેન ડૉ. ભરત મહેતા, મીના મહેતા સહિત લાયન્સ પરિવારના અગ્રણીઓએ અભિનંદન પાઠવી ગૌરવ વ્યક્ત કર્યું હતું.

અભય શાહની સેવાયાત્રા વર્ષ ૧૯૮૯માં લિયો ક્લબથી શરૂ થઈ હતી. ત્યારબાદ તેમણે ક્લબ પ્રમુખ, લિયો પ્રમુખ, ડિસ્ટ્રિક્ટ ચેરમેન, રિહેબિલિટેશન કમિટી ચેરમેન સહિત અનેક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી હતી. સેવાકીય કાર્ય પ્રત્યેની તેમની નિષ્ઠા અને સંગઠન ક્ષમતાને કારણે તેઓ ડિસ્ટ્રિક્ટ ગવર્નર પદ સુધી પહોંચ્યા છે. જયપુર ફૂટ કેમ્પો દ્વારા દિવ્યાંગોને સહાય, રક્તદાન અને ચક્ષુદાન અભિયાનો, દેહદાન અંગે જાગૃતિ તેમજ આરોગ્યલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓમાં તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ હજારો જરૂરિયાતમંદ લોકો સુધી સેવા પહોંચાડવામાં સફળતા મળી છે.

અભય શાહને મળનારું આ આંતરરાષ્ટ્રીય સન્માન માત્ર વ્યક્તિગત સિદ્ધિ નહીં પરંતુ કચ્છની સેવાભાવી પરંપરા, સમાજસેવાની ભાવના અને લાયન્સ ચળવળની અસરકારક કામગીરીની વૈશ્વિક સ્તરે થયેલી નોંધ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. સમગ્ર લાયન્સ પરિવાર માટે આ ગૌરવની ક્ષણ બની છે.

# ભુજના વોક વેમા અંધાર પટ્ટ

ભુજ - કચ્છઉદય : શહેરના વોક-વે ભુજના નગરવાસીઓનો અતિ પ્રિય બની ગયો છે અને દરરોજ સાંજે નિયમિત રીતે અનેક લોકો એમાં વોકિંગ કરતા નજરે પડે છે. પરંતુ વોક-વે બન્યો ત્યારથી તેને કોણ જાણે કેમ કોઈની નજર લાગી ગઈ હોય તેમ આ વોકવેમાં કંઈકને કંઈક નુકસાન કે તકલીફ ઊભી થયા જ કરે છે. ખાસ કરીને તેની મોંઘી લાઇટ અને બીજી સામગ્રીઓને ભૂતકાળમાં અસામાજિક તત્વોએ નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદો પણ બહાર આવી હતી.

છેલ્લા કેટલાક દિવસથી વોક વેમાં ફરીથી અંધારપટ છવાઈ ગયો હોવાની ફરિયાદ લોકો કરી રહ્યા છે. તેથી રાત્રિના સમયે ખાસ કરીને મહિલાઓ અને સિનિયર સિટીઝનને વોકિંગ કરવામાં તકલીફ પડે છે. વોક વેમાં તાત્કાલિક લાઈટો ચાલુ થઈ જાય તથા તેમાં પૂરતા સીસી કેમેરા નાખી દેવામાં આવે તો લાઈટ અને લાઈટ અને બીજી ખૂબ જ કીમતી અને સરસ સુવિધાઓને નુકસાન પહોંચાડનારા તત્વો કેમેરામાં કેદ થઈ જાય. આ વોક વેમાં જુદા જુદા અંતરે ઠંડા અને શુદ્ધ પાણીના બે પરબ પણ અને પુરુષો તથા મહિલાઓ માટે વોક વે ના માર્ગમાં જ શૌચાલયની ઓપોઝિટ સાઈડમાં બીજી મુતરડી નગરપાલિકા દ્વારા સેવાભાવી સંસ્થાઓની દેખરેખ અને સંચાલન હેઠળ શરૂ કરાય તથા તેમાં સૂચનાપેટી રાખવામાં આવે તો લોકો જુદા જુદા સૂચનો વોક વે અને ભુજ શહેરની સમસ્યાઓ વિશે પોતાની રજૂઆતની ચિઠ્ઠીઓ રજૂઆત પેટીમાં નાખી શકે.

ભુજના નવા નગરપતિ થતા કાઉન્સિલરો ખૂબ જ ઉત્સાહી અને કાર્ય કરવા માટે તત્પર છે તથા તેમની પાસે ખાસ દ્રષ્ટિ પણ હોવાનું સૌને લાગે છે ત્યારે દર મહિને એકવાર ભુજના નગરપતિ અને તમામ કાઉન્સિલરો નગરના લોકો સાથે રોકવેમાં જો ભુજના વિકાસ માટે દર મહિને નિયમિત બેઠક કરે તો સાથે મળી અને ભુજ ના વિકાસ માટે વધારે કંઈક સારું કરી શકાય. સૂચના પેટીમાં રજૂઆતોની ચિઠ્ઠી પદાધિકારીઓ અગાઉથી જોઈ અને તેના વિશે અભ્યાસ કરી અને આ માસિક બેઠકમાં તે અંગે લોકોની જુદી જુદી રજૂઆતો ઉપર જવાબ આપી શકે અને સૂચનો પણ રૂબરૂમાં મેળવી શકે. આગામી ચોમાસા દરમિયાન સમગ્ર ભુજમાં દરેક વિસ્તારોમાં દરેક ઈચ્છુક નાગરિકને તેમના વિસ્તારમાં તેમના ઘરની નજીક એક વૃક્ષ ઉછેરવાની જવાબદારી સોંપાય તો ભુજ લીલુંછમ બની જાય. આ માટે પાંજરા ભુજ નગરપાલિકા પૂરા પાડી અને સફળતાથી વૃક્ષને મોટું કરનારનું દર વર્ષે અભિવાદન કરાય તો આ કાર્યક્રમને વેગ મળે. દરમિયાન નવા નગરપતિ તથા કાઉન્સિલરો પણ ખૂબ જ લોકપ્રિય અને કાર્યપ્રિય હોવાથી તેમની પાસે ભુજના લોકોને વિકાસની અપેક્ષા ઘણી જ છે.

# ભુજની સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટિટ્યૂટનું ૧૦૦ ટકા પરિણામ

**ભુજ સ્વામિનારાયણ મંદિર અને સંતોએ દીકરીઓને પાઠવ્યા આશીર્વાદ**

ભુજ - કચ્છઉદય : ભુજના સ્વામિનારાયણ મંદિર પ્રાયોજીત સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કોલેજનું ઉત્કૃષ્ટ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં સંસ્થાની દીકરીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને વિદ્યાલયનું નામ રોશન કર્યું છે. પરિણામની વિગતો અનુસાર પ્રથમ વર્ષ બી.કોમ. ગુજરાતી માધ્યમનું ૮૯ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૯૨ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે પ્રથમ વર્ષ બી.એ. ગુજરાતી માધ્યમનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું છે. દ્વિતીય વર્ષ બી.કોમ. ગુજરાતી માધ્યમનું ૮૩ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે, તેમજ દ્વિતીય વર્ષ બી.એ. ગુજરાતી માધ્યમનું પણ ૧૦૦ ટકા પરિણામ રહ્યું છે. ત્રીજા વર્ષની વાત કરીએ તો, તૃતીય વર્ષ બી.કોમ. ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ તેમજ તૃતીય વર્ષ બી.એ. ગુજરાતી માધ્યમ એમ ત્રણેય વિદ્યાશાખાનું પરિણામ ૧૦૦ ટકા મેળવીને દીકરીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ અવસરે ભુજ સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંતમંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ તથા સમસ્ત સાંખ્યયોગી બહેનોએ દીકરીઓને આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવી છે. આ સાથે મંદિરના ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવીણભાઈ પિંડોરિયા, સંચાલક મંડળના ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સિપાલ મનીષાબેન તથા સમગ્ર સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા પણ ઉત્તીર્ણ થયેલી તમામ દીકરીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ગોરેવાલીમાં ભાજપ લઘુમતી મોરચા દ્વારા વૃક્ષારોપણ કરાયું



ગોરેવાલી મધ્યે ભાજપા લઘુમતી મોરચા ભૂજ તાલુકા દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષ રોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સરાડા સીટ તાલુકા પંચાયતના સદસ્ય અસરફભાઈ, કચ્છ જીલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ અકીબ બાયડ અને ભૂજ તાલુકા લઘુમતી મોરચાના પ્રમુખ મુસાભાઈ રાયશી, કોષાધ્યક્ષ લઘુમતી મોરચાના ફેઝલ મુતવા, લઘૂમતી મોરચાના મહામંત્રી આર.ટી. સમા, અનુ.જા. મોરચાના વિરાભાઈ મારવાડા, તાલુકા ભાજપના કારોબારી સભ્ય અમીરઅલી મુતવા, અ કરિમ મુતવા, હાજી જરાર મુતવા વગેરે લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.


# વિથોણમાં આસ્થાભેર ઉજવાય છે અધિક માસની પૂજા



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના વિથોણ ગામે આવેલ અંબેધામ શીવ મહિલા મંડળના ઉપક્રમે પુરૂષોત્તમ માસ મહાત્મય અધિક જેઠ માસની આસ્થાભેર ઉજવણી થઈ રહી છે.

અધિકમાસ અંતિમ ચરણમાં પહોંચતા આ ધર્મકાર્યમાં વિશાળ સંખ્યામાં મહિલાઓ સવારે શિવ મંદિરે કાંઠા ગોરની પૂજા - અર્ચના સામૂહિક પાઠ સાથે ભક્તિભાવપૂર્વક કરે છે. સાંજે આરતી, પૂજા બાદ દરરોજ રાત્રે શિવ મંદિરે રાત્રે પ્રાચીન, અર્વાચીન ભજનોની રમઝટ બોલાવાય છે. આજે મહિલા મંડળના સભ્યો શ્રેષ્ઠ મહાતીર્થમાં સ્નાન કર્યું હતું. ઉપરાંત તીર્થધામ માતાનામઢ, ના.સરોવર, કોટેશ્વર, કમલેશ્વર મંદિર, એરણ માતાજી, ખટલા ભવાની, હિંગલાજ માતાજી, મા આશાપુરાજીના મંદિરે જઈ દર્શનનો લાભ લીધો હતો. ઉપરાંત દરરોજ કથા શ્રવણ પણ કરે છે. સમગ્ર કચ્છની સાથે વિથોણ ગામે અંબેધામ મંદિરે અધિક માસની આસ્થાભેર ઉજવણી થઈ રહી છે તેવું પાયલબેન જોશી તથા જીજ્ઞાબા ઝાલાએ જણાવ્યું હતું.

# નરેન્દ્ર મોદી સરકારને ૧૨ પૂર્ણ થતાં ભાજપ લઘુમતી મોરચા દ્વારા હાજીપીર દરગાહે ચાદરપોશી કરાઈ



ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે હાજીપીર દરગાહ ખાતે ચાદર અર્પણ કરવામાં આવી હતી. આયોજનના માધ્યમથી સર્વે આગેવાનોએ દેશના પથદર્શક પ્રધાનમંત્રીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે મંગલ કામના કરી હતી. ૧૨ વર્ષ દરમિયાન કેન્દ્રના વડાપ્રધાન મોદીની અનેક યોજનાઓ જન જન લોકો સુધી પહોંચી તે નિમિત્તે ચાદરપોશી કરાઈ હતી. આ અવસરે કચ્છ લઘુમતી મોરચાના પ્રમુખ યાકુબભાઈ બાયડ, હાજી આદમ બાયડ, મોરચાના ફેજલ મુતવા, હાજીપીર મુજાવર હાજી દાઉદ હાજી ઈસ્માઈલ, સ્થાનિક કાર્યકર ઉમેશભાઈ આચાર્ય, અબ્દુલ કરીમ મુતવા ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ તાલુકાની પાયરકા પ્રા. શાળાનું હજુ ગેટ બંધ..!



## શાળાના ગેટને લગાવેલા લોક ક્યારે ખોલવામાં આવશે..? તેવો વિદ્યાર્થીઓ અને ગ્રામજનોનો વેધક સવાલ

ભુજ - કચ્છઉદય : તાલુકાની પાયરકા પ્રા. શાળાને હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. વેકેશન પૂર્ણ થયા બાદ જયારે કચ્છની અનેક શાળાઓમાં પ્રવેશ ઉત્સવ મનાવી રહ્યા છે. ત્યારે પાયરકા નાના એવા ગામની શાળા બંધ છે. આશરે ત્રણ વર્ષ પહેલા આ ગામની શાળા જે રેગ્યુલર હતી. બાદમાં શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાળો થતા આ શાળાને બાજુના મખણા ગામની પ્રા. શાળામાં મર્જ કરી દેવામાં આવી જયારે મખણા અને પાયરકા આ બન્ને ગામનું ૬ કિમીનું અંતર છે. જયારે આરટીઈના નિયમ મુજબ ૩ કિમી કે અથવા એથી પણ અંતર ઓછુ હોય અને એક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તેવા સંજોગોમાં એક શાળાને બીજી શાળામાં મર્જ કરી શકાય છે. પરંતુ પાયરકા ગામની શાળાની સ્થિતિ જોવા જઈએ તો આજુ બાજુના ના જે ગામો આવેલા છે. જે શાળાઓ આવેલી છે. તે તમામ નું અંતર ૫ અને ૬ કિમી છે. તેમ છતાં આ ગામની શાળાને મર્જ કરવામાં આવી છે.

બીજી બાજુ જે તે સમયે આ ગામની શાળા જયારે મખણા ગામની શાળામાં મર્જ કરાઈ હતી. પેટા વિભાગ તરીકે માન માન માત્ર ૧૦ કે ૧૧ મહિના પૂરતી જ શરૂ રાખવામાં આવી હતી. મખણા શાળામાંથી એક શિક્ષકને પાયરકાની શાળામાં મોકવામાં આવતા હતા તે બંધ કરી દેવાયું ત્યારે ગ્રામજનો એ શાળા શરૂ રાખવા અને ગામના બાળકોનું ભાવિ અંધકારમાં ન જાય તે માટે સંબંધિત અધિકારીઓ તેમજ કચેરીઓમાં લેખિત તેમજ મોખિક રજૂઆતો વારંવાર કરી હતી પણ કોઈ નિવેડો ન આવતા આખરે ગ્રામજનો અને વિદ્યાર્થીઓ શાળા શરૂ કરાવવા ભુજમાં કલેક્ટરની કચેરી સામે ૩ દિવસ ધરણા આંદોલન પણ ચલાવ્યું હતું જેની અસરથી તે સમયે શાળામાં પાછા એક શિક્ષક મોકલવામાં આવ્યા હતા. હાલ આ વેકેશન પૂરું થતા ગામની શાળામાં શિક્ષક મોકલવામાં આવ્યા નથી અહીંની શાળા હજુ બંધ જ છે. અહીંની શાળામાં ૧થી ૫ ધોરણ સુધીનું અભ્યાસક્રમ ચલાવવામાં આવતો હતો. ગ્રામજનોની માંગ છે. કે આ શાળા વહેલી તકે શરૂ કરવામાં આવે અને કાયમી માટે એક શિક્ષક રેગ્યુલર આપવામાં આવે ગામના સરપંચ, પંચાયતના સભ્યો ન્યાય સમિતિના ચેરમેન અને ગ્રામજનો સહિતની માંગ છે. જો માંગ સ્વીકાર કરવામાં નહિ આવે તો પાયરકા ગ્રામજનો અને ભીમ આર્મી એકતા મિશન સંગઠન દ્વારા આંદોલન કરાશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# રહેણાક વિસ્તારમાં બેફામ ટ્રેઈલરો દોડતાં લોકોમાં ભયનો માહોલ

ભુજ - કચ્છઉદય : શહેરના વોર્ડ નં. ૧૧ હેઠળ આવેલા મંદિર રોડ, ચંગલેશ્વર સોસાયટી, પ્રમુખસ્વામી નગર અને ભાજપ કાર્યાલય કમલમ આસપાસના રહેણાક વિસ્તારોમાં ભારે માલવાહક ટ્રક અને ટ્રેઈલરોના વધતા અવરજવરને કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ અને ભયની લાગણી ફેલાઈ છે. નિયમિત હાઈવે રૂટને બદલે ભારે વાહનો રહેણાક સોસાયટીઓ વચ્ચેથી બેફામ ઝડપે પસાર થતાં હોવાથી અકસ્માતની ગંભીર આશંકા ઊભી થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, મુંદરા રોડ તરફથી આવતા ટ્રક-ટ્રેઈલરોને એરોપ્લેન સર્કલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને માધાપર તરફના માર્ગનો ઉપયોગ કરીને માંડવી-નખત્રાણા રૂટ તરફ જવું જોઈએ, પરંતુ કેટલાક વાહનચાલકો માત્ર થોડો અંતર બચાવવા માટે ચંગલેશ્વર સોસાયટી પાસેથી પ્રમુખસ્વામી નગર ચોકડી અને કમલમ રોડ તરફનો આંતરિક માર્ગ અપનાવી રહ્યા છે. પરિણામે રહેણાક વિસ્તારના માર્ગો ભારે વાહનો માટે વિકલ્પિક હાઈવે બની ગયા હોવાનું લોકો જણાવી રહ્યા છે.

તાજેતરમાં આ માર્ગ પર ગંભીર અકસ્માત થતા-થતા રહી ગયો હતો. આ ઘટનાએ સ્થાનિકોમાં સલામતી અંગેની ચિંતામાં વધુ વધારો કર્યો છે. વિસ્તારમાં બાળકો, વડીલો અને મહિલાઓ માટે રસ્તા પર નીકળવું પણ જોખમી બનતું જાય છે. ભારે વાહનોની સતત અવરજવર અને વધુ ઝડપને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

રહેવાસીઓએ વધુમાં જણાવ્યું હતું કે વિસ્તાર પાસે આવેલા એસ.ટી. બસ વર્કશોપના કારણે પહેલેથી જ ટ્રાફિક અને અન્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. બસોના ખડકલા, અવાજ અને રાત્રિ દરમિયાન ઊભી થતી અસુવિધાઓ વચ્ચે હવે ટ્રેઈલરોની અવરજવરે સ્થિતિ વધુ ગંભીર બનાવી દીધી છે.

મહાદેવનગર, વાલદાસ નગર, ઓધવ એવન્યૂ સહિતની વિવિધ કોલોનીઓના રહીશોએ અનેક વખત પોલીસ અને સંબંધિત વિભાગોને રજૂઆતો કરી હોવાનો દાવો કર્યો છે. રજૂઆત બાદ થોડા દિવસ માટે પેટ્રોલિંગ અને કાર્યવાહી જોવા મળે છે, પરંતુ ત્યારબાદ સ્થિતિ યથાવત બની જતી હોવાનું તેઓ કહે છે. સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો ભવિષ્યમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તો તેની જવાબદારી કોણ લેશે?

વિસ્તારમાં સીસીટીવી કેમેરા પણ કાર્યરત હોવા છતાં ભારે વાહનોના નિયમભંગ સામે અસરકારક કાર્યવાહી ન થતાં લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓએ રહેણાક વિસ્તારોમાં ભારે વાહનોના પ્રવેશ પર કડક નિયંત્રણ, સ્પીડ બ્રેકર, ચેકિંગ અને કાયમી ટ્રાફિક વ્યવસ્થાની માંગ ઉઠાવી છે.

# કુકમા ગામે બાળકોને નોટબુકોનું વિતરણ કરાયું





ભુજ - કચ્છઉદય : ઉનાળું વેકેશન પુર્ણ થતાં ફરીથી રાબેતા મુજબ સ્કુલની ઘંટડીઓ વાગતી થઈ ફરીથી શાળાએ જતાં ભુલકાઓનો ખીલખીલાટ સંભળાતો થઈ ગયો છે. દેશનું ભવિષ્ય આજે ફરીથી સ્કુલે જતુ દેખાયું છે. શિક્ષણ થકી જ મજબુત રાષ્ટ્રનું નિર્માણ થશે, જેમાં કોઈ બાળક પાછળ ન રહીં જાય બાળકોને વિદ્યાનું મહત્વ સમજાવવા તેમનો મનોબળ વધારવા અને તેમને ઉત્સાહિત કરવાનાં ઉદેશ્યથી સિનાઈનગર કુકમા ગામ મધ્યે સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટનાં અધ્યક્ષ હંસાબેન ચાવડાનાં અધ્યક્ષ સ્થાને માતા સાવિત્રી બાઈ ફુલે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ધનુબેન અતુલભાઈ મહેશ્વરી, સવિતાબેન હીરજી મહેશ્વરી, જયશ્રીબેન મહેશ્વરી, ખીમીબેન મહેશ્વરી, પ્રેમીલાબેન મહેશ્વરી સહિત મહિલાઓ જોડાઈ હતી. ધોરણ ૧થી ૧૦ સુધીમાં સારા માર્કસ લાવનાર બાળકોને બોલપેન, નોટબુક સાથે મોમેન્ટો આપીને સન્માનિત કર્યા હતા. દાતાઓનાં સહયોગથી ૨૦૦ જેટલાં બાળકોને નિ:શુલ્ક નોટબુક વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કચ્છ જિલ્લા પંચાયતનાં શાસક પક્ષ નેતા ધનજીભાઈ ચાવડા, કચ્છ જિલ્લા મચ્છોયા (આહિર) સમાજના ઉપપ્રમુખ દેવજીભાઈ ગોવિંદભાઈ ચાવડા ઉપસ્થિત રહી ટ્રસ્ટના કાર્યોને બિરદાવ્યા હતા. અધ્યક્ષ હંસાબેન ચાવડાએ જરૂરિયાત બાળકોને શિક્ષણ મળી રહે તે માટે ટ્રસ્ટ મદદરૂપ થવાની ખાતરી આપી હતી. સંચાલન પી.એમ. મહેશ્વરીએ કર્યું હતું.

# કોટડા આથમણા ગામે પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરાયું

કોટડા (ચકાર) - કચ્છ ઉદય : ભુજ તાલુકાના ભૂખી નદીના કિનારે આવેલા કોટડા આથમણા ગામે ગ્રામ વિકાસના વધુ એક મહત્વપૂર્ણ અધ્યાયનો પ્રારંભ થયો છે. કોટડા આથમણા-સણોસરા-કૈલાશનગર જૂથ ગ્રામપંચાયત માટે સરકારની ગ્રાન્ટ હેઠળ નિર્માણ પામનારા નવા પંચાયત ભવનના ખાતમુહૂર્ત અને ભૂમિપૂજનનો કાર્યક્રમ ગામના લોકોની ઉપસ્થિતિમાં ધાર્મિક અને ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે યોજાયો હતો. સમગ્ર ગામે આ પ્રસંગને વિકાસના ઉત્સવ તરીકે ઉજવ્યો હતો.

નવા પંચાયત ભવનના નિર્માણથી ગ્રામપંચાયતની કામગીરી માટે આધુનિક અને સુવિધાસભર વ્યવસ્થા ઉપલબ્ધ બનશે. ગ્રામજનોને વિવિધ શાસકીય સેવાઓ, પ્રમાણપત્રો, યોજનાઓ અને વહીવટી કામકાજ માટે વધુ સરળતા મળશે. લાંબા સમયથી અનુભવાતી જરૂરીયાતને પૂર્ણ કરનાર આ ભવન ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

ખાતમુહૂર્ત વિધિ દરમિયાન સરપંચ નર્મદાબેન માકાણી, મનસુખભાઈ માકાણી, પાણી પુરવઠા સમિતિના મગનભાઈ માકાણી તેમજ સમાજના અગ્રણી નરશીભાઈ માકાણીના હસ્તે કંકુ-ચોખા, શ્રીફળ અને ચૂંદડી સાથે વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ધરતીમાતાને વંદન કરીને ભવનના સફળ અને ઝડપી નિર્માણ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

પ્રસંગે ગ્રામજનોએ પોતાના ખર્ચે પેંડા અને પ્રસાદનું વિતરણ કરી ખુશી વ્યક્ત કરી હતી. ગામના વડીલો, યુવાનો અને મહિલાઓએ પણ વિકાસના આ કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગામમાં હર્ષોલ્લાસનું વાતાવરણ જોવા મળ્યું હતું.

કાર્યક્રમમાં ભારતીય કિસાન સંઘના તાલુકા અને જિલ્લા સ્તરના અગ્રણી અશોકભાઈ માકાણી, નરશીભાઈ માકાણી, તલાટી-મંત્રી જિગ્નેશાબેન પટેલ, અરવિંદભાઈ માકાણી, મેહુલભાઈ વાઘેલા, ઉપસરપંચ રામા રબારી, પાણી પુરવઠા સમિતિના રણછોડભાઈ અને રમણીકભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા મંડળ, યુવા મંડળ તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા મુજબ નવા પંચાયત ભવનના નિર્માણથી સ્થાનિક સ્વરાજ્યની કામગીરીને વધુ વેગ મળશે તેમજ ગામના વિકાસલક્ષી આયોજન અને અમલીકરણ માટે અસરકારક માળખું ઊભું થશે. કાર્યક્રમનું સંચાલન સરપંચ નર્મદાબેન માકાણીએ કર્યું હતું. વિકાસના આ નવા સોપાનને લઈ સમગ્ર વિસ્તારમાં આનંદ અને આશાવાદનું વાતાવરણ જોવા મળ્યું હતું.

# આભા કાર્ડ બનશે દર્દીઓની ડિજિટલ હેલ્થ ફાઈલ

**રામબાગ હોસ્પિટલમાં સારવાર, રોગ અને દવાઓની વિગતો ઓનલાઈન સંગ્રહ કરવાની શરૂઆત**

ગાંધીધામ - કચ્છઉદય : આરોગ્ય સેવાઓને વધુ આધુનિક અને પારદર્શક બનાવવા માટે આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં દર્દીઓના આરોગ્ય રેકોર્ડના ડિજિટલાઈઝેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. હવે દર્દીને કયો રોગ છે, કઈ સારવાર આપવામાં આવી છે અને દવા ક્યારે લેવાની છે જેવી મહત્વપૂર્ણ માહિતી આભા કાર્ડ સાથે જોડાશે, જેના કારણે દર્દી અને તબીબ બંનેને આરોગ્ય સંબંધિત સંપૂર્ણ વિગતો સરળતાથી ઉપલબ્ધ રહેશે.

અત્યાર સુધી દર્દીઓ સારવાર લીધા બાદ થોડા સમય પછી ફરી હોસ્પિટલમાં આવતા ત્યારે અગાઉની સારવાર કે દવાઓ અંગેની માહિતી યાદ રાખવામાં મુશ્કેલી પડતી હતી. નવી વ્યવસ્થા હેઠળ ડોક્ટર દર્દીની દરેક મુલાકાત દરમિયાન આરોગ્ય સંબંધિત વિગતો ઓનલાઈન નોંધશે. તેમાં રોગનું નિદાન, સારવારની વિગતો, દવાઓના નામ અને દવા લેવાનો સમય સહિતની માહિતીનો સમાવેશ કરવામાં આવશે.

હોસ્પિટલમાં દર્દી ટોકન મેળવી સંબંધિત વિભાગમાં તબીબને બતાવે ત્યારબાદ તેની વિગતો કોમ્પ્યુટર સિસ્ટમમાં દાખલ કરવામાં આવશે. આ માહિતી સીધી આભા કાર્ડ સાથે જોડાતા ભવિષ્યમાં જરૂરિયાત સમયે સરળતાથી મેળવી શકાશે. પરિણામે દર્દીની સારવારનો સંપૂર્ણ ઈતિહાસ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે. હાલમાં રામબાગ હોસ્પિટલના દંતરોગ વિભાગ અને લેબોરેટરી વિભાગમાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે. દંતરોગ નિષ્ણાત ડો. હરેશ મટાણી દ્વારા અત્યાર સુધીમાં ૭૦થી વધુ દર્દીઓના આરોગ્ય રેકોર્ડ ઓનલાઈન અપડેટ કરવામાં આવ્યા છે.

તબીબોના જણાવ્યા મુજબ દર્દીઓની માહિતી સંપૂર્ણપણે ગોપનીય રહેશે અને માત્ર દર્દી તથા અધિકૃત તબીબો જ તેને જોઈ શકશે. આ વ્યવસ્થાથી દર્દી અન્ય કોઈ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે જાય ત્યારે ત્યાંના તબીબોને પણ અગાઉની સારવારની વિગતો ઉપલબ્ધ થઈ શકશે, જેના કારણે નિદાન અને સારવાર વધુ અસરકારક બની શકશે. રામબાગ હોસ્પિટલમાં કુલ ૧૮ જેટલા વિભાગો કાર્યરત છે અને આગામી સમયમાં તમામ વિભાગોમાં દર્દીઓના રેકોર્ડનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે. આ પહેલ આરોગ્ય ક્ષેત્રમાં ડિજિટલ પરિવર્તન તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે.

# સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત કચ્છમાં ધાર્મિક અને જાહેર સ્થળોની સફાઈ કરાઈ






ભુજ - કચ્છઉદય : સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત આજરોજ કચ્છમાં ધાર્મિક અને જાહેર સ્થળોની સફાઈ કામગીરી કરવામાં આવી હતી. અંજાર તાલુકાના તમામ ગામોમાં ધાર્મિક સ્થળો તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાનનો તાલુકાકક્ષાનો મુખ્ય કાર્યક્રમ સંઘડ મુકામે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન ગામની ધાર્મિક જગ્યા જોગણી માતાજીનું મંદિર ખાતે સફાઈ કરવામાં આવી હતી. મંદિર પરિસર, આસપાસના જાહેર માર્ગો, ખુલ્લી જગ્યાઓ તથા કચરાના નિકાલની વ્યવસ્થાને સુનિશ્ચિત કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા જાળવવા માટે ગ્રામજનોને પ્રેરિત કર્યા હતા અને સ્વચ્છ પર્યાવરણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરાંત ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના જિલ્લા તેમજ તાલુકાના પદાધિકારીઓ માતાના મઢ તેમજ ગામના જાહેર વિસ્તારોમાં શ્રમદાન કરીને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બન્યા હતા. આ સાથે ચિત્રોડ ખાતે ત્રિકમ સાહેબ મંદિર, અબડાસા તાલુકામાં પીંગલેશ્વર મહાદેવ, દરિયા કિનારો તેમજ મંદિર પરિસર, કબરાઉ ખાતે મોગલ ધામ, ગોધરા ખાતે અંબેધામ મંદિર સહિત જિલ્લાના ધાર્મિક સ્થળોએ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

લોકોએ સ્વચ્છતા માટે શ્રમદાન કરી ગામને સ્વચ્છ અને સુંદર બનાવવાના સંકલ્પ સાથે અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાઈ અને જાહેર તથા ધાર્મિક સ્થળોને સ્વચ્છ રાખવાની જવાબદારી અંગે સકારાત્મક સંદેશ પહોંચ્યો હતો.

## ધાર્મિક સ્થળો અને જાહેર સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાયરા (યક્ષ ) ગામે શ્રમદાન કરાયું





નખત્રાણા - કચ્છઉદય : સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ઉજવાઈ રહેલા સ્વચ્છતા સપ્તાહ અભિયાન - ૨૦૨૬ ના ભાગરૂપે નખત્રાણા તાલુકાના સાયરા ગ્રામ પંચાયત ખાતે "ધાર્મિક સ્થળો, જાહેર સંસ્થાઓ અને જાહેર સ્થળોની સ્વચ્છતા" થીમ આધારિત વિશેષ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત સાયરા ગામે આવેલ ભીખુ ઋષિ આશ્રમ ખાતે સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આશ્રમ પરિસરની સફાઈ કરી સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત ગામમાં આવેલ લક્ષ્મી નારાયણ મંદિર પરિસરમાં પણ ગામની મહિલાઓ દ્વારા ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી સફાઈ કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો, મહિલાઓ તથા યુવાનો દ્વારા સ્વયં રીતે જોડાઈ સ્વચ્છતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. સ્વચ્છતા માત્ર એક અભિયાન નહીં પરંતુ દૈનિક જીવનશૈલી બને તે માટે સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સરપંચ જયંતિલાલ પટેલ, તલાટી રઘુવીરસિંહ ઝાલા, સામાજિક અગ્રણી મહિપતસિંહ જાડેજા, મૂળજીભાઈ પટેલ, લીલાવતીબેન પટેલ, ગ્રામ પંચાયત સભ્ય હરેશભાઈ મહેશ્વરી, તેમજ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) જિલ્લા આઈઈસી કન્સલ્ટન્ટ જીતુભાઈ, બ્લોક કો-ઓર્ડિનેટર શામજીભાઈ, ક્લસ્ટર કોઓર્ડિનેટર અશ્વિનભાઈ, મજીદભાઈ, જીતેન્દ્રભાઈ, રમેશભાઈ, ડિમ્પલબેન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા અંગિયામાં પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવવા માટે વર્કશોપ યોજાયો

**ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, રૂડા ફાઉન્ડેશન અને મોટા અંગિયા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે યોજાઈ કાર્યશાળા : નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું: કાપડની બેગનું વિતરણ કરાયું : બાલીકાવનમાં વૃક્ષારોપણ કરાયું**






નખત્રાણા - કચ્છઉદય : ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કચ્છ - પશ્ચિમ, રૂડા ફાઉન્ડેશન ભુજ, આર્કિઅન કંપની અને મોટા અંગિયા ગ્રામ પંચાયત અને પ્રાથમીક શાળા દ્વારા ગ્રામ પંચાયત ખાતે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો અને સિંગલ - યુઝ પ્લાસ્ટિકની પર્યાવરણીય અને આરોગ્ય અસર અંગે જાગૃતિ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાદેશિક અધિકારીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને રૂડા ફાઉન્ડેશનની ટીમ, આર્કિઅન કંપનીના પ્રતિનિધિનું ગ્રામ પંચાયત અને આગેવાનોવતી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે શાળાના આચાર્ય હરદેવસિંહ સાહેબનું પણ સન્માન કરાયું હતું.

પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું કે, આપણે "મિશન લાઈફ અંતર્ગત" આપણી લાઈફ સ્ટાઈલને એ રીતે-૭ પોઈન્ટને ધ્યાનમાં રાખીને જીવી રહ્યા હોય તો સાચા અર્થમાં પર્યાવરણ જાળવણી કરી શકીએ. બાળકો જો એમના જીવનમાં અપનાવે તો ભારતના ભાવી નાગરિક તરીકે સાચા અર્થમાં પર્યાવરણની જાળવણી કરી કહેવાય.

ઉપસરપંચ ઈકબાલભાઈએ ખૂબ સાદી ભાષામાં બાળકોને પર્યાવરણને નુકસાન કરતી બાબતો તેમજ પંચાયત દ્વારા પર્યાવરણ સંરક્ષણના થયેલ કામો અંગે માહિતી આપી હતી. રૂડા ફાઉન્ડેશનના અપેક્ષાબેને બાળકો અને મહિલાઓને પ્રશ્નોના માધ્યમથી સમજાવી અને "સોલિડ વેસ્ટ અને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમમાં બહેનો અને બાળકો પોતાની સાથે પ્લાસ્ટિક લઈને આવેલ તો, દરેકને પ્લાસ્ટિકના બદલે એક એક કાપડ બેગ આપેલ અને કાર્યશાળાનો ઉદેશ્ય હતો, "પ્લાસ્ટિક લાઓ અને થેલા મેળવો" એ સાચા અર્થમાં સાર્થક કરેલ. ગામનું પ્લાસ્ટિક યોગ્ય રીતે મેનેજ કરવામાં આવે અને બીજે ક્યાંય ન નાખી પર્યાવરણને પણ પ્લાસ્ટીકથી મુક્ત કરી ગામને સ્વચ્છ અને સ્વસ્થ બનાવી શકાય. જી.પી.સી.બી. કચ્છ-પશ્ચિમના "પર્યાવરણની જાળવણીના સ્વચ્છતા" શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સરપંચ ગોપાલભાઈ ગરવા, આચાર્ય હરદેવસિંહ, પંચાયત સદસ્ય શંકરનાથ નાથબાવા, ફાતિમાબેન, આશાવર્કર ભારતીબા, આગેવાનો, શાળા પરિવાર હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા રૂડા ફાઉન્ડેશનના અલિશાભાઈએ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


# જેઠી-જયેષ્ઠી સમાજની સમૂહ ભાગવત કથામાં ઉમટી રહી છે ભક્તોની ભીડ

ભુજ - કચ્છઉદય : જેઠી-જયેષ્ઠી સમાજના જ્ઞાતિ ટ્રસ્ટ, મહિલા મંડળ અને યુવક મંડળના સંયુક્ત આયોજન હેઠળ ભુજ ખાતે યોજાઈ રહેલી સમૂહ શ્રીમદ્ ભાગવત કથા ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું કેન્દ્ર બની છે. કથાના વક્તા શાસ્ત્રી કિરણભાઈ જોષી (રવાપર) પોતાના પ્રવચનોમાં જણાવ્યું હતું કે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ માનવજીવનને સકારાત્મક દિશા આપે છે અને આત્મકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરે છે. ભાગવત કથાથી માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે તેમજ જીવનની અનેક મુશ્કેલીઓમાંથી બહાર આવવાની શક્તિ મળે છે.

રાજપૂત સમાજવાડી ખાતે યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં ૧૯ પોથીઓની સ્થાપના કરવામાં આવી છે. મુખ્ય પોથીના યજમાન તરીકે કુસુમબેન નારાણદાસ જેઠી પરિવાર સેવા આપી રહ્યો છે, જ્યારે પુષ્કરરાય પી. જેઠી પરિવાર અને નરસિંહભાઈ દેવજીભાઈ જેઠી પરિવાર સહપોથી યજમાન તરીકે જોડાયા છે. કથાના આરંભે સિદ્ધિ વિનાયક ગણેશ મંદિરથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં સમાજજનો જોડાયા હતા. કાર્યક્રમનું દીપપ્રાગટ્ય મહંત સોનલ લાલજી મહારાજ (સરોવર જાગીર) અને સ્વામી પ્રદિપ્તાનંદ સરસ્વતીજીના હસ્તે કરવામાં આવ્યું હતું. દરરોજ સવારે અને બપોર બાદ યોજાતી કથામાં ભક્તો ઉત્સાહપૂર્વક હાજરી આપી રહ્યા છે.

કથાના પ્રસંગે શ્રીરામ જન્મોત્સવ અને શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પણ ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. ઉપરાંત સાંજના સમયે રાસ-ગરબા, ભજન સંધ્યા, ધાર્મિક વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતાં ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભુજ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં વસતા જેઠી સમાજના સભ્યો અને અન્ય ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનો લાભ લઈ રહ્યા છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા પુષ્કરભાઈ પ્રાણલાલ જેઠી, જગદીશભાઈ રાઘવજી જેઠી, રાજેશ કે. જેઠી સહિત ટ્રસ્ટના હોદ્દેદારો, મહિલા મંડળ અને યુવક મંડળના કાર્યકરો સતત સેવા આપી રહ્યા છે.



# નખત્રાણામાં નવો બનાવેલો પાણીનો ટાંકો આઠ મહિનામાં લીકેજ

**શહેરના લોકો પાયાની સુવિધા માટે વલખા મારે છે, ત્યારે નગરપાલિકાની નબળી કામગીરીએ ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધી**

નખત્રાણા - કચ્છઉદય : પાલિકા દ્વારા આશરે આઠ મહિના અગાઉ લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ પાણીનો ટાંકો પાણી ભરતા જ લીક જ થવા લાગ્યો છે. ત્યારે ટાંકો લીકેજ થવાની ઘટનાથી સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ અને આશ્ચર્યજનક ઘટના બની છે. સરકારી નાણાંમાંથી બનાવવામાં આવેલા જાહેર ઉપયોગના કામોની ગુણવત્તા અંગે આ ઘટના ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. જે પાણીનો ટાંકો વર્ષો સુધી જનતાને સેવા આપવાનો હતો તે થોડા જ મહિનામાં તૂટી જવો એ કામમાં થયેલી બેદરકારી, નબળી ગુણવત્તા અને સંભવિત ગેરરીતિઓ તરફ સીધો ઈશારો કરે છે. નખત્રાણા વિસ્તારમાં અગાઉ પણ નવા રોડ, ગટર અને અન્ય વિકાસ કામો ટૂંકા સમયમાં જ ક્ષતિગ્રસ્ત થયાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.

પ્રશ્ન એ છે કે જો કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલ કામ આટલી ઝડપથી નિષ્ફળ જાય તો તેની સામે કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ? આવા કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા, થયેલા નુકસાનની વસૂલાત કરવા તથા જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની જરૂર છે. પરંતુ તેના બદલે જવાબદારો પર મહેરબાની કેમ રાખવામાં આવે છે તે ચર્ચાનો વિષય બન્યો છે.

સ્થાનિક નાગરિકોની માંગ છે કે સમગ્ર કામની ઉચ્ચસ્તરીય તકનીકી તપાસ કરાવી દોષિતો સામે કડક પગલાં લેવામાં આવે અને જનતાના પૈસાનો દુરુપયોગ કરનારાઓને કાયદેસર સજા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# મોડા ચોમાસા અને ગરમીથી કચ્છમાં શાકભાજી મોંઘા, છૂટક બજારમાં ભાવ ત્રણ ગણા



ભુજ - કચ્છઉદય : કચ્છમાં ચોમાસું મોડું થતાં અને કાળઝાળ ગરમી યથાવત રહેતાં ભુજ એપીએમસી માર્કેટયાર્ડમાં શાકભાજીની આવક ઘટી છે અને ભાવ ઊંચકાયા છે. ભારતીય હવામાન વિભાગ મુજબ કચ્છમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ વગરનું સૂકું અને ગરમ હવામાન છે અને આગામી સાત દિવસ ભારે વરસાદની કોઈ આગાહી નથી. સ્કાયમેટના જણાવ્યા અનુસાર ચોમાસાના આગમન પહેલા સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૦૦ ટકા વરસાદની ખાધ હતી પરંતુ ચક્રવાત વાયુની અસરથી કચ્છ હવે માત્ર ૫ ટકા ખાધ પર આવી ગયું છે. તેમ છતાં માટીમાં ભેજ ઓછો હોવાથી ખેડૂતો ખરીફ વાવણીમાં ઉતાવળ કરતા નથી.

ભુજ માર્કેટયાર્ડના ૧૩ જૂનના ભાવ મુજબ રીંગણ મોટા ૩૭ રૂપિયા કિલો, કેપ્સિકમ ૭૬ થી ૭૮ રૂપિયા, ટામેટા હાઈબ્રિડ ૫૬.૫૦ થી ૫૮ રૂપિયા, ડુંગળી મોટી ગોલા ૨૮.૪૦ થી ૨૯.૨૦ રૂપિયા અને બટાકા ૪૨ થી ૫૩ રૂપિયા પ્રતિ કિલો બોલાયા. ભીંડા ક્વિન્ટલે ૩૫૦૦ થી ૫૦૦૦ એટલે કે કિલોએ ૩૫ થી ૫૦ રૂપિયા અને લીંબુ ૧૧ ટકાના વધારા સાથે ૧૩૦ રૂપિયા કિલો વેચાયું. વેપારીઓ કહે છે કે ગરમીથી પાકને નુકસાન થતાં અને જિલ્લાની અંદરથી લીલા શાકભાજીની આવક ઘટતાં ભાવ ઊંચા રહ્યા છે. બીજી તરફ ભુજના છૂટક બજારમાં પરિસ્થિતિ વધુ વિકટ છે. માર્કેટયાર્ડ કરતાં છૂટક બજારમાં વેપારીઓ બમણા કે ત્રણ ગણા ભાવ લેતા હોવાથી સામાન્ય પરિવારોનું બજેટ ખોરવાયું છે. માર્કેટયાર્ડમાં ૫૮ રૂપિયે મળતો ટામેટો છૂટકમાં ૧૨૦ થી ૧૫૦ રૂપિયા, ૩૭ રૂપિયાનું રીંગણ ૮૦ રૂપિયા અને ૭૮ રૂપિયાની કેપ્સિકમ ૧૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતી હોવાનું ગૃહિણીઓ જણાવે છે. કચ્છના અન્ય તાલુકાઓની પરિસ્થિતિ પણ આવી જ છે. ગાંધીધામ માર્કેટયાર્ડમાં ટામેટા ૫૬.૫૦ રૂપિયા, કેપ્સિકમ ૭૬ રૂપિયા અને ડુંગળી ૨૮.૪૦ રૂપિયા કિલો બોલાય છે અને છૂટકમાં પણ ભુજ જેવા જ ઊંચા ભાવ છે. રાપરમાં વરસાદની ખાધ સૌથી વધુ રહેતાં ખેડૂતો વાવણીથી દૂર રહ્યા છે અને બજારમાં બહારથી આવતી શાકભાજી પર આધાર વધ્યો છે. નખત્રાણા અને નલિયામાં તાજેતરમાં પડેલા વીજળી અને પવન સાથેના વરસાદથી વરિયાળી, એરંડા અને ઘઉંના પાકને નુકસાન થયું છે. ખેડૂતો કહે છે કે અચાનક પડતા વરસાદ અને પવને પાક નમાવી દીધા છે. નલિયામાં છેલ્લા ૨૪ કલાકમાં હળવો વરસાદ નોંધાયો છે પરંતુ તેનાથી માટીમાં ભેજ વધ્યો નથી. જો ચોમાસું વધુ વિલંબમાં પડશે તો લગ્નસરાની સિઝનમાં માગ વધતાં ભાવમાં વધુ વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગે કચ્છમાં આગામી ૨૪ કલાકમાં હળવા વરસાદ અને વીજળી સાથેની આગાહી કરી છે પરંતુ ખેડૂતોને હાલ રાહ જોવાની સલાહ આપવામાં આવી છે.

# શિક્ષકો માટે ફરજિયાત ટેટની પરીક્ષાના વિરોધમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આંદોલન કાર્યક્રમ જાહેર

ભુજ - કચ્છઉદય : ગત તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ શિક્ષક પાત્રતા કસોટી ટેટ પર સુપ્રિમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલ જેમાં ૨૦૧૦ પહેલાં નિમણૂંક પામેલ તમામ શિક્ષકોને ટેટ પરીક્ષા ફરજિયાત પાસ કરવાની રહેશે તેવો આદેશ આપવામાં આવ્યો હતો. તાજેતરમાં સુપ્રિમ કોર્ટ દ્વારા ટેટ ફરજિયાત બનાવી સેવારત શિક્ષકો માટે ૩૧ ઓગષ્ટ ૨૦૨૮ સુધી ટેટ પાસ કરવાની મુદત વધારવામાં આવી છે જે દેશભરના હજારો સેવારત શિક્ષકોની સેવા, સુરક્ષા, વ્યાવસાયિક ગૌરવ અને ભાવિ સંભાવનાઓને સીધી અસર કરે છે. આ બાબતે આગામી તા.૧૫ થી ૩૦ જૂન ૨૦૨૬ જિલ્લા કક્ષાએ ધરણાં કાર્યક્રમ કરી સંસદસભ્યો - ધારાસભ્યો તથા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે ત્યારબાદ તા.૫ થી ૨૦ જુલાઈ ૨૦૨૬ દરમ્યાન રાજ્ય કક્ષાએ ધરણાં કાર્યક્રમ કરી મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીઓને આવેદનપત્ર આપવામાં આવશે. આ સાથે રાજ્ય કક્ષાએ પ્રેસ કોન્ફરન્સ કરી જાગૃતિ અભિયાન ચલાવાશે તથા સંલગ્ન સંગઠનો સાથે બેઠકો કરી સહકાર મેળવાશે.

તા.૧ થી ૧૨ ઓગષ્ટ ૨૦૨૬ દરમ્યાન રાજ્ય સંગઠનો દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓની રાષ્ટ્રીય સમીક્ષા, કાનુની, વહીવટી અને કાયદાકીય મેળવેલ માહિતીનું મૂલ્યાંકન, સંસદના ચોમાસુ સત્ર દરમ્યાન રાષ્ટ્રવ્યાપી આંદોલનના આગામી તબક્કાની તૈયારીઓ કરવામાં આવશે.અ.ભા.પ્રા.શિ.સંઘની એક્શન કમિટી દ્વારા ઉપર મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે સાથે છ સાથે એઆઈપીટીએફની રાષ્ટ્રીય કાર્યકારિણીએ તમામ સહયોગી રાજ્યોને એકતા, દૃઢ નિશ્ચિય અને શિસ્ત સાથે કાર્ય કરવા વિનંતી કરી છે. આ મુદ્દો હજારો અનુભવી શિક્ષકોની આજીવિકા અને ગૌરવ સાથે સંબંધિત છે જેમણે જાહેર શિક્ષણને મજબૂત બનાવવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. ન્યાયી અને વ્યવહારૂ ઉકેલ મેળવવા માટે તમામ સ્તરે સામૂહિક પ્રયાસો કરવા જરૂરી છે. સૌનો સહયોગ અને સમયસર કાર્યવાહી કરવા ગુ.રા.પ્રા.શિ.સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

આ તરફ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર સુપ્રિમ કોર્ટ દ્વારા તમામ શિક્ષકોને ટેટ પાસ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. જેના કારણે ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા રાજ્યના ૭૫ હજાર અને દેશભરના ૨૫ લાખ પ્રાથમિક શિક્ષકોની નોકરી પર જોખમ તોળાઈ રહ્યું છે. આ મામલે તેમણે કેન્દ્ર સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે. ટેટ્ પરીક્ષાના વિરોધમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આપવામાં આવેલ આંદોલન કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના પ્રાથમિક શિક્ષકો પણ મોટી સંખ્યામાં જોડાઈ વિરોધ નોંધાવશે તેવું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા અને મહામંત્રી કેરણા આહિરની યાદીમાં જણાવાયું છે.

# ભારતે ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું

**૫,૦૦૦ કિમી સુધીની મિસાઇલને રોકવાની ક્ષમતા**

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારતે તાજેતરમાં પોતાની બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ ક્ષમતામાં મોટી છલાંગ લગાવી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એટલે કે ડીઆરડીઓએ એડી-૧ અને એડી-૨ ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ પૂર્ણ કર્યું છે. બંને મિસાઈલ દેશની એડવાન્સ્ડ એરડિફેન સિસ્ટમનો મહત્વનો ભાગ છે અને તે ૫,૦૦૦ કિલોમીટર સુધીની રેન્જ ધરાવતી બેલિસ્ટિક મિસાઈલને હવામાં જ નષ્ટ કરી શકે છે. આ પરીક્ષણથી ભારત હવે એવા દેશોની પસંદગીની હરોળમાં જોડાયું છે કે જેમની પાસ આઈસીબીએમ કક્ષાની મિસાઈલને રોકવાની ટેકનોલોજી ઉપલબ્ધ છે.

એડી-૧ મિસાઈલને એન્ડો-એક્સો એટમોસ્ફેરિક ઈન્ટરસેપ્ટર તરીકે વિકસાવવામાં આવી છે. એનો અર્થ એ કે તે પૃથ્વીના વાતાવરણની અંદર અને બહાર બંને જગ્યાએ દુશ્મનની મિસાઈલને શોધીને નષ્ટ કરી શકે છે. બીજી તરફ એડી-૨ મિસાઈલ એક લોંગ રેન્જ ઈન્ટરસેપ્ટર છે જે વધુ ઊંચાઈ અને વધુ દૂરથી આવતા જોખમને ટાર્ગેટ કરે છે. બંને મિસાઈલ અત્યાધુનિક રડાર, લોંગ રેન્જ સેન્સર અને ઝડપી રિએક્શન કમ્પ્યુટર સિસ્ટમથી સજ્જ છે. આખી સિસ્ટમ એટલી ઝડપી છે કે મિસાઈલ લોન્ચ થયાના થોડા જ સેકન્ડમાં તેનું લોકેશન નક્કી કરીને ઈન્ટરસેપ્ટર ફાયર કરી દે છે.

આ સફળતા ભારતની સુરક્ષા માટે એક મોટું કવચ સાબિત થશે. ખાસ કરીને ચીન અને પાકિસ્તાન જેવા પડોશી દેશો પાસે રહેલી લાંબી રેન્જની મિસાઈલ સામે આ સિસ્ટમ એક મજબૂત ઢાલ બનશે. નિષ્ણાતોના મતે મિસાઈલોનો સમાવેશથી ભારતનું બે-સ્તરીય મિસાઈલ ડિફેન્સ નેટવર્ક હવે વધુ મજબૂત અને વિશ્વસનીય બન્યું છે. સરકાર અને ડીઆરડીઓએ આ સિદ્ધિને દેશની વૈજ્ઞાનિક પ્રગતિ અને આત્મનિર્ભર ભારત અભિયાનની મોટી સફળતા ગણાવી છે.

# ટૂંક સમયમાં શરૂ થશે બીકાનેર-સાબરમતી નવી ટ્રેન સેવા






**રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ લીલી ઝંડી આપશે**

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ગુજરાત અને રાજસ્થાનના લોકોને ટૂંક સમયમાં એક નવી રેલ સેવાની ભેટ મળવા જઈ રહી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ટૂંક સમયમાં અમદાવાદ (સાબરમતી) – બીકાનેર (લાલગઢ) એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. આ નવી રેલ સેવા અમદાવાદ અને બીકાનેર વચ્ચે સીધી, ઝડપી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે. નવી એક્સપ્રેસ ટ્રેન પશ્ચિમ ભારતના બે મહત્વપૂર્ણ પ્રવાસન ક્ષેત્રોને પરસ્પર જોડશે.

હવે ગુજરાતના પ્રખ્યાત સાબરમતી રિવરફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણીની વાવ અને અમદાવાદની સમૃદ્ધ વારસાગત સંસ્કૃતિનો આનંદ માણવો હોય કે રાજસ્થાનના ભવ્ય જૂનાગઢ કિલ્લો, કરણી માતા મંદિર, લાલગઢ પેલેસ તેમજ બીકાનેરની સમૃદ્ધ સંસ્કૃતિ અને રણપ્રદેશના પર્યટનનો અનુભવ કરવો હોય, આ નવી એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને સુવિધાજનક અને સીધી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવશે. નવી ટ્રેનથી ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓ તથા રાજસ્થાનના જાલોર, બાલોતરા, જોધપુર, નાગૌર અને બીકાનેર જિલ્લાઓને લાભ મળશે. ટ્રેનના મુખ્ય સ્ટેશનોમાં સાબરમતી, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, ગોટન, મેઢતા રોડ, નાગૌર, નોખા, બીકાનેર અને લાલગઢનો સમાવેશ થાય છે.

લગભગ ૭૪૦ કિલોમીટરનું અંતર નિશ્ચિત કરનારી આ નવી એક્સપ્રેસ સેવાના પ્રારંભ થતાંની સાથે જ બીકાનેરથી અમદાવાદ વચ્ચે દૈનિક એક્સપ્રેસ રેલ સંપર્ક સ્થાપિત થશે.

આ દૈનિક ટ્રેન સેવાથી વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો, વેપારીઓ તેમજ પ્રવાસીઓ માટે વિશેષ સુવિધા પ્રાપ્ત થશે.આ ટ્રેન બંને રાજ્યોના પ્રાદેશિક વિકાસ, આર્થિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને નવી ઉર્જા પ્રદાન કરશે.

# આવતીકાલે અન્ના હજારેનો જન્મદિવસ



ભુજ - કચ્છઉદય :: સમાજસેવક અણ્ણા હજારેનો આવતીકાલે જન્મદિવસ છે. તેમનું મૂળ નામ ડૉ. કિશન બાબુરાવ હજારે છે. તેમનો જન્મ ૧૫ જૂન ૧૯૩૭ના દિવસે મહારાષ્ટ્રના ભિંગારી જિલ્લામાં થયો હતો. તેઓ બાબુરાવ હજારે અને લક્ષ્મીબાઈના સૌથી મોટા પુત્ર હતા. તેમને બે બહેનો અને ચાર ભાઈઓ છે. પાછળથી તેમણે “અન્ના” નામ અપનાવ્યું, જેનો મરાઠીમાં અર્થ “વડીલ વ્યક્તિ” અથવા “પિતા” થાય છે.અણ્ણાએ વર્ષ ૧૯૭૫માં તેમના સામાજિક જીવનની શરૂઆત કરી હતી. અણ્ણાની રાષ્ટ્રીય સ્તર પર ઓળખ વર્ષ ૧૯૯૫માં બની હતી ત્યારે તેઓ મહારાષ્ટ્રમાં શિવસેના ભાજપની યુતિ સરકારના ભ્રષ્ટ પ્રધાનોને હોવાનો આક્ષેપ કરી અને તેમને હટાવવાની માંગ સાથે ભૂખ હડતાલ પર બેઠા હતા. ૧૯૯૦ સુધી હજારેની ઓળખ એક એવા સામાજિક કાર્યકર તરીકેની રહી હતી કે જેણે અહેમદનગર જિલ્લાના રાલેગાંવ સિદ્ધિ નામના ગામની કાયાપલટ કરી હતી. પહેલા આ ગામમાં વીજળી અને પાણીની તંગી હતી. ત્યારે હજારેએ ગ્રામજનોને નહેર બનાવીને અને ગામમાં ખાડા ખોદીને વરસાદી પાણી એકઠું કરવા માટે પ્રેરિત કર્યા હતાં. તેમના કહેવા પ્રમાણે, ગામમાં ઠેર-ઠેર વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં. ગામડામાં સૌર ઊર્જા અને ગોબર ગેસ દ્વારા વીજળીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. ત્યારબાદ અણ્ણા હજારેની લોકપ્રિયતામાં વધારો થયો હતો. તેમણે ભ્રષ્ટાચાર સામે અનેકવાર ઉપવાસ આંદોલન કર્યા છે અને કેટલાક મંત્રીઓને તેમના આંદોલનને કારણે રાજીનામા આપવા પડ્યા છે. તેમણે જીવનની શરૂઆત ફુલ વેચવાના કાર્યથી કરી હતી. આ પછી ભારત ચીન યુદ્ધ થતા લશ્કરમાં જોડાવા બધાને હાકલ થતા દેશપ્રેમી અન્ના ડ્રાઈવર તરીકે લશ્કરમાં સેવા આપવા જોડાયા હતા. તે જે ટુકડીમાં હતા તેના બધા જ સૈનિકો યુદ્ધમાં માર્યા ગયા ફક્ત અન્ના જ બચ્યા હતા અને તેનાથી વ્યથિત થઈ અને તેમણે દેશ સેવાના કાર્યો બાકીની જિંદગી વ્યતિત કરવાનો નિર્ણય કર્યો હતો.

# ભારતીય સેનાનું ‘સ્વદેશીકરણ’: ગુલામીની ઓળખ સમાન બ્રિટિશ કાળના ડ્રેસ કોડમાં ફેરફાર

**ઔપચારિક કાર્યક્રમોમાં હવે ‘બંડી જેકેટ’ માન્ય; પરેડમાં તલવાર અને પાઉચ બેલ્ટની અનિવાર્યતા હટાવાઈ**

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : રાષ્ટ્રીય ભાવના અને બદલાતી સાર્વભૌમ ઓળખને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાએ તેના ડ્રેસ રેગ્યુલેશન (પોશાકના નિયમો)માં મોટો ફેરફાર કર્યો છે. સેનાએ બ્રિટિશ કાળની ગુલામીની માનસિકતા દર્શાવતી પરંપરાઓ અને વસાહતી અવશેષોને હટાવીને નવા નિયમો લાગુ કર્યા છે. આ અંતર્ગત ઔપચારિક કાર્યક્રમોમાં બંધ ગળાના ‘બંડી જેકેટ’ પહેરવાની મંજૂરી આપવામાં આવી છે, જ્યારે પરંપરાગત ‘સેરેમોનિયલ પાઉચ બેલ્ટ’ હટાવી દેવાયો છે. આ ઉપરાંત, પરેડ દરમિયાન રિવ્યુઈંગ ઓફિસર્સ (નિરિક્ષણ અધિકારીઓ) માટે તલવાર રાખવાની અનિવાર્યતા પણ નાબૂદ કરી તેને વૈકલ્પિક બનાવવામાં આવી છે.

તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ૧૭૪ પાનાના ‘આર્મી યુનિફોર્મ્સ-૨૦૨૬’ નામના નવા મેન્યુઅલમાં જાહેર કરવામાં આવ્યા છે. સેનાના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રકારનું મેન્યુઅલ છેલ્લે આઠ વર્ષ પહેલાં બહાર પાડવામાં આવ્યું હતું. મેન્યુઅલના ‘ઇન્ડિજનાઈઝેશન એન્ડ અલાઈનમેન્ટ વિથ નેશનલ ઈથોસ‘ (સ્વદેશીકરણ અને રાષ્ટ્રીય પ્રકૃતિ સાથે સુમેળ) શીર્ષક હેઠળ જણાવાયું છે કે, દેશની સાર્વભૌમ ઓળખને અનુરૂપ સેનાના ગૌરવ, કાર્યક્ષમતા અને શાશ્વત પરંપરાઓને જાળવી રાખીને વસાહતી યુગના અવશેષોને દૂર કરવા માટે આ પ્રગતિશીલ સુધારાઓ કરવામાં આવ્યા છે.

આ વ્યાપક ફેરફારોના ભાગરૂપે, સેનાએ તમામ રેન્કના જવાનો માટે ‘ડબી’ નામનો નવો શિયાળુ યુનિફોર્મ દાખલ કર્યો છે, જેમાં અંગોલા શર્ટ, બેટલ જેકેટ અને બેરેટ (ટોપી) નો સમાવેશ થાય છે. આ આદેશમાં માત્ર કપડાં જ નહીં, પરંતુ સૈનિકોના દેખાવ, ટેટૂ, બોડી પિયર્સિંગ (શરીર વીંધાવવું), હેરકટ, મૂછો અને કોસ્મેટિક્સના ઉપયોગ અંગેના ધોરણો પણ નક્કી કરવામાં આવ્યા છે.

સેનાના ઈતિહાસમાં પ્રથમ વખત સત્તાવાર ડ્રેસ કોડ તરીકે ‘બંડી જેકેટ’ પહેરવાની મંજૂરી અપાઈ છે. આ જેકેટ બંધ ગળાના કોટ તરીકે સોલિડ અને સોબર (શાલીન) રંગમાં હશે, જેને ફુલ સ્લીવ શર્ટ પર પહેરી શકાશે. મહિલા અધિકારીઓ માટે પણ ગાઈડલાઈન જાહેર કરાઈ છે, જે અંતર્ગત તેઓ સોબર કલરની સાડી અથવા કુર્તા-સલવાર અને દુપટ્ટા સાથે એક્લ-લેન્થ (ઘૂંટી સુધીના) સ્ટ્રેટ પેન્ટ પહેરી શકશે. જો કે, સ્લીવલેસ કુર્તા તેમજ પ્લાઝો અને સિગારેટ પેન્ટ જેવા કેઝ્યુઅલ વસ્ત્રો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સેનાએ મેસ ડ્રેસ નંબર ૫ અને ૬ માંથી પાઉચ બેલ્ટ હટાવી દીધો છે. જો કે, આર્મર્ડ કોર્પ્સ, મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી, આર્ટિલરી, રાઈફલ રેજિમેન્ટ્સ, મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી અને જમ્મુ-કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી જેવા ચોક્કસ વિભાગોના કર્નલ રેન્ક સુધીના અધિકારીઓ રેજિમેન્ટલ કાર્યોમાં આ બેલ્ટ પહેરી શકશે. આ ડ્રેસ સામાન્ય રીતે રાષ્ટ્રપતિ ભવન, રાજભવન અથવા વડાપ્રધાન અને સેનાધ્યક્ષોના નિવાસસ્થાને યોજાતા સત્તાવાર ભોજન સમારંભોમાં પહેરવામાં આવે છે. આ ઉપરાંત, નવા નિયમોમાં બ્રિટિશ કાળના ‘રોયલ’ જેવા પુરાણા શબ્દો પણ કાયમ માટે હટાવી દેવામાં આવ્યા છે.

એડજ્યુટન્ટ જનરલ લેફ્ટનન્ટ જનરલ વી.પી.એસ. કૌશિકે મેન્યુઅલની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું કે, આ નવી આવૃત્તિ વસાહતી યુગની પ્રથાઓ અને અણગમતી શૈલીને દૂર કરીને ભારતીય સેનાના ડ્રેસ રેગ્યુલેશનને સમકાલીન ભારતીય સંસ્કૃતિ અને લોકાચાર સાથે જોડવાનું એક મહત્વપૂર્ણ પગલું છે. ઉલ્લેખનીય છે કે, પાંચ વર્ષ પહેલાં ગુજરાતના કેવડિયા ખાતે યોજાયેલી કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સશસ્ત્ર દળોને ગુલામીની પ્રથાઓ ભૂલીને ભારતીય સિદ્ધાંતો, પ્રક્રિયાઓ અને રીત-રિવાજો અપનાવવા નિર્દેશ આપ્યો હતો, જેના ભાગરૂપે આ ફેરફાર કરાયા છે.

નવા નિયમો અનુસાર, સૈનિકો માટે ટેટૂ અને બોડી પિયર્સિંગ પર સખત પ્રતિબંધ રહેશે. યુનિફોર્મમાં કોઈપણ પ્રકારનું બ્રેસલેટ કે કડું પહેરી શકાશે નહીં, માત્ર પૂજાના દિવસે કાંડા પર પવિત્ર દોરો (નાડાછડી) બાંધવાની છૂટ રહેશે. શીખ સૈનિકો સિવાય અન્ય કોઈને ધાર્મિક પ્રતીકો પ્રદર્શિત કરવાની મંજૂરી નથી. સૈનિકો માટે મૂછોની લંબાઈ વધુમાં વધુ ૧૨ સેમી નક્કી કરાઈ છે, તેમજ યુનિફોર્મમાં પર્ફ્યુમ કે ડિઓડરન્ટ વાપરવા પર પ્રતિબંધ છે, જો કે આફ્ટર શેવ લોશન વાપરી શકાશે. મહિલા કર્મચારીઓ માટે લિપસ્ટિક, નેઈલ પોલિશ, બિંદી કે નોઝ પિન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સિંદૂર લગાવવાની મંજૂરી છે, પરંતુ તે બેરેટ કે પીક કેપ પહેર્યા પછી બહાર દેખાવું જોઈએ નહીં.

# અમેરિકા-ઈરાન શાંતિ સોદા પર સસ્પેન્સ

વોશિંગ્ટન (એજન્સી દ્વારા) : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી તણાવપૂર્ણ સ્થિતિને શાંત કરવા માટે એક મહત્વપૂર્ણ શાંતિ સોદો (મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ) તૈયાર થઈ ગયો હોવાના અહેવાલો છે, પરંતુ તેના પર અંતિમ હસ્તાક્ષરની તારીખને લઈને હજુ પણ ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આ કરારને લઈને સંબંધિત દેશો તરફથી વિરોધાભાસી નિવેદનો સામે આવી રહ્યા છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા દાવો કર્યો હતો કે, રવિવાર, ૧૪ જૂન ૨૦૨૬ના રોજ આ ઐતિહાસિક સોદા પર હસ્તાક્ષર કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સહી થયા બાદ તુરંત જ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની તમામ દેશો માટે ખુલ્લી મૂકી દેવામાં આવશે. આ યુદ્ધમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલા પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે પણ ટ્રમ્પના સૂર માં સૂર પુરાવતા જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાકમાં બંને દેશો વચ્ચે ઈલેક્ટ્રોનિક માધ્યમથી હસ્તાક્ષર થવાની પ્રબળ સંભાવના છે, જેની સાથે જ ટેકનિકલ સ્તરની વાટાઘાટોનો પ્રારંભ થશે. બીજી તરફ, ઈરાને આ ઉતાવળા દાવાઓ પર ઠંડું પાણી રેડ્યું છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા એસ્માઈલ બઘાઈએ રવિવારે જ સહી થવાની વાતને નકારી કાઢતા જણાવ્યું છે કે, રવિવારે કોઈ હસ્તાક્ષર થવાના નથી, જોકે આગામી દિવસોમાં આ સોદો પાર પડે તેવી શક્યતાઓને તેમણે નકારી પણ નથી. રાજકીય વિશ્લેષકોના મતે, અમેરિકા અને પાકિસ્તાન ભલે સોદાનો ડ્રાફ્ટ તૈયાર હોવાનો દાવો કરી રહ્યા હોય, પરંતુ ઈરાન સહી કરવાની તારીખ બાબતે અત્યંત સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યું છે.

પ્રસ્તાવિત કરારના ડ્રાફ્ટ અનુસાર, આ સોદો કોઈ અંતિમ શાંતિ કરાર નથી પરંતુ ભવિષ્યના રોડમેપ માટેનો એક સમજૂતી પત્ર છે. જો બંને દેશો આના પર સહમત થાય છે તો હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી વ્યાપારી જહાજો માટે ખોલી દેવામાં આવશે અને અમેરિકા ઈરાની બંદરો પર લાદવામાં આવેલો નૌકા પ્રતિબંધ હટાવી લેશે. પ્રતિબંધો હળવા કરીને અમેરિકા દ્વારા જપ્ત રાયેલી ઈરાનની અબજો ડોલરની સંપત્તિ મુક્ત કરવામાં આવશે તેમજ ઈરાનને તેલ નિકાસ કરવાની છૂટ મળશે. જોકે, અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સે કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે, ઈરાન કરારની શરતો મુજબ જમીન પર કામ શરૂ કરશે તે પછી જ તેને નાણાં ચૂકવવામાં આવશે. ઈરાનનો પરમાણુ કાર્યક્રમ તાત્કાલિક બંધ નહીં થાય. હસ્તાક્ષર થયા બાદ ૬૦ દિવસ સુધી આ અંગે વાટાઘાટો ચાલશે. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમનો જથ્થો સંપૂર્ણપણે નષ્ટ કરે, જ્યારે ઈરાન તે જથ્થાને માત્ર ડાયલ્યુટ કરીને પોતાની પાસે જ રાખવા માંગે છે.

ડ્રાફ્ટમાં યુદ્ધના વળતર અને મિસાઈલ કાર્યક્રમ પરની અમેરિકાની માંગણીઓ પડતી મૂકવાની વાત હોવાની ચર્ચા હતી, પરંતુ અમેરિકી વહીવટીતંત્રે આવી કોઈ પણ છૂટછાટ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. નોંધનીય છે કે ચાલુ વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા સંઘર્ષ બાદ પાકિસ્તાન આ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ અને શાંતિ સ્થાપવા માટે સતત મધ્યસ્થી કરી રહ્યું છે. જો રવિવારે આ પ્રક્રિયા સફળ રહેશે તો હોર્મુઝ સામુદ્રધુની ખુલતાની સાથે જ વૈશ્વિક તેલ બજારને મોટી રાહત મળશે, અન્યથા આગામી દિવસોમાં રાજદ્વારી ગતિવિધિઓ વધુ તેજ બને તેવી આશા છે.

# રાષ્ટ્રીય શિપિંગ બોર્ડના અધ્યક્ષ માંડવીમાં, જહાજ નિર્માણની કામગીરીથી થયા પ્રભાવીત

**માંડવીમાં બનતા જહાજો તેની કારીગરી માટે દુનિયાભરમાં પ્રખ્યાત : વહાણવટુ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો સાથે ચર્ચા કરી પ્રશ્નો સાંભળ્યા**

માંડવી - કચ્છઉદય : નેશનલ શિપિંગ બોર્ડના અધ્યક્ષ સમીરકુમાર ખરે અને સભ્યો તાજેતરમાં માંડવી શિપયાર્ડની વિસ્તાર તેમજ આ પહેલા તેઓએ જખૌ બંદર ખાતે પણ મુલાકાત લીધી હતી. આ વેળા માછીમારી વિભાગના અધિકારીઓ પણ સાથે રહ્યા હતા. માંડવી મુલાકાતનો હેતુ શિપ બિલ્ડિંગ ક્ષેત્રમાં ચાલી રહેલા વિકાસકાર્યોનું મૂલ્યાંકન તથા ભવિષ્યમાં વધુ આધુનિક અને સુરક્ષિત જહાજોના નિર્માણને પ્રોત્સાહન આપવાનો હતો. મુલાકાત દરમિયાન જ્યાં નવા જહાજોના નિર્માણની ઝડપથી ચાલી રહેલી કામગીરી નિહાળી હતી. તેમણે ચાલી રહેલી બાંધકામ પ્રક્રિયા, ટેકનિકલ સુવિધાઓ, સલામતી વ્યવસ્થાઓ તથા કાર્યની ગુણવત્તા અંગે વિગતવાર માહિતી મેળવી અને સંબંધિત ઈજનેરો તથા અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત જે જહાજો સંપૂર્ણ રીતે તૈયાર થઈ ચૂક્યા છે, તે તમામનું તેમણે સુક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું. તૈયાર થયેલા વહાણોની ડિઝાઈન, ક્ષમતા, સુરક્ષા ધોરણો અને કામગીરી અંગે શિપ ઓનર્સ તથા અધિકારીઓને વિગતવાર માહિતી આપી હતી. પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન શિપ ઓનર્સ, મરીન ઓફિસર્સ તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રક્રિયા અંગે પોતાના અનુભવ અને માહિતી રજૂ કરી હતી. અધ્યક્ષે કામગીરીની પ્રશંસા કરી અને વધુ ગુણવત્તા તથા સમયસર પૂર્ણતાને લઈને જરૂરી સૂચનો પણ આપ્યા હતા.

**નખત્રાણાના બસ સ્ટેશન ખાનગી વાહનો પાર્ક થયા**



નખત્રાણામાં આવેલા બસ સ્ટેશનમાં આમ પણ જગ્યા ઓછી છે, તેવામાં ખાનગી વાહનો બસ સ્ટેશનમાં પાર્ક થાય છે. તસવીરમાં જોઈ શકાય તેમ પવનચક્કીની ગાડી બસ સ્ટેશનની અંદર આવીને ઉભી રહી ગઈ છે. લોકોના કહેવા પ્રમાણે અવાર નવાર ખાનગી વાહનો બસ સ્ટેશનમાં પાર્ક થાય છે. કલાકો સુધી કોઈ પુછતું નથી, જેના કારણે બસોને અવર જવર કરવામાં મુશ્કેલી થાય છે. એસટી વિભાગ મૌન ધારણ કરીને બેઠું છે.

# સ્વિટ્ઝર્લેન્ડમાં ૧૪મી જૂનના ઐતિહાસિક લોકમત યોજાશે

સ્વિટ્ઝર્લેન્ડ (એજન્સી દ્વારા) : સ્વિટ્ઝર્લેન્ડમાં ૧૪મી જૂનના ઐતિહાસિક લોકમત યોજાવા જઈ રહ્યો છે જેમાં દેશની વસ્તીને ૨૦૫૦ સુધીમાં ૧૦ મિલિયન સુધી મર્યાદિત રાખવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જમણેરી સ્વિસ પીપલ્સ પાર્ટી એસવીપી દ્વારા “૧૦ મિલિયન સ્વિટ્ઝર્લેન્ડને ના” નામના સૂત્ર સાથે લાવવામાં આવેલ આ બંધારણીય સુધારો હાલ ૯.૧ મિલિયનની વસ્તી ધરાવતા દેશ માટે મોટો વળાંક સાબિત થઈ શકે છે. પ્રસ્તાવ મુજબ જો વસ્તી ૯.૫ મિલિયને પહોંચે તો સરકારે આશ્રય અને કુટુંબ પુનર્મિલન સહિતના સ્થળાંતરના નિયમો કડક કરવા પડશે. અને જો ૨૦૫૦ પહેલાં ૧૦ મિલિયનની સીમા વટળાય તો સ્વિટ્ઝર્લેન્ડે વસ્તી વધારો કરતા તમામ આંતરાષ્ટ્રીય કરારો ખતમ કરવા પડશે, જેમાં યુરોપિયન યુનિયન સાથેનો ૧૯૯૯નો મુક્ત અવર જવરનો કરાર પણ સામેલ છે. આ કરાર રદ થવાથી યુરોપિયન નાગરિકોને સ્વિટ્ઝર્લેન્ડમાં કામ અને રહેઠાણની મળતી છૂટ બંધ થઈ જશે. સતત વધતી વસ્તીને કારણે મકાનોના ભાડા, ટ્રેનની ભીડ અને આલ્પ્સ વિસ્તારમાં શહેરોનો ફેલાવો વધી રહ્યો છે. તેથી રાષ્ટ્રીય ઓળખ, પર્યાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બચાવવા મર્યાદા જરૂરી છે. બીજીબાજુ સરકાર, સંસદ અને વેપારી આગેવાનો આને “અંધાધૂંધીની પહેલ” ગણાવી રહ્યા છે. તેમની ચિંતા છે કે આ પગલાથી અર્થતંત્રને ફટકો પડશે, કુશળ વિદેશી કર્મચારીઓની અછત સર્જાશે અને યુરોપિયન યુનિયન સાથેના સંબંધો બગડશે. હોટલ, હેલ્થકેર અને નિકાસ ક્ષેત્રમાં વિદેશી સ્ટાફ પર મોટો આધાર છે, તેથી વિરોધીઓ ચેતવણી આપી રહ્યા છે કે આ નિર્ણયથી સ્વિટ્ઝર્લેન્ડ આંતરાષ્ટ્રીય સ્તરે એકલવાયું પડી શકે છે. મતદાન અત્યારે ખૂબ જ કાંટાની ટક્કરનું લાગી રહ્યું છે. એપ્રિલના સર્વેમાં તરફેણ અને વિરોધ ૪૭-૪૭ ટકા હતા, જ્યારે મેના અંતમાં થયેલા મતદાનમાં ૫૨ ટકા લોકો વિરોધમાં અને ૪૫ ટકા તરફેણમાં જોવા મળ્યા છે.

જિલ્લા સમાહર્તા શ્રી **અનિલ રાણાવસીયા**ની તત્કાળ લાલઆંખ સરાહનીય.!

# દિલ્હી આગકાંડ બાદ તંત્ર દોડતું થયું : ભુજમાં ૭ એકમો સામે તવાઈ:

# ફાયર સેફ્ટીના નિયમોના ધજાગરા : 30 એકમોને તંત્રનું અલ્ટીમેટમ

## દેશમાં ક્યાંય પણ મોટી દુર્ઘટનાઓ થાય ત્યારે જ સફાળું જાગતું કચ્છનું વહીવટી તંત્ર : માત્ર દેખાડો કે કાયમી ઉકેલ?

**જન સુરક્ષાને ધ્યાને રાખી હાથ ધરવામાં આવેલી ઝુંબેશમાં ભુજ નગરપાલિકા અને ભાડાની સંયુક્ત ટીમે આપી આખરી ચેતવણી : શહેરના 30 જેટલા જુદા જુદા પ્રીમાઈસીસમાં કરવામાં આવી તપાસ : સ્થિતિમાં સુધારો ન થાય તો સીલીંગ સહિતની કાયદાકીય કાર્યવાહીની ચીમકી**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર જનતાની સુરક્ષાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા એક મોટી સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં બિનઅધિકૃત બેઝમેન્ટ એટલે કે ભોંયરાનો વપરાશ અને ફાયર સેફ્ટીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા તત્વો સામે ભુજ નગરપાલિકાના ફાયર વિભાગ તેમજ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ (ભાડા)ના અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા આકસ્મિક સ્થળ તપાસ કરવામાં આવી રહી છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર ભુજ શહેરમાં ૩૦ જેટલા પ્રીમાઈસીસની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી સાત સ્થળો પર નિયમોનું ઉલ્લંઘન સામે આવ્યું હતું. જોકે, આ પ્રકારની કડક તપાસ પાછળનો ભૂતકાળ જોતાં જનતામાં એ સવાલ જરૂર ચર્ચાઈ રહ્યો છે કે આ કામગીરી માત્ર થોડા દિવસોનો જ ચમકારો છે કે પછી કાયમી અમલવારી? દેશમાં જ્યારે પણ કોઈ આગ કે અન્ય કોઈ મોટી દુર્ઘટના બને છે, ત્યારે કચ્છ જિલ્લાનું તંત્ર થોડા દિવસો માટે તપાસ માટે મેદાને ઉતરી પડે છે અને થોડા દિવસો સુધી કડક કાર્યવાહીના નાટક બાદ ફરી પાછી રાબેતા મુજબની સ્થિતિ થઈ જતી હોય છે, તેવો જ ઘાટ આ વખતે પણ સર્જાય તેવી પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે.

અધિકારીઓની આ આકસ્મિક તપાસ દરમિયાન મુખ્યત્વે અત્યંત ગંભીર બેદરકારીઓ સામે આવી હતી, જે માનવ જિંદગીઓ સાથે સીધા ચેડાં સમાન છે. જીડીસીઆર ના નિયમો અને મંજૂર થયેલા પ્લાનની વિરુદ્ધ જઈને ભોંયરાનો વાણિજ્યિક કે અન્ય ગેરકાયદેસર હેતુ માટે ધમધમતો ઉપયોગ કરતા અનેક એકમો મળી આવ્યા હતા. એટલું જ નહીં, જાહેર જનતાની સુરક્ષા સામે ગંભીર જોખમ ઊભું થાય તે રીતે, કોઈપણ પ્રકારની પ્રાથમિક કે ફરજિયાત ફાયર ફાઈટિંગ સિસ્ટમ ગોઠવ્યા વિના આ જોખમી એકમો બેખોફ રીતે ચાલી રહ્યા હતા. સૌથી વધુ આઘાતજનક બાબત એ સામે આવી કે, આકસ્મિક આગ કે અન્ય હોનારત સમયે માનવજીવ બચાવવા માટે સૌથી અનિવાર્ય એવી ઈમર્જન્સી એક્ઝિટની કોઈ જ સુવિધા ન રાખનારા અથવા તો આ કટોકટીના રસ્તા પર જ આડેધડ સામાન ભરીને તેને સંપૂર્ણપણે બ્લોક કરી દેનારા ૭ જેટલા વેપારી એકમો આ ચકાસણી દરમિયાન આબાદ ઝડપાઈ ગયા હતા.

આ ગંભીર લાપરવાહી સામે સંયુક્ત ટીમ દ્વારા સ્થળ પરના એકમોના સંચાલકો અને માલિકોને કાયદેસરના જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે કડક આદેશ કરાયો છે. આ સાથે જ, નિયમોનું આ ઘોર ઉલ્લંઘન તાકીદે બંધ કરવા માટે સ્થળ પર જ આખરી ચેતવણી આપવામાં આવી છે. તંત્ર દ્વારા એવા સંકેતો આપવામાં આવ્યા છે કે જો આગામી દિવસોમાં આ ક્ષતિઓ સુધારવામાં નહીં આવે, તો સીલિંગ સહિતની કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ હવે જોવાનું એ રહે છે કે, ભૂતકાળની જેમ આ વખતે પણ તંત્ર 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા' જેવી નીતિ અપનાવીને થોડા દિવસોમાં શાંત પડી જશે, કે પછી આ જોખમી એકમો સામે ખરેખર કોઈ દાખલારૂપ અને સીલિંગ જેવી કડક આખરી કાર્યવાહી કરીને ભુજની જનતાને સુરક્ષાનો સાચો અહેસાસ કરાવશે.

## કચ્છઉદયના અહેવાલે તંત્રને દોડતું કર્યું




**દિલ્હીની હોસ્પિટલમાં ભયાવહ આગકાંડમાં ૨૧ નિર્દોષ લોકો ભડથું થઈ ગયાની ઘટના બાદ ત્વરિત જ આ પ્લેટફોર્મ પરથી તા.૦૬-૦૬-૨૦૨૬ના પાના...ન.૭ પર...કચ્છ કલેકટરશ્રી તવાઈ બોલાવે, હોસ્પિટલો, રેસ્ટોરેન્ટ, હોટલોમાં ફાયર સેફ્ટી ઓડીટ કેમ ન આદરે, દિલ્હી ઘટનાથી મેળવે બોધપાઠનો ધાર દાર અહેવાલ રજુ કરવામા આવ્યો હતો જે બાદ ત્વરિત ધોરણે ટીમો બનાવી અને જિલ્લાભરમાં ઠેર ઠેરતપાસ હાથ ધરવામા આવી હતી.**

# સાબાસ છે પૂર્વ કચ્છ એલસીબીને : પુના-રામાની 'બકરી ડબ્બામાં પૂંછડી બહાર'ની કરી સ્થિતિ

## ફરાર આરોપીઓ સામે પાસા-તડીપાર જેવા કડક પગલાં

હાલમાં આ ગુનામાં ફરાર થઈ ગયેલા મુખ્ય સૂત્રધાર પુના અને રામા સહિત તેમના આશરે ૧૨ જેટલા સાગરીતોને વહેલામાં વહેલી તકે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. લોકમુખે ચર્ચાતી લોકમાંગ મુજબ, આ અસામાજિક તત્વો ફરી ક્યારેય માથું ન ઊંચકે તે માટે તેમની ધરપકડ કરી, તેમની સામે 'પાસા' (PASA) તેમજ તડીપાર (હદપાર) જેવી કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

## પુના-રામાના અડ્ડા કયા મહિલા અધિકારીની રહેમનજરે ગોઠવાયા? એસપી શ્રી તપાસ કરાવે

**કેરા-ગજોડના બદલે હવે દૂધઈ પટ્ટો બન્યો બેનામી ધંધાનું એપીસેન્ટર : પશ્ચિમ કચ્છમાં પુના-રામાના દારૂના મોટા નેટવર્ક પર એસએમસી સહિતની તવાઈ ત્રાટકી હોવાથી પર્વમાં સામ્રાજ્ય ગોઠવવા ગયા પણ એલસીબીની સજાગતાથી ઝપટે ચડીગયા**

ભુજ/અંજાર :પૂર્વ કચ્છ પોલીસ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી કડક કાર્યવાહી વચ્ચે એક ચોંકાવનારો ગણગણાટ વહેતો થયો છે. અત્યાર સુધી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કેરા અને ગજોડ પંથક ચર્ચામાં રહેતો હતો, પરંતુ હવે તેના બદલે દૂધઈ પટ્ટો બેનામી ધંધાઓનું નવું એપીસેન્ટર (મુખ્ય કેન્દ્ર) બની ગયો હોવાની વિગતો સપાટી પર આવી રહી છે. સ્થાનિક સ્તરે ચર્ચાતી વિગતો મુજબ, કુખ્યાત તત્વો પુના અને રામાએ કેરા પંથક છોડીને દૂધઈ પટ્ટામાં પોતાના કાળા કારોબારના અડ્ડા જમાવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે સૌથી મોટો સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, આખરે કયા મહિલા અધિકારીની મહેરબાની અથવા રહેમનજર હેઠળ આ શખ્સો દૂધઈ પટ્ટામાં પોતાના અડ્ડા ગોઠવવામાં સફળ રહ્યા? પૂર્વ કચ્છ એલસીબીએ આ તત્વો સામે કરોડોનો મુદ્દામાલ પકડીને સરાહનીય પ્રશંસનીય કામગીરી કરી છે, ત્યારે હવે પૂર્વ કચ્છ પોલીસ વડા (SP) સાગર બાગમાર આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરાવે તે અત્યંત જરૂરી બન્યું છે.

ખાખીને ડાઘ લગાડતા અને ગુનેગારોને કથિત પીઠબળ પૂરું પાડતા આવા જવાબદારો સામે જો એસપી શ્રી કડક તપાસ કરાવશે, તો દૂધઈ પટ્ટામાં ચાલતી બેનામી પ્રવૃત્તિઓ અને તેની પાછળ રહેલા આકાઓનો અસલી ચહેરો જનતા સામે આવી જશે.

## અંજારમાં પ્રીઆઈ હકુમતસિંહ જાડેજાની કડક ધાક ની અસર : પુના-રામાનો દારૂ દુધઈ પટ્ટામાં પડકાવવો ઉત્તમ દાખલો

અંજાર: અંજાર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ હકુમતસિંહ જાડેજાએ કાયદો અને વ્યવસ્થા હાથમાં લેનારા તત્વો સામે પોતાની આગવી શૈલીમાં લાલ આંખ કરી છે. પીઆઈ જાડેજાની આક્રમક કાર્યવાહીના કારણે અંજાર વિસ્તારમાં ગેરકાયદેસર અને બેનામી ધંધા કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અંજાર અને તેની આસપાસના વિસ્તારોમાંથી ગાંજો, ચરસ, દેશી દારૂ તેમજ ભારતીય બનાવટના વિદેશી દારૂના ધંધાર્થીઓ હવે અંજાર છોડીને અન્યત્ર સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે, જ્યારે મોટાભાગના રીઢા ગુનેગારો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ખાસ કરીને અંજાર વિસ્તારમાં માથું ઊંચકનારા કેબલ ચોરો સામે પીઆઈ જાડેજાએ જે કડક કાયદાકીય ધોકો પછાડ્યો છે, તેની સ્થાનિક જનતામાં ભારે પ્રશંસા થઈ રહી છે. અગાઉ કુખ્યાત બુટલેગરો અંજાર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વાડી વિસ્તારોમાં મોટા પાયે વિદેશી દારૂનું કટિંગ કરતા હતા અને દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હતી. પરંતુ પીઆઈ જાડેજાએ ચાર્જ લેતા જ ગુનેગારો સામે કાયદાનો સકંજો એવો કસ્યો કે રીઢા બુટલેગરોને અંજારમાંથી પોતાના અડ્ડા બદલવાની ફરજ પડી હતી. આ કડક કાર્યવાહીનું શ્રેષ્ઠ ઉદાહરણ તાજેતરમાં જ જોવા મળ્યું છે, જેમાં કુખ્યાત બુટલેગર પુના ભરવાડને અંજાર પીઆઈ જાડેજાની કડક એક્શનના કારણે જ પોતાનું ચોક્કસ સેન્ટર અને સ્થળ બદલવાની નોબત આવી હતી. અંજારમાં કાયદાનો કોરડો વીંઝાતા પુના ભરવાડને આ વિસ્તાર છોડીને દુધઈ પોલીસ સ્ટેશન વિસ્તાર તરફ ભાગવું પડ્યું હતું. અંજારમાંથી સ્થળ બદલાવીને અન્યત્ર જતા જ તેનું કોઈ ગોઠવણ કે સેટિંગ ન ફાવતા આખરે દુધઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તેનો એક કરોડની આજુબાજુની કિંમતનો વિદેશી દારૂનો મોટો મુદ્દામાલ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આ ઘટના જ સાબિત કરે છે કે પીઆઈ જાડેજાની કડક ધાકને કારણે ગુનેગારો માટે અંજારની ધરતી પર પગ મૂકવો પણ અશક્ય બન્યો છે. અંજાર પીઆઈ શ્રી હકુમતસિંહ જાડેજાની સતત વોચ અને કડક અમલવારીના કારણે સમગ્ર અંજાર પંથકમાં હવે દેશી કે વિદેશી દારૂ મળવો મુશ્કેલ જ નહીં પણ અશક્ય બની ગયો છે. પોલીસની આ સરાહનીય ધાકના પગલે અસામાજિક તત્વો રીતસર ધ્રુજી ઉઠ્યા છે અને અંજારમાં કાયદાનું શાસન વધુ મજબૂત બન્યું છે.

## અંજારમાં પીઆઇ જાડેજાની કડકાઇથી અંજાર આસપાસ ખેડોઇ સહિતના પટ્ટા માંથી બુટલેગરો ઊતર્યા ભૂગભૉમાં અથવા સ્થળ બદલવાની સ્થિતિ આવી તો બીજી તરફ એલસીબીના પીઆઇની ટીમ પુના-રામા જેવાની ગોઠવણી પર ફેરવી દીધું પાણી

## કુખ્યાત પુના ભરવાડના નેટવર્ક પર પૂર્વ કચ્છ એલસીબીની તવાઈ



ગાંધીધામ : પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા દુધઈ પોલીસ મથક વિસ્તારના ટપ્પર ગામની સીમમાં આવેલી એક વાડીમાં દરોડો પાડી પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવ્યો છે. કાર્યવાહીમાં રૂ. ૭૯.૫૨ લાખનો પ્રતિબંધિત વિદેશી દારૂ તેમજ વાહનો સહિત કુલ રૂ. ૧.૦૪ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.આ કેસમાં પોલીસે પુના ભાણાભાઈ ભરવાડ, રામા વજાભાઈ ભરવાડ, યુનુશ ઉર્ફે યુનીસ ઉર્ફે ઈનુશ ફકીરમામદ મીર, વાલજી ઉર્ફે વાલો ભીખાભાઈ દેસાઈ (રબારી), મેરૂભા ઉદેસંગ વાઘેલા અને અરજણ હીરાભાઈ હેઠવાડીયા સહિત કુલ ૧૨ આરોપીઓને નામજોગ કર્યા છે.આ ઉપરાંત ટેક્ટર નં. GJ-12-BV-9881ના ચાલક-માલિક, હાઈવા ડમ્પર નં. GJ-12-AT-9880ના ચાલક-માલિક, નંબર વગરની મહિન્દ્રા બોલેરો કેમ્પર ગાડીના ચાલક-માલિક, હીરો સ્પ્લેન્ડર પ્લસ નં. GJ-12-EK-0408ના ચાલક-માલિક, રેઈડ દરમિયાન અંધારાનો લાભ લઈ ફરાર થયેલા અજાણ્યા શખ્સો તેમજ દારૂનો જથ્થો ભરી મોકલનાર વ્યક્તિઓને પણ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.LCBના PI જે.એમ. વાળા, PSI ડી.જી. પટેલ અને તેમની ટીમે બાતમીના આધારે દરોડો પાડી આ કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર મામલે દુધઈ પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ગાંધીધામ - કચ્છ ઉદય : પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના સીધા માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પીઆઈ અને તેમની ટીમે એક કડક અને ઐતિહાસિક ઓપરેશન પાર પાડીને સ્થાનિક સ્તરે મોટો ઈતિહાસ રચ્યો છે. અત્યાર સુધી જે તત્વો સામે કાયદાકીય હાથ નાખતા પણ જવાબદારો અચકાતા હતા, તેવા કુખ્યાત બુટલેગરો સામે પોલીસે સપાટો બોલાવ્યો છે.

અત્યાર સુધી 'પુના રામાની બકરી ડબ્બામાં ને પૂંછડી બહાર' જેવી સ્થિતિ ભોગવતા અને કાયદાના સકંજાથી દૂર ભાગતા પુના અને રામા નામના તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. જો આ તત્વોના ભૂતકાળની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો દારૂની હેરાફેરી સહિતના અનેક ગુનાઓનું મોટું લિસ્ટ બહાર આવી શકે તેમ છે. અગાઉ જેમનું નામ લેવામાં પણ ભલભલા કાયદાના રક્ષકો પાછીપાની કરતા હતા, તેમની સામે પૂર્વ કચ્છ એલસીબીએ સીધું નિશાન સાધીને આશરે કરોડો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ પકડી પાડી, તેમના વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ કરીને એક મોટી સફળતા મેળવી છે.

## ગાંધીધામમાં હનીટ્રેપ જેવો કિસ્સો ઇન્સ્ટાગ્રામ પર અશ્લીલ વીડિયો અપલોડ કરી ૨૦ વર્ષીય યુવતીને બ્લેકમેઇલ કરતી ગેંગ સામે કાયદાનો સિંકજો

ગાંધીધામ : ઈન્સ્ટાગ્રામ પર યુવતીનું ફેક આઈડી બનાવી ફોટો-વીડિયો અપલોડ કરી બ્લેકમેઈલિંગ તથા રૂ. ૧,૨૨,૭૦૦/- ની તોડબાજી કરનાર આરોપી પ્રિયાંશુ રાજેન્દ્રસીંગ તથા તપાસમાં ખુલવા પાત્ર અન્ય આરોપીઓ (અટક કરવાના બાકી, તપાસ ચાલુમાં).ઈસમો સામે ગાંધીધામ એ ડીવીઝન પોલીસ મથકે ગુનો દાખલ ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોશિયલ મીડિયાના માધ્યમથી એક ૨૦ વર્ષીય ભોગ બનનાર યુવતીને બ્લેકમેઈલ કરી નાણાં પડાવવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૪ ના ડિસેમ્બર મહિનાથી શરૂ કરીને તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રે અગિયાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફરિયાદી યુવતીના નામનું એક ખોટું (ફેક) આઈ.ડી. બનાવ્યું હતું. આ ફેક આઈ.ડી. પર આરોપીઓએ ફરિયાદી યુવતીના ફોટા તથા અશ્લીલ (ન્યુડ) વીડિયો અપલોડ કરી દીધા હતા. ત્યારબાદ આ અશ્લીલ સામગ્રીનો દુરુપયોગ કરીને આરોપીઓએ ફરિયાદી યુવતી પાસે થી બળજબરીપૂર્વક કટકે-કટકે કુલ રૂ. ૧,૨૨,૭૦૦/- (અંકે રૂપિયા એક લાખ બાવીસ હજાર સાતસો પુરા) કઢાવી લીધા હતા. નાણાં પડાવ્યા બાદ પણ આરોપીઓની લાલચ સંતોષાઈ ન હતી અને તેઓએ ફરિયાદી યુવતી પાસે વધુ પૈસાની માંગણી ચાલુ રાખી હતી. જોકે, યુવતીએ વધુ પૈસા આપવાની સ્પષ્ટ ના પાડી દેતા આરોપીઓએ તેને સોશિયલ મીડિયા પર વધુ બદનામ કરવાની અને બ્લેકમેઈલ કરવાની ધમકીઓ આપી ગુનો આચર્યો હતો. આ બ્લેકમેઈલિંગ અને માનસિક ત્રાસ સામે આખરે ભોગ બનનારે હિંમત દાખવી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ સમગ્ર મામલે ભોગ બનનારની ફરિયાદના આધારે ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આરોપી પ્રિયાંશુ રાજેન્દ્રસીંગ (મોબાઈલ નંબરઃ ૮૧૯૯૦ ૯૦૦૦૭, ૭૦૪૨૪૮૮૦૦૭) તથા તપાસમાં ખુલવા પાત્ર અન્ય આરોપીઓ વિરુદ્ધ ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૯૩૦૦૬૨૬૦૭૨૪/ ૨૦૨૬ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૫૧(૧), ૩૫૬, ૩૦૮(૨) તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ડી), ૬૭(એ) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ફરિયાદ તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રે ૨૦:૨૦ વાગ્યે દાખલ કરવામાં આવી છે અને હાલમાં કેસની આગળની તપાસ પો.ઈન્સ. એમ.જે.રાઠોડ તથા યુ.એચ.સી. દેવજીભાઈ ધર્માભાઈ ગામેતી દ્વારા ચલાવવામાં આવી રહી છે. પોલીસ દ્વારા ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ગાંધીધામ સદગુરુ કાંટા પાસે ટ્રક-બાઈક અકસ્માતમાં બાઈકચાલકનું મોત, એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત






ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સદગુરુ કાંટા નજીક ટ્રક અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બાઈકચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્ત યુવકને વધુ સારવાર માટે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મૃતકની ઓળખ હાલ સુધી થઈ નથી. પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.